॥ श्री हरिः ॥

श्री सुदाममाहात्म्य.

શાહ મોતીચંદ કપૂરચંદ ગાંધી,

પોરબંદર. (શ્રીસુદામાપુરી).

(ન્યોછાવર ૦-૧૨-૦ પાછળથી રૂા. ૧).

॥ श्री हरिः ॥

श्री सुदाममाहात्म्य.

સુધારા વધારા સાથે

श्रीकेदारेश्वर माहात्म्य, चतुश्लोकी भागवत तथा
सप्तश्लोकी गीता, इत्यादि सहित.

છપાવી પ્રકટ કરનાર
શાહ મોતીચંદ કપૂરચંદ ગાંધી,
પોરબંદર. (શ્રીસુદામાપૂરી).

આવૃતિ ચોથી. પ્રત ૧૦૦૦.

સંવત્ ૧૯૬૯. સન ૧૯૧૩.

(ન્યોછાવર ૦-૧૨-૦ પાછળથી રૂા. ૧).

અમદાવાદ—યુનાઇટેડ પ્રિન્ટિંગ એન્ડ જનરલ
એજન્સિ કંપની લીમીટેડ પ્રેસમા
મેનેજર જેશીંગભાઇ તલકચંદ શાહે છાપ્યું.

॥ श्री हरि ॥

અનુક્રમણિકા.

ગીતિ.

તે છે દીન દયાળૂ નગરી જેણે રચી સુદામાની;
શ્રી કૃષ્ણ મૂર્તિ ભજરે, તજરે સંસાર તું સદા માની.

શ્રીહરિઃ

ગોંડલ તા. ૨૦-૧૧-૧૨

શા. મોતીચંદ કપુરચંદ ગાંધી,

લખવા વિનંતી કે આપના તરફથી મળેલ "શ્રી ધર્મ સંવાદ" નું લઘુ પુસ્તક વાંચતાં પૂર્ણ સંતોષ થએલ છે, અને તેમાં ખાસ કરીને સ્ત્રીઓના સતીત્વની મહત્તાનું બહુજ સારી રીતે શ્લોકો સાથે અસરકારક વર્ણન આપવામાં આવેલ છે. આવાં પુસ્તકો સ્ત્રી વર્ગને બહુજ ઉપયોગી થાય છે વળી માંડવ્ય રૂષીની હકીકતથી "કરણી તેવી પાર ઉતરણી" કહેવતનો દ્રસ્યમાન દાખલો નજરે પડે છે. અને જન સમાજ ઉપર બહુ સારી અસર કરે તેવું વર્ણન આપવામાં આવેલ છે.

આપના તરફથી નીકળતાં આવાં ધર્મ અને નીતિનાં પુસ્તકો માટે આપને ખરેખર ધન્યવાદ છે. કારણ કે આપ જ્ઞાનનું દાન કરો છો, અને તે દાન સર્વ દાન કરતાં ઉત્તમ ગણાય છે.

વળી ચાંડાલના સંવાદમાં પણ વર્ણાશ્રમ ધર્મનું યથોચિત જ્ઞાન આપવા જે મહેનત લીધી છે, તે પણ બહુ ઉપયોગી નીવડે તેમ છે.

શ્રી સુદામા માહાત્મ્યના ઉમેરાથી સારા ભક્તનાં લક્ષણ અને સાચી મિત્રતાનો બદલો તરત જણાઇ આવે છે.

હું જ્યારે અલ્હાબાદનું પ્રદર્શન જોવા જતો હતો ત્યારે મારી સાથેના ઉતારૂઓએ મને પુછયું કે કયાંથી આવો છો? ત્યારે મેં કહ્યું કે સુદામાપુરીથી. અને મેં જ્યારે જમવા માટે સુદામાપુરીથી લીધેલ નાસ્તો કાઢયો ત્યારે તેઓએ કહ્યું કે અમને પણ સુદામાપુરીની પ્રસાદી આપો. તે આપ્યા પછી કહ્યું કે તમે બહુ નશીબદાર કે સુદામાપુરી જેવી પવિત્ર ભૂમિમાં રહો છો.

આ પુસ્તકની ત્રણ આવૃત્તિ એકદમ ખપી ગઇ અને ચોથી છપાવવાનો વખત આવ્યો તેથીજ તેનું ઉપયોગીપણું સાબીત થાય છે.

લી. સેવક

મોતીલાલ જેઠાલાલ.

ટ્રાવેલીંગ ઇન્સ્પેક્ટર ઑફ એકાઉન્ટસ.

ગોંડલ પોરબંદર સ્ટેટ રેલવે.

અગાઉથી આશ્રય આપનાર શ્રીમાનોનાં નામ.

૨૦૦) શ્રીપોરબંદર સ્ટેટ
૧૫) શ્રીઇશ્વરના લાલ તરફથી
૧૫) શેઠ લાધાભાઈ ભાણજી
૧૧) પુષકેણા મોરજી ભીમજી
૧૧) શેઠ આણંદજી લાધાભાઈ
૧૧) શેઠ નેમીદાસ કલ્યાણજી
૧૧) સોની મુલજી હરિનાં ધર્મપત્ની રંભાબાઇ
૧૧) શેઠ જમનાદાસ ગીરધરદાસ
૧૦) શેઠ વીરજી કહાનજી
૧૦) શેઠ પ્રાગજી વંદ્રાવન
૧૦) શેઠ જેઠાભાઈ ગોવિંદજી
૭) શ્રીભગવાનદાસ વિ. રણછોડ
૯) શ્રીજૈન સંપ્રદાયનો એક ગ્રહસ્થ
૫) પં. લાલજી વીરજીની વિધવા મુરીબાઇ
૫) શ્રીહરિનાં લાલ
૫) શેઠ સુંદરજી પ્રેમજી
૪) વૈકુંઠવાશી ત્રીર્થરૂપ કપુરચંદ દયાળજી ગાંધી
તથા માતુશ્રી કસ્તુરબાઈ

૧) શ્રીયુત અમ્રતલાલ
૧) શ્રીસત્યનારાયણ પુત્ર લીલા માહારાજ
૩) એક શ્રાવક ગ્રહસ્થ
૨) મી. મઘા લાલા મ. નાં મીશનરી
૨) શ્રીયુત અમ્રતલાલ વૈકુંઠ
૧) વાઊાલા મિત્ર જીવરાજ હરિદાસ
૧) ભાઈ મનમોહનદાસ કપુરચંદ
૧) શ્રીયુત ડી. કે વૈષ્ણવ
૧) પં. પુરશોતમ ઝવેરચદ
૧) સ્વર્ગવાશી બેહન હેમકુવર
૧) શેઠ દુવારકાદાસ મોહનજી
૧) સોની જમનાદાસ લીલાધર
૧) રા. ભાઇશંકર રૂગનાથજી
૧) મી. રામજી લીરા રાજકોટ
૧) રા. અર્ધચંદ્ર નારાયણ
૧) રા કીકાભાઈ વૈકુંઠરામ
૧) પિન્ટર માલદેવ રાણા
૧) ફોટોગ્રાફર જીવણદાસ દામોદર
૧) ઠા. દયાલ આણુંદજી કંદોઇ
૧) સોની ઘેલા મુળજી મુંબઈ

૧) વરજીવનદાસ મોતીચંદ હ. ગાંધી
૧) રા. પીતાંબર માણેકલાલ
૧) રા. છબીલદાસભાઈ
૧) શેઠ હરિલાલ નેમીદાસ
૧) શેઠ હંસરાજ હેમરાજ
૧) ભટ હરીશંકર વાલજી
૧) શા. દેવીદાસ તલકચંદ માંગરોલ.
૧) પીતાંબર માણેકચંદ

શાર્દૂલ.

આધારે રહી છે ધરા અધર આ આકાશ આચ્છાદને,
વાયુ વારિદને રવિશશિ સ્રજ્યા શાક્ષાત નિરંજને;
શાક્ષી થૈ સચરાચરે રમી રહ્યા આનંદ રૂપિ અહો,
એવા શ્રી જગદીશની દિન નિશા આશિષ શિર્ષે રહો.

॥ શ્રી હરિ ॥

જાહેર ખબર.

અમારા તરફથી બાહેર પડનાર પુસ્તકો.

૧ શ્રી સુદામા માહાત્મ્ય તથા કેદારેશ્વર મહાત્મ્ય અને અસમાપ્તી મહીના તથા શ્રી સુદામાજીનું જીવન વ્રતાંત, જેની પાગઠી આવૃત્તિ હિંદુસ્તાની ભાષામાં છપાઈ બહાર પડશે. જે પુસ્તક અતિ સુંદર અને જેમા ગુરૂ ભકિત અને મિત્રોની શુ ફરજો છે તેનો ભરપુર ચીતાર આપવામા આવેલો છે તેવું પુસ્તક સદ્‌ગૃહસ્થો તેમજ રાજા રજવાડાઓને ભેટ કરવા લાયકછે. વળી જેનો વિદ્યાદાન દેવામા પણ સમાવેશ થાય છે. તે પુસ્તક ખરીદ કરવા જેમની ઇચ્છા હોએ તેવા સજ્જનોએ અગાઉથી નીચેના સરનામે લખી નામ નોધાવવા. ન્યોછાવર અગાઉથી રૂ. ાા પાછળથી રૂ. ૧.

૨

શ્રી રામ સુબોધ રત્નમાળા, ન્યોછાવર રૂ. ાા

૩

જીવન સાફલ્ય પારશમણિથી કે વોશ મણીથી ન્યોછાવર રૂ ૧.

૪

શ્રી પ્રભુજીવન ચરિત્ર. ન્યોછાવર રૂ. ૧.

મોતીચંદ કપુરચદ ગાંધી.

પોરબંદર

પહેલી આવૃત્તિની

પ્રસ્તાવના.

કોઇ પણ માનુષી જીવન, એવી રીતે તો નહીંજ વિરામ્યું હોય કે જેની કોઇ એક પળમાં આત્મિક વિચારની એકાદ ઉર્મી પણ નજ ઉછળી હોય.

સામાન્યતાના નિયમપર જતાં પણ સ્પષ્ટ ખુલ્લી આવે છે કે, ક્ષુદ્ર–કેવળ ક્ષુદ્ર માનુષી હૃદય, એ પણ એવા વિચારો પાકવાની ભૂમિ તો છેજ, અને સ્થૂળ દેહની હયાતીમાં કોઇ પણ એક વખતની મોસમે સ્વાભાવિક તે અંકુરિત થાય છેજ, પછી જન્મતાંજ નાશ કે મહદ્ વૃદ્ધિ એ તો સ્વસંસ્કારાનુસાર, એવા ઉદ્ભવેલા વિચારાંકુરની અભિવૃદ્ધિ એ એવાંજ પુસ્તકોનાં અધ્યયનરૂપ જળસિંચન ઉપર આધાર રાખે છે.

વર્ણનવસ્તુ, વસ્તુસંકલના, કે ભાષાહલક ભલે વિશેષ પાણીવાળાં ન હોય, તોપણ જે બીનામાંથી સામાન્ય ધર્મનું ભલે એકાદ પણ અચ્છું સૂત્ર પ્રકાશતું હોય, જેમાંથી ચક્ષુને અલૌકિકતા ઉપર માત્ર દૃષ્ટિ

કરવા જેટલો પણ અવકાશ મળતો હોય, અને જેમાંથી આત્મિક વિચાર કાંઈક પણ ઉત્તેજીત થવા સરખું હોય, તો તેવાં પુસ્તકોનું પ્રયોજન નિષ્પ્રયોજન નથી; કિન્તુ પ્રાયશઃ પ્રશંસનીય છે મારા આવા વિચારોનું એ પરિણામ આવ્યું કે,—

શ્રીકૃષ્ણ પરમાત્માના સખા અને સખા તરીકેની અનન્ય ભક્તિથી શાસ્ત્રો દ્વારા જેના જીવનનો પ્રકાશ આર્યોના હૃદયમાં પ્રકાશિત છે, એવા શ્રી સુદામાજીના જીવનવૃત્તાતની તથા શ્રી કેદારેશ્વર માહાત્મ્યની નોધ, સ્કંદપુરાણની એક અતિ પુરાણી હસ્તલિખિત પ્રતમાથી મળી આવતા, તેને એક નાનકડા પુસ્તકરૂપે પ્રસિદ્ધિમાં લાવવાની મારી જીજ્ઞાસા થઈ.

ફક્ત એક ભાગ તરીકે જે મોટાં પુસ્તકોમાં આ વૃત્તાંત પ્રસિદ્ધ થયેલું છે. તેને છૂટું પાડવાની વધુ જરૂર જણાતા, તેનું ભાષાતર કરાવવામા આવ્યું છે તેમજ થોડા ઉપયુક્ત વિષયો પણ સંગ્રહ કરવાયોગ્ય હોવાથી, તેનો પણ સાથે સાથે સમાવેશ કરવામાં આવ્યો છે; એવું ઇચ્છીને કે,—

ભક્તિના આવાં સર્વોત્તમ દૃષ્ટાન્તોથી આર્યોના આત્મિક વિચારાકુરો વિશેષ પ્રફુલ્લે.

અલબત મારી પોતાની કૃતિનું જો કે આમાં કશું પણ આલેખન નથી, કે જેથી મને સંતોષ પામવાનું અસાધારણ કારણ મળે, તોપણ જ્યારે મને એમ જણાય છે કે ભક્તિ-અપૂર્વ અપ્રતિમ-સ્નેહમય-સખાભક્તિના આદર્શનથી કાંઇપણ સદ્પ્રવૃત્તિ થશેજ ત્યારેજ મને અત્યાનંદ થશે.

વાચકવૃંદને વિનંવવામા આવે છે કે આમા જે કાંઇ દોષ હોય તેનો પરિત્યાગ કરી, પુસ્તકના રહસ્ય માત્રનુ પરિગ્રહણ કરશો

આ પુસ્તક બહાર પાડયા અગાઉ મારા વ્હાલા સ્નેહી અને મારા આદરેલા પારમાર્થિક કામમા સાહ્યભૂત થઇ સાથે ભાગ લેનાર માનવંતા મુરબ્બી શેઠજી લક્ષ્મીદાસ ખીમજીને આ પુસ્તકની પ્રત વાચવા આપેલ જેમા ભક્તિથીજ પ્રભુ વશ થઇ જાય છે આવુ શ્રી સુદામાજીનું જીવનચરિત્ર વાચતાં તેઓએ ખુશાલી બતાવી હતી કે આ વ્હાના પણ ભક્તિથી ફળ શું મળે છે તેનો આબેહૂબ ચિતાર આથી સિદ્ધ થાય છે માટે તે જલદી છપાવવા હું ભલામણ કરૂ છું. આવા શબ્દો સાભળવાથી આ કામ કરવા મને જલદી ઉત્કંઠા થઇ અને આ પુસ્તકની અર્પણપત્રિકા તેઓને-શ્રીમાન

શેઠનેજ સ્વિકારવા વિનંતિ કરી પરંતુ તેઓ સાહેબે તેમ કરવા તદ્દન નાખુશી બતાવી, કેમકે 'પ્રભુકામમાં હું માન લેવા ચાહતો નથી પણ મારાથી બનતું હું શ્રી સુદામાજી મંદીર જીર્ણોદ્ધારના અગર પુસ્તક સંબંધી કામમાં જે બનશે તે કરીશ; બાકી અર્પણપત્રિકાની બિના બંધ રાખવી.' છતાં પણ મારો તેઓ સાહેબ સાથે સારો સહવાસ ને તેમની મારા પ્રત્યે પૂર્ણ લાગણી હોવાથી તેમને ઘણી વિનંતિ કરી આ પુસ્તક તેજ શ્રીમાન્ શેઠ લક્ષ્મીદાસ ખીમજીનેજ અર્પણ કરવામા આવ્યું હતું.

સં. ૧૯૫૩ **મોતીચંદ કપુરચદ ગાંધી.**

પ્રસિદ્ધકર્તા.

॥ શ્રીહરિ ॥

બીજી આવૃત્તિની

પ્રસ્તાવના.

શ્રી સુદામાજીની અપૂર્વ ભક્તિ અને જીવન માટે ઘણોજ પ્રેમ હોવાથી તેની પહેલી આવૃત્તિ જલદી ખલાસ થવાથી મારા મિત્ર વર્ગોમાથી તથા મંડળીમાથી એવી માગણી થએલ કે બીજી આવૃત્તિ છપાવો તો સારૂં. પણ તે સમયે મને વિચાર થયો કે પહેલી આવૃત્તિ તો જલદી ખપી જવાના સબળ કારણો છે. જેવા કે—

૧. અહીં શ્રી સુદામાજીની યાત્રાએ આવતા શ્રી હિંદુસ્તાન તરફના જાત્રાવાશીઓ જેમ દ્વારકા માહાત્મ્ય, પ્રભાસ-ગીરનાર માહાત્મ્ય ખરીદી લાવે છે તેમ અહીંનું પણ શ્રી સુદામાજી માહાત્મ્ય માગતા અને ખરીદ કરતા. ઉપરાંત પણ એક હરીનો લાલ, પરોપકારી પુરૂષ એવો મળેલ કે જેણે 'પૈસા ન આપી શકે ને જેને એ પુસ્તકની ઇચ્છા હોય તેને

મારા તરફથી મુફત દેવું, રકમ આ માટે જે થશે તે હું આપીશ ' એમ કહેલ. આ સબળ કારણ હતું

૨. પા. લાલજી વીરજીનાં ધર્મપત્ની શ્રીમાન્ મુળીબાઇએ આ પુસ્તક ભક્તિનો ખરો નમુનો છે એમ જાણી પોતાની મરહુમ માતુશ્રી અમૃતબાઈની પાછળ બ્રાહ્મણોમા લ્હાણા તરીકે દેવાને મોટી સંખ્યામા ખરીદી.

૩. શ્રી સુદામાજી મંદીરના જીર્ણોદ્ધારના કામ માટે મે. એડમિનિસ્ટ્રેટર મી એચ. ઓ કુવીન સાહેબ પાસે જવું થતા ને સુદામાજી તે કોણ ઈત્યાદિ વાત થતા તેમનો ઇતિહાસ પુસ્તકમાંથી વાંચી દેખાડતાં શ્રી સુદામાજી અને શ્રી કૃષ્ણની આવી મિત્રતા સાભળી ખુશીથી પુસ્તક અને ફોટો રાખ્યાં હતાં તેમજ કરનલ સ્નેલ સાહેબે પણ સુદામાપુરીનું માહાત્મ્ય શું છે એ જાણી ઘણી પ્રતો સ્કુલો વગેરેમા દેવા ખરીદી હતી. જેઓ મહાન પુરૂષના જીવન માટે આટલું બધું જાણવાની દરકાર રાખે છે તો આર્યો કા ન રાખે આમ ધારી

બીજી આવૃત્તિ છપાવા ઇચ્છા થઇ તેજ વખતે સ્વર્ગવાસી પાં. લાલજી વીરજીનાં ધર્મપત્ની મુળીબાઇનાં પુન્યાર્થે પાઠશાળાઓ તથા બ્રાહ્મણોની જ્ઞાતીમાં લ્હાણું કરવાને મુળીબાઇના ટસ્ટી શેઠ નેમીદાસ કલ્યાણજીએ ખરીદી જેથી બીજી આવૃત્તિમાં મુળીબાઇનું નામ જીવનચરિત્ર સાથે જોડવામાં આવ્યું હતું.

સં. ૧૯૬૧. **મોતીચંદ કપુરચદ ગાંધી.**

પ્રસિદ્ધકર્તા.

॥ શ્રીહરિ ॥

ત્રીજી આવૃત્તિની

પ્રસ્તાવના.

શ્રીકૃષ્ણ પરમાત્માના પરમ ભક્તરાજ શ્રી સુદામાજીનું જીવન તેમની પ્રેમભક્તિ અને મહાત્મ્ય ઉપર લોકોની બહુ પ્રીતિ હોવાથી, તેમજ યાત્રીઓનુ બહુ આવાગમન હોવાથી આ પુસ્તકની બીજી આવૃત્તિ બહુ જલદી ખપી જવા આવી અને તેથી ત્રીજી આવૃત્તિ બહાર પાડવાની જરૂર પડી તેની માગણી હરદ્વાર, દ્વારિકાપુરી, કચ્છ, મોરબી, જામનગર તેમજ અહિં આવતા જાત્રીઓ તરફથી બહુ થતાં છપાવા વિચાર ચાલતો હતો તેવામા મારો એક મિત્ર શ્રી કાઠિયાવાડની મુસાફરીમાંથી ફરતો ફરતો એક શહેરમા ગયો ને ત્યાના રાજ્યકર્તાની મુલાકાત લેવા રાજ્ય દરબારમા જઇ અનુચરોને પુછતાં તેમણે ખુલાસો કર્યો જે ઠાકોર સાહેબને મળવુ હોય તો બપોરે બેથી સવાબે કલાક હજુર ઑફીસે મળે છે. આમ ખુલાસો થવાથી મુસાફર નીમેલે ટાઇમે જઇને ઉભો ને અનુચરને વિનંતિરૂપે ખબર આપવા કહ્યું. હજુર-

શ્રીએ હુકમ કર્યો જે ખુશીથી આવવા દો. મુસાફર હરદાસ હોવાથી આશિર્વચન દઇ ઉભો રહ્યો. ઠાકોર સાહેબે પુછયું. 'કયું વતન ?' મુસાફરે કહ્યું: 'સુદામાપુરી.' આવું સાંભળતાજ ઠાકોર સાહેબે કહ્યુ કે, જેની આ ભવ્ય તસવીર અમે ઑફીસમા સન્મુખ રાખી છે ને દર્શન કરીએ છીએ તેની પુરીમાંજ તમે રહો છો તો મદીર ઉપર હાલ ખરચ કેટલો થયો છે અને તેની વ્યવસ્થા કરનાર મોતીચંદ કપુરચંદ ગાંધી જેમના તરફથી અમને આ પુસ્તકની પહેલી આવૃત્તિ મળી છે તેને ઓળખો છો? મુસાફરે કહ્યું જી હા મદીર ઉપર ખરચ લગભગ અધલાખ રૂપિયાનુ થયું છે ને મોતીચંદ કપુરચંદ ગાંધી અમારા પૂર્ણ સ્નેહી છે. ઠાકોર સાહેબ કહે, ઠીક છે. અમોને આવા મહાત્માનું જીવન વાંચવું બહુ ગમે છે જેથી આ સુંદર પુસ્તક ટેબલમાજ રાખીએ છીએ. સજ્જનો! તે રાજવંશી કોણુ હતા તે હવે મારે કહેવું જોઇએ. તેઓશ્રી વઢવાણુના નામદાર ઠાકોર સાહેબ શ્રી બાલસીંહજી સાહેબ હતા. વાહ! પૂર્વના મહાત્માઓનાં જીવનની ખૂબી તો જુઓ કે શ્રી કૃષ્ણુના પરમ ભક્ત શ્રી સુદામાજીનું નામ આવતાં ફરીને પોતે કહેવા લાગ્યા કે અમારે ગરાશીયા કોલેજની મિટિંગમાં જવું છે પણુ જેનાં ભાગ્ય હોય તે આવા જીવનવૃત્તાંત સાંભળવા નશીબવંત થાય.

આવી ભાવના હરદાસ પાસેથી સાંભળવાથી મ્હારી ઉર્મી પણ જલદી ઉછળી આવી કે ખરેખર પ્રભુનું વાકય છે કે મારા કરતાં મારા ભકતોના ગુણ ગાવાથી હું વધારે પ્રસન્ન થાઉંછું કેમકે,

એ સમ ભક્ત હજી અવનીમા થયા નથી કોઇ થાવા,
જેના શ્રીકૃષ્ણે પાદ પખાળ્યા તેના ગુણને ગાવા;
રચી કનકની નગરી હરીએ જેના ભક્ત સુદામા. રચી૦

આવું મહાત્મ્ય જગત્ પ્રસિદ્ધ છે ને પુસ્તકોની માગણી બહુ હોવાથી ધર્મસંવાદ સાથે ત્રીજી આવૃત્તિ દાખલ કરી છપાવી છે.

શ્રી સુદામાજીની યાત્રાથીજ બધી યાત્રા સુફળ થાય છે આમ પ્રભુનાં શ્રી મુખનાં વાકય છે જેથી અહિં આવતા હિંદુસ્તાન, ગુજરાત, કાઠિયાવાડ વગેરેના યાત્રીઓની સગવડતા જાળવવા અમારા નામદાર શ્રીમાન્ એડમિનિસ્ટ્રેટર સાહેબ શ્રી વાજસુરવાળા સાહેબે નવી સ્ટીમ લૉન્ચ શ્રી દ્વારિકા જવા માટે તૈયાર કરાવી આપી છે સુદામાપુરીની યાત્રા કરી જાત્રીઓ સવારે સ્ટીમ લૉન્ચમાં બેસે તે બપોરે શ્રી દ્વારિકા પહોંચે અને તેવીજ રીતે યાત્રીઓ સવારે ચાલીને બપોરે અહિં આવે એવી ગોઠવણ કરવામા આવી છે.

સં. ૧૯૬૬. **મોતીચંદ કપુરચંદ ગાંધી.**

પ્રસિદ્ધકર્તા.

॥ શ્રીહરિ ॥

ચોથી આવૃત્તિની

પ્રસ્તાવના.

—— ० ——

(વસંતતિલકા.)

નિંદે કદી જન વખાણ કરે તથાપિ,
આવે જવા ધન હરાય ભલે કદાપિ;
મૃત્યુ બને ત્વરિત વા યુગ અંતરાપિ,
ધીરા જનો નવ ચળે નિતિ માર્ગ કાપી.

જગતમા મનુષ્યે જન્મીને કંઇક પણ સુકૃત્ય કરી લેવું, અને ત્યારેજ તેનું જીવન સફળ થઇ ધન્ય ધન્ય કહેવાય છે.

ધન ધાન્યાદિ હાય જીંદગીથી રખડી રઝડી, જુઠુ બોલી, અન્યાયથી ઉપાર્જીત કરી, પૃથ્વી ઉપર મૂકી જવું તે કાંઇ ધન કમાયો નહિ પણ બળદની માફક ભાર ઉપાડી અંતે ભવોભવમાં ભટકાયો.

માટે સંત પુરૂષો કહે છે કે સ્વકૃત્ય કરી હરીનુ સ્મરણ કરી લેવું એ ખરૂ ધન કમાયો કહેવાય.

પદ

ધન્ય જન્મકુળ માતપિતાને, જે સુણે હરીના ચરીત્રજી,
આલોકમા સુખ ભોગ ભોગવે, અંતે મોક્ષ પવિત્રજી;
કૃત્ય યુગ ધ્યાન કૃત્ય ત્રેતા, દ્વાપર પૂજા જાણજી,
કળીમાં કેશવ કિર્તનથી, જન પામે પદ નિર્વાણજી.

માટે આ કળીકાળમાં માત્ર ભક્તિથીજ જીવને અહી અને પરલોકમા શાતિ મળે છે કેમકે શ્રી શુક-દેવજીનું અમૃતમય વાકય છે કે —

" कलौकेशवकिर्तनात्. "

તો તેવું શ્રીહરીનું સ્મરણ કોણે કર્યુ કે શ્રીકૃષ્ણ પરમાત્માના પરમભક્ત શ્રી સુદામાજીએ, કે જેમનું માહાત્મ્ય લગભગ ૫૧૦૦ વરસ થયા છતા અદ્યાપિ સુધી સજ્જનો કથન કરી રહ્યા છે. તેથી ભક્તરાજના માહાત્મ્યની ત્રણ આવૃત્તિ છપાઈ બહાર પડેલી જેમાં ભક્તિની અલૌકીક શક્તિ એવી છે કે પ્રભુ આધિન થઇ જાય છે તેમજ પતિના વાકયોને પત્નીએ કેવી રીતે અમૃતમય ગણી પ્રતિપાલન કરવું તેનો ભરપૂર

ચિતાર આપ્યો છે ને તેમા મિત્રની ફરજો શું છે, તેનો પણ ચિતાર આપ્યો છે, તેવા ભાક્તથી ભરપૂર એવા શ્રી સુદામા માહાત્મ્યની ત્રીજી આવૃત્તિ શ્રી ધર્મસંવાદ સાથે છપાઇ બહાર પડી પણ તે તુરતમાં ખલાસ થવાથી માત્ર ૬૦ પ્રત શીલીકમાં બાકી રહેવાથી ચોથી આવૃત્તિ છપાવવાની જરૂર પડી છે. આ પુસ્તકની મહત્તા જોવાને માટે એટલોજ પૂરાવો બસ છે કે જાત્રિઓ તથા સ્વજનોની બહુ માગણી હોવાથી ચોથી આવૃત્તિ છપાવવા જરૂર પડી છે **सुज्ञेषु किं बहुना?**

સં. ૧૯૬૮ **મોતીચંદ કપુરચંદ ગાંધી.**

શ્રીપુરૂષોતમ માસ. પ્રસિદ્ધકર્તા.

॥ શ્રીહરિઃ ॥

॥ ૐ ॥

અર્પણપત્રિકા.

શાન્તિ, ક્ષમા, ધૈર્યતા, મહાન ઉદારતા, દયા અને સ્વધર્મની લાગણી હમેશ જેઓના હૃદયમા નિવાસ કરી બિરાજી રહી હતી, જેમની માત્ર મુખમુદ્રા ઉપરથીજ અસંખ્યાત મનુષ્યોને આનંદ થતો હતો, જેની વાણીમાં નકાર (નહીં બની શકે તેવું વાક્ય) તો નીકળેલુંજ ન્હોતુ, જેની વૃત્તિ શ્રી દાનેશ્વરી રાજા કર્ણ પ્રમાણે જ છે એમ આખા કાઠિયાવાડ, અગર હીંદુસ્થાનમા પ્રસરી રહી હતી, જેના દાખલા તરીકે શહેનશાહ સાતમા એડવર્ડના રાજ્યાભિષેકની ખુશાલીનો દરબાર દીલ્લીમાં ભરવામાં આવ્યો હતો ને તે સમયે જેમનુ તે સ્થળે પધારવુ થયું હતુ ને જેમના તંબુ ઉપર (શામીયાના ઉપર) ખરેખરા આબેહુબ સુવર્ણના કળશ ઝળકી રહ્યા હતા અને જેના સ્વારો, પોલીસ વગેરે ઝરીના પોશાકથી ઘણાંજ આબેહુબ દીપી રહ્યા હતા ને જેને માટે એવી

યાદી નીશાની આપવામાં આવતી હતી કે દયાળુ અને પરોપકારી પોરબંદર (સુદામાપુરી)ના મહારાણાનો મુકામ જોવો હોય, અગર તેમની ભવ્ય મૂર્તિનાં દર્શન કરવાં હોય તો તેમના તંબુ ઉપર સુવર્ણના કળશ ઝળકી રહ્યા છે. આમ નિશાની આપવામાં આવતી હતી એટલુંજ નહીં પણ શ્રી સુદામાપુરીના મહારાજાધિરાજનાં દર્શન 'કરવાથી સુદામાપુરીની યાત્રાનું' ફળ મળશે એવી ભાવનાથી સંખ્યાબંધ મનુષ્યોનાં ટોળેટોળાં જેમની મુખમુદ્રા જોવા ઉભા થઇ રહેતા હતા એવા અને જેઓ શ્રીનાથજીના પરમ ભક્ત તેમજ 'શ્રીનાથદ્વારાધીશ તિલકાયિત મહારાજા શ્રી ૧૦૮ શ્રી ગોવર્ધનલાલજી મહારાજ ઉપર પ્રેમ ધરાવનાર હતા. વળી જેમણે શ્રી સુદામાજીના કાર્ય (સેવા) માં અમારી સાથે તન, મન અને ધનથી ભાગ લીધેલ. આવા અલૌકિક કાર્ય ઉપરાંત મારી જાતને માટે પરમ મહાન ઉપકાર કરેલ જે મારે ભુલી નહીં જતાં અહીં તેનું સ્મરણ કરવા જરૂર પડી છે તે એ કે અહીં મારામારી ચાલતી હોવાથી અહીંની વસ્તીનો મોટો ભાગ જામજોધપુર, રાજકોટ વગેરે સ્થળે ગએલ તેવા સમયમાં હું જામજોધપુર ગએલ ત્યાં હું અને મારૂં કુટુંબ

તાવની બિમારીમા આવી પડવાથી મને તદ્દન છેલ્લી સ્થિતિએ પહોચવા જેવું થઈ જતા જેમને શ્રી રાણાવાવ ખબર આપ્યા કે આપ નામદારનો હુકમ (રજા) હોય તો મારા કુટુંબ સાથે રાણાવાવ આવવા મારી મરજી છે આવો પત્ર વાચવામાં આવતા જેમણે ખરી લાગણીથી ઉત્તર વાળ્યો કે તમો ખુશીથી આવો. તમારે માટે સ્ટેશને વાહનો અને માણસો આવશે, એવું લખાણ મળતા જામજોધપુરથી રાણાવાવ આવેલ ત્યા સ્ટેશને લખ્યા મુજબ ગોઠવણ થએલ જે મદદથી ગામમા આવવુ થએલ ત્યા પણ એકદમ કસર વધવાથી તેઓ નામદાર તરફથી ડાકટર–વૈદ્ય, વાહન વગેરેની ઉત્તમ મદદ મળેલ. આવા મહાન્ ઉપકારના ગુણમાથી મારે કેવી રીતે મુક્ત થવુ ? કેમકે કૃતઘ્નીપણુ એજ પાપ, (કૃતઘ્નીપણામા બધા ધર્મવિષે, લખેલા શાસ્ત્રમા પાપ મોટું અતીશે) આમ વિચારતા મારા મનને એવી ઉર્મી પેદા થઈ કે વારતા વિનોદ ને એવા ગપાષ્ટિક પુસ્તકમાં તેમનું નામ જોડવું એ વ્યાજબી નથી પણ આવા પરોપકારી મહાન્ પુરૂષનું નામ જ્યા પ્રભુનો પ્રેમ હમેશા જામી રહ્યો છે એવા પુસ્તકમાં તેમનું નામ જોડવું એમ

ધારી શ્રી કૃષ્ણ પરમાત્માના પરમ સખા અને શ્રી કેદારનાથના અનન્ય ભક્તરાજ શ્રી સુદામાજીનુ મહાત્મ્ય તથા શ્રી કેદારનાથનું મહાત્મ્ય કે જેઓને આ પુસ્તક બહુ પ્રિય હતું, જેના દાખલા તરીકે તે નામદાર સાહેબની વરસ ગાઠની ખુશાલીની દરબાર મોટો મંડપ કરી રાજમહેલે ભરી હતી તે સમયે સિંહાસન પર આપ તથા શ્રી ધ્રાગધ્રા તથા શ્રી વાકાનેરના રાજ સાહેબો બિરાજતા હતા જે સમયે જન્મ દિવસની ખુશાલીમા હુ આપને બીજી આવૃત્તિનુ પુસ્તક ભેટ કરૂંછું આમ કહેતા જેમણે સ્વહસ્તે લઇ પુસ્તક મસ્તકે ચડાવ્યું હતું અને તેવીજ રીતે બન્ને રાજવશીઓને પણ અર્પણ કરતાં તેમણે પણ તેમ કર્યું હતું તેવી આ પુસ્તક ઉપર પ્રિતિ રાખનાર શ્રી સુદામાપુરીના મહારાણા જેઠવા કુળવશ મણી કૈલાસવાસી શ્રીમન્ મહારાણા શ્રી ભાવસિહજી સાહેબ બહાદુરનું નેક નામ આ પુસ્તક સાથે પ્રેમ સહિત જોડી કૃતાર્થ થાઉછુ

લી. હું છુ,

આપના ગ્રામદેવ શ્રી સુદામાજીનો

સેવક,

મોતીચંદ કપુરચંદ ગાંધી.

श्रीहरि



શ્રીમાન્ શેઠ ચતરભુજ શીવજી.

શ્રી પોરબન્દરના અસ્માવતી સગમઘાટ, પાઠશાળા

અનાથાશ્રમ વીગેરેના સ્થાપક

॥ श्रीहरि. ॥

શ્રીમાન શેઠ શ્રી ૫

શેઠ ચત્રભુજ શિવજીનું

જીવન વૃતાન્ત.

અગર

જીવન સાફલ્યનાં

' તુલસીદાસજીનાં

વાકય.

ભક્ત બીજ પલટે નહિં, જો જુગ જાય અનંત;
ઉચ નીચ ઘેર અવતરે, સોહી સંતકો સંત.

યદુવંશય, ભાટીયા જ્ઞાતીમા મુખ્ય અગ્રણી ગણાતા. અને પરમ વૈષ્ણવ,

શેઠ ચત્રભુજ શિવજીનો જન્મ શ્રી સુદામાપુરીમાં શેઠ મુળજી જીવાના વંશમાં શેઠ શિવજી મુળજીનાં ધર્મપત્ની બાઈ ગંગાબાઇની કુખે સં. ૧૯૦૭ ના

વૈશાખ વદી ૧૦ ને દીને થયો હતો. અને સુદામા-પુરીમા (પોરબંદર) મા માતા પીતાના લાડપાડમા ઉછરી ગામઠી નિશાળમાં વિદ્યા અભ્યાસ કર્યો હતો ને ત્યાર બાદ શ્રી મુંબઈમાં તેમના વડીલ બન્ધુ શેઠ ગોકળદાસ શીવજીની દેખરેખ હેઠળ ખાનગી શાળામાં થોડોક વખત અભ્યાસ કરી માડવી બંદર ઉપર આવેલા શેઠ ગોકળદાસ તેજપાળની સ્કુલમા ગુજરાતી શિક્ષણ તમામ પૂર્ણ કરી જોઇતી ઇગ્રેજી સાધારણ કેળવણી લઇ તેમની પોતાનીજ ઇચ્છા થઈ કે આપણે આપણી વેપારી લાઈનનું શીક્ષણ ચલવવું. એજ ઉત્તમ છે. આમ ધારી ચૌદ વર્ષની ઉમ્મરે વડીલ બન્ધુ શેઠ ગોકળદાસ શીવજીના નામથી ચાલતી પેઢીમા બેસી વેપારનો અનુભવ મેળવવા શરૂઆત કરી. ચત્રભુજ શેઠ ઘણાજ પ્રાલબ્ધવાન, બુદ્ધિશાળી અને ચંચળ હોવાથી થોડા વખતમાં વેપારી વિષયનો સારો અનુ-ભવ મેળવી લીધો અને પોતાની વેપાર કરવાની સ્વ-તત્ર ઇચ્છાએ શેઠ મુળજી જેઠાની મારકીટમા સં.૧૯૪૫ ની સાલમાં પોતાને નામે ગોકળદાસ શીવજીના નામથી ઉપલી શાખાના પેટામાં નવી દુકાન કરીને એ મરહુમ ભાઇઓના ભાગમાં ચાલતી દુકાનનો વહીવટ સં. ૧૯૬૧ની

શાલ સુધી ચાલ્યો અને તે પછી સર્વે રાજી ખુશીથી જુદા પડયા હતા. બાદ શ્રીમાન ચત્રભુજ શેઠે સ્વતંત્ર વેપાર શરૂ કર્યો ને તે હજી સુધી જાહોઝલાલીથી ચાલે છે

શ્રીમાન ચત્રભુજની અસલથીજ ધર્મ પરાયણ બુદ્ધિ હોવાથી તેમજ દેશ (જન્મભુમી) પ્રત્યે પૂર્ણ પ્રીતિ હોવાથી પાસે આવેલ કામને હડશેલી નહિં મુકતાં શીરપર ચડાવી પાર પાડતા આ લેખકના વડાવો શા દયાલ અમરચંદ ગાંધી અને તેમના વડાવો ઠા. શીવજી મુળજીને અસલથી ધર્મ સ્નેહીયો તરીકેની મીત્રતા ચાલતી આવતી હોવાથી એજ જુના નેકને અંગે તેમજ વેપારી લાઇનના સંબંધમાં શ્રીમાન ચત્રભુજ શેઠ અને લેખકના પુજ્ય પીતાશ્રી કપુરચંદ દયાલ ગાંધીને સારી મીત્રતા હતી તે નેકને લઇને શેઠ ચત્રભુજ શેઠ સાથે સ્નેહ નભી રહ્યો.

મોટાની મોટાઈ અને ખાનદાનનું રહસ્ય જોવું હોય તો હાલમાં પરિપૂર્ણ રીતે શ્રીમાન શેઠ ચત્રભુજ શેઠમા જણાઈ આવે છે, કે જુનો નેક ટેક જેને આજે લગભગ ૬૦ થી ૭૦ વર્ષ સુધી નીભાવી રાખ્યો એજ શ્રીમંતાઇની ખુબી છે.

આ લેખક પ્રત્યે શેઠને વધારે પ્રેમ થવાનું કારણ એ છે, કે સં. ૧૯૫૨ ની સાલમાં શ્રી સુદામાજી મંદીર જીર્ણોદ્ધારની ટીપ માટે સઘળી વાત શેઠ ચત્ર-ભુજભાઇ તથા શેઠ ભગવાનદાસ શીવજી પ્રત્યે થતાં તથા પ્રથમ શરૂઆત મુંબઈમાં ધી મોરબી કું. નો ખેલ લેખકે લીધો, જેમા પરીપૂર્ણ ખંતથી મદદ અને તે ખેલમા પુજ્યપાદ ગોસ્વામી શ્રી ૬ શ્રી જીવન-લાલજી મહારાજ કે જેમને આ સુદામાપુરીનું કામ છે માટે પધારો તોજ શોભા થાય આવી વિનંતી લેખકની સાથે મળીને કરવામાં શેઠ ચંત્રભુજભાઇનો ભાગ હતો બાદ શેઠશ્રીનુ પ્લેગના કારણથી શ્રી સુદામાપુરીમા આવવું થતા અહિં પણ સારા કાર્યમા ભાગ લીધો હતો શ્રી સુદામાપુરીમા આવવું થતા અહીં પણ શ્રી સુદામાજી મંદીર વિષે વાત થતા તેઓ સાહેબે ઘણી ખુશી બતાવી હતી કે જો તમો આ કામ હાથ ધરતા હો તો અમો સારી મદદ આપશું. જેથી તેઓ સાહેબ લેખકની સાથે તે વખ-તના ના એડમીનીસ્ટ્રેટર એચ ઓ. કુવીન સાહેબ પાસે ગયા હતા. જ્યા પણ ઉપલી વાત નીકળતા ઉપર પ્રમાણે કબુલાત કરી હતી. મંદીરનું કામ શરૂ થતાં

રંગ મંડપમા આરસની સુંદર લાદીનું કામ તેના નામથી તેના હીસાબે શરૂ કર્યું. કામ તૈયાર થતા ધારેલ ખરચ કરતા દોઢા ખરચ થયો. જે વિશે લખાણુ કરતાં શેઠશ્રીએ બીજો ઉત્તર નહીં દેતા આંકડો કબુલ રાખ્યો હતો એટલેથીજ બસ રહ્યું છે એમ નહીં પણ મંદીરની જારી પાસેની લાદી તેઓ સાહેબે શેઠ વીસનજી પ્રેમજી હા ડાડી કેશરબાઇ તથા ૧ ગલેરીમાં કસુંબાવાળા તરફથી બધાવી દેવા જે મદદ કરી હતી એ મંદીરની શોભામા વધારા રૂપ થઇ પડી હતી. આએ ચરીત્રના નાયક શેઠ ચત્રભુજ સુદામાપુરીની શેવાથી અટકયા છે એમ નથી પણ જેમની પરોપકાર વૃત્તિથી, મદદથી અને પ્રયાસથી શ્રી બખરલ્લા પાજરાપોળને પણ સારી મદદો મળી છે, મળે છે, ને મળશેજ એવી દ્રઢ આશા છે

શેઠશ્રીમા સ્નેહ વધારવાની ખુબી અને કુનેહ એવી છે કે બીજાઓ પૈસા ખરચી કઇ કામ કરતા હશે આ વીચારવંત પુરૂષ માત્ર પોતાની સ્વતંત્રતાથી અને કુનેહથી કામ પાર પાડતા આવ્યા છે દાખલા તરીકે મી. ગ્રાહામ કુ ના દરેક સાહેબો આવે છે તેમની સાથે એવો ગાઢો પરીચય થઇ પડે છે, કે

શેઠને એક પોતાના મીત્ર તુલ્ય ગણતા આવે છે. વેપારી રીતીમાં કુશળ રહી માત્ર પૈસો એકઠો કરવો એવો તેઓનો ખવાસ નથી પણ કોઇ પણ નહાના યા મહોટા જે વાત કરવા આવે તેને સલાહકાર થઈ પડે છે. એટલુજ નહી પણ જેમની ખાસ એવી વૃત્તિજ છે કે પરોપકાર વગરનુ જીવન વૃથા છે જેમ કે—

श्लोक.

परोपकार शुन्यस्य, धिक मनुषस्य जिवीतम्
धन्यास्ते पशवोएषाम् चर्माप्युपकरिष्यति ॥

પરોપકાર વગરના માણસના જીવીતને ધીક્કાર છે ધન્ય છે પશુઓને કે જેઓ જીવતા સુધી તો ઉપકાર કરે છે પણ મુવા પછીથી પણ જેમના ચામડા વગેરે કામ આવે છે તો આપણે મનુષ્યા-દેહ ધરી લોકોને ઉપયોગી નહી થાતા ખોટી મોટાઇમાં તણાઇ જવુ ? એ શુ કામનું આવા વિચારથી જેમણે લોકોપયોગી કાર્યમાંજ વૃત્તિ ગાળવી એમ ધાર્યું છે.

શેઠશ્રીના મરહુમ ભાઇ શેઠ ભગવાનદાસ શીવજી તથા ભત્રીજા શેઠ મુરારજી ભગવાનદાસ શીવજીના ના-

મથી શ્રી કહાનપુરમા ૧ ધર્મશાળા બાંધી લોકોના દુઃખ દુર કર્યા છે. તેમજ શ્રી મુંબઈમાં વાલકેશ્વરમા સમુદ્રની સપાટી ઉપર ભાટીઆ શેનીટેરીયમ પણ મુરહુમ શેઠ મુરારજી ભગવાનદાસ શીવજી તરફથી ૧૦૦૦૦૦, ખરચી બંધાવાની યોજના કરનાર પણ શેઠ ચત્રભુજ છે, તે શેનીટેરીયમનો પાયો નાંખવાની ક્રીયા પરમ પુજ્યપાદ આચાર્ય શ્રી ગોશ્વામી શ્રી ૬ શ્રી દેવકીનંદના આચાર્યજીએ કરી હતી ને બંધાઈને પુરૂ થતા ખુલું મેલવાની ક્રીયા મુંબઇના ગવરનર ના લોર્ડ લેમીંગટનને હાથે થઇ હતી. આવા મહાન્ કાર્યો ઉપરાંત વેપારી વર્ગમા ઘણો સારો અને ઉંચો દરજ્જો ધરાવતા હોવાથી ઘણાકોની તકરારો, મતભેદતા, અને કુસંપોના છેડા લાવવા તેમને એક ખરા હીતચીંતક તરીકે કામ સોંપવામા આવે છે ને તેનો તેઓ એવો ફડચો લાવે છે કે જેથી બેઉ પક્ષ રાજી થાય. આ તેમની યશ રેખાનુ કારણ સમજી શકાય છે.

સં ૧૯૫૭ ની સાલમાં તેઓ શેઠ શ્રી ધનાબાઈના આરંભેલા કાર્યો જેવાં કે શ્રી અષ્ટોતર સત પારાયણ, શ્રીજીનો મનોરથ વીગેરે કાર્યો માટે વીઘ્નો આવતા તેઓએ ખાસ શ્રી મુંબઈથી શ્રી સુદામાપુરીમાં

આવી ઉપલા ધર્મ કાર્યો ઘણીજ ફતેહથી પાર પાડયાં હતા ને કાર્યમા પણ તે વખતે નામદાર શ્રી રાણા સાહેબ ભાવસીંહજી સાહેબ અને તે વખતના દીવાન મી. મણીલાલ અજીતરાયે પણ સારૂ માન આપ્યું હતું અને પધારી શોભા આપી હતી

આપનું સં. ૧૯૫૩ ની સાલમા અહી આવવુ થએલ ત્યારથીજ પોતાની જન્મભુમીમા કઈક પણ ઉત્તમ શેવા બજાવવા ઈચ્છા હતી પણ અન્ન જળની સ્થિતિનો વીચાર કરતા વર્ષો જતાં અને કાર્યની ભાવિ ભાવનાની પ્રબલતાનુ જોર વધવાથી અને સુદામાપુરીમા આપના આગમનથી સારા કાર્યો જેવા કે કોઈએ સ્વપ્નાતરમા (સ્વપ્નામા) પણ નહી ધારેલા એવા એવા ઉત્તમ ધરમાદા કાર્યો થવાનાં હોવાથી શ્રી નાથજીની કૃપાથી શ્રીજીની ધ્વજા ચહડાવવા તથા મનોરથ કરવા સ . ૧૯૬૭ ના માગશર માસમા આપ, આપનાં પુત્રો ચી. શેઠ વલભદાસ અને ચી શેઠ હરીદાસ, આપનાં વડીલ બધુ સ્વર્ગવાસી શેઠ ભગવાનદાસ શીવજીના ધર્મ પત્ની માણેકબાઈ તથા તેમના પુત્ર સ્વર્ગવાસી શેઠ મોરારજી ભગ-

વાનદાસના ધર્મપત્ની મોતીબાઈ, અને આપના કુટંબ કબીલા, ઇષ્ટ મીત્રો તેમજ આપનાં પરમ મીત્ર અને મુબઈ નગરીનાં એક આગેવાન નરરત્ન અને શહેરી ઓનરેબલ શેઠ મનમોહનદાસ રામજીને સાથે લઈ અહી પધાર્યા તે સમયે આપને સામો લેવાને જેતલસર સુધી રાજ્યનો સલુન ખાસ મોકલવામાં આવ્યો હતો. તેમજ અત્રેના સ્ટેશન ઉપર નામદાર એડમીનીસ્ટ્રેટર સાહેબો, અમલદારો, અને અહીંનાં આગેવાન ગ્રહસ્થોએ ટ્રેન આવતા આપને સારૂ માન આપ્યુ હતુ.

આપ તરફથી માગશર શુદ ૬ ને દીવસે શ્રીજીની ધ્વજા ચડાવવા મુહુર્ત હોવાથી ગેસ્ટ હાઉસમાંથી એક દબદબાભર્યો વરઘોડો કાઢવામાં આવ્યો હતો જેમાં મુખ્ય મધ્યમાં એક સોનેરી સાજથી સજીત રાજ રથમાં પરમ પુજ્યપાદ ગુરૂ શ્રી ૬ ગૌસ્વામી શ્રી જીવણુ-ણુલાલજી મહારાજ તથા શ્રી રણછોડલાલજી મહારાજ બીરાજ્યા હતા. વરઘોડામાં નામદાર એડમીનીસ્ટ્રેટર સાહેબો, તમામ અમલદારો તથા સદ્‌ગ્રહસ્થોએ આવી સારી શોભા આપી હતી સ્ટેટ તરફથી સવારીને લગતી તમામ રચાશત પુરી પાડવામાં આવી હતી.

વરઘોડો આખું શહેર ફરી શ્રીનાથજીની હવેલીએ

આવ્યો હતો જ્યા તે પ્રસંગ સારૂ ખાસ એક સુશોભીત મોટો મંડપ ઉભો કરવામાં આવ્યો હતો, અને ત્યા નામદાર સગીર રાણા સાહેબ શ્રી નટવરસિંહજી એ પણ હાજરી આપી હતી ધ્વજાનું પુજન કરી ધ્વજા ચડાવવામા આવી હતી અને ત્યાર બાદ સર્વ હાજર રહેલાઓને ફુલનાં હાર-તોરા આપ્યા બાદ સર્વ વિદાય થયા હતા અને ત્યાર બાદ ૪૫૦૦ થી ૫૦૦૦ માણસોએ પ્રસાદ લઇ આનંદ માન્યો હતો. આ ઉત્સવની ખરેખરી યાદ રહેવા માટે આપના તરફથી ત્રણ સસ્થાઓ ધરમાદાની કરવા તુરતમા વીચાર થતાં ત્રણે સંસ્થાઓ માટે સ્ટેટ તરફથી જમીન બક્ષેશ આપવામાં આવી ને જેનુ નામ ૧ ચત્રભુજ શીવજી પાઠશાળાનો પાયો નાંખવાની ક્રીયા પુજ્યપાદ ગોસ્વામી શ્રી ૬ શ્રી જીવનલાલજી મહારાજનાં સ્વહસ્તે કરવામાં આવી હતી તે સમયે લાલબાવા શ્રી રણછોડલાલજી મહારાજ તેમજ નામદાર સગીર રાણા સાહેબે અને નામદાર એડમીનીસ્ટ્રેટર સાહેબોએ પધારી સભાનાં આનંદમાં વૃદ્ધિ કરી હતી

૨. ચત્રભુજ શીવજી અસ્માવતી ઘાટ શ્રી સુદામાપુરી મહાત્મ્ય અને કૈદારકુંડ મહાત્મ્ય અને

અસ્માવતી મહીમાં જે સ્કંધ પુરાણુ પ્રહ્લાદોકત સંહી-
તામા વર્ણવેલા છે તે મહાત્મ્યની મહત્તા ઉપરથી
અને અહીંના ભાવીકજનો તેમજ જાત્રીયોની સગવડ-
નાં ખાતર આપે સ્ત્રી પુરૂષોની મર્યાદા જાળવવા માટે
અસ્માવતી ઘાટ બાંધવા સંકલ્પ કર્યો ને ઘાટ બાંધ-
વાને માટે પાયો નાંખવાની ક્રીયા નામદાર મહારાણા
શ્રી નટવરસી હજી સાહેબનાં હાથે કરવામા આવી હતી.
તેમા પણ નામદાર એડમીનીસ્ટેટર સાહેબો, તથા
સદ્ગૃહસ્થોએ પધારી આ કાર્યને શોભા આપી હતી.
બાદ ચત્રભુજં શીવજી અનાથાશ્રમનો પાયો નાંખવાની
ક્રીયા નામદાર દરબાર શ્રી વાજસુરવાળા સાહેબના સ્વ
હસ્તે કરવામા આવી હતી બાદ આપનાં આવા પાર-
માર્થીક કાર્ય માટે અહીની સ્મસ્ત પ્રજા હીન્દુ અને
મોહમેદનો તરફથી એક માનપત્ર ચાદીના કચ્છ વર્કની
સુંદર કારીગીરીવાલા કાસકેટમાં મુકી આપને નામદાર
સગીર રાણા સાહેબ, એડમીનીસ્ટેટર સાહેબો અને
મોટા મેલાવડાની હાજરીમાં આપવામા આવ્યુ હતું.
આપ તરફથી તેનો યોગ્ય શબ્દોમાં ઉત્તર આપવામાં
આવ્યો હતો બાદ ફુલ, હાર-તોરા આપી સભા વિસ-
ર્જન થઈ હતી. આપની આવી દેશભક્તી જોઈ તેમજ

આપ રવાના થવાનાં હોવાથી આપને રાજ્ય તરફથી સોનેરી શીરપાવ પોશાક આપવામા આવ્યા હતા. આપને સ્ટેશને વળાવવાને માટે નામદાર બન્ને એડમીનીસ્ટ્રેટર સાહેબો, અમલદાર વર્ગ અને શહેરીઓએ સારૂ માન આપ્યું હતું અને બધાઓ વાહવાહના ઉદ્‌ગારો બોલી રહ્યા હતા કે આપે આદરેલા ત્રણે કાર્ય તુરતમા પુરા થાએ અને આપ તે ખુલ્લા મુકવા જલદી પધારો અસ્તુ ઇશ્વર કૃપાથી લગભગ અશાડ માસમાં એ ત્રણે કામો બધાઈ રહેવાને આવ્યા જેથી આપ આપનાં કુટુંબ અને મીત્રોની સગાથે અહી પધાર્યા તે વખતે પણ આપને સામા લેવાને નામદાર દરબાર શ્રી વાજસુરવાળા સાહેબ તથા અમલદાર વર્ગ અને સદ્‌ગ્રહસ્થોએ સ્ટેશન ઉપર પધારી આપને બહુજ માન આપ્યું હતું. આપ તરફથી પાઠશાળાનું વાસ્તુ ઘણીજ સારી ધામધુમથી કરવામાં આવ્યું હતું અને વળતે દીવસે પાઠશાળામાં

શ્રીમદ્ ભાગવતની સપ્તાહ.

શ્રી માગરોલનાં ગીરનારા બ્રાહ્મણ રા રા ગોવિંદજી માહારાજ પાસે વંચાવી હતી તેમા ભાગ લેવાને માહારાણા શ્રી નટવરસીંહજી સાહેબ, રાજ્યમાતા શ્રી રામબા સાહેબ, શ્રીમાન વિજયસિંહજી સાહેબ, તથા સર્વ બા સાહેબોએ પધારી શ્રવણનો ઉત્તમ લાભ લીધો હતો. શ્રીમદ્ ભાગવતની કથાનુ અમ્રતરૂપ પાન કરાવનાર પુર્ણવક્તા વ્યાસજી ગોવિંદજી મહારાજની અમ્રતરૂપ વાણીનો રસ પીવાને દરરોજ નામદાર એડમીનીસ્ટેટર સાહેબો પધારી આનંદ માની સર્વ કાર્ય કરતા આ મહદ્ કાર્યને ધન્ય ધન્ય માનતા હતા તેના અંગમાં ઉત્તમ રીતીથી ચોરાશી ઇચ્છાનુંસાર ભોજનો આપી કરવામાં આવી હતી. અને તેથી વિશેષમાં એક દયાજનક કામ ઉઠાવ્યું હતું કે અહી આ વરસે વરસાદની ખેંચ હોવાને લીધે અનાજનાં ભાવ ઘણાં વધેલા હોવાથી ગરીબોની દાઝ હઇડે ધરીને આપ રહો ત્યા સુધી બજારભાવથી મણ ૧ નાં આઠ આના ઓછા લઈ અનાજ આપવાનુ શરૂ કર્યુ જેથી લોકો આપને માટે જયશબ્દો બોલી રહ્યા હતા. શ્રીમદ્ ભાગવતની સપ્તાહની સમાપ્તી

થઇ તેને માટે વ્યાસજીને હવેલીએ મુકવા સારૂ અચ્છી રીતીએ વરઘોડો કાઢવામા આવ્યો હતો અને તેમા પણ રાજ્ય તરફથી ગાડી, ઘોડા, બેન્ડ, નીશાન, ડંકા વીગેરેની સારી મદદ આપવામા આવી હતી તેમજ વરઘોડામા રાજ્યનાં નાનામોટા સર્વ અમલદારોએ અને શહેરના સંભવીત ગૃહસ્થોએ મોટી સંખ્યામા ભાગ લીધો હતો.

પાઠશાળા ખુલ્લી મુકવાની ક્રીયા નામદાર દરબાર શ્રી વાજસુરવાળા સાહેબે કરી હતી તે સમયે મીસ્ત્રીઓ, ઈજીનિયર, પાઠશાળાના શાસ્ત્રીજી, પાઠશાળાના વીદ્યાર્થીઓ વીગેરેને સારી રીતે પહેરામણી આપવામા આવી હતી અસ્માવતી સંગમ ઘાટ ખુલ્લો મુકવાની ક્રીયા નામદાર સગીર મહારાણા શ્રી નટવરસીહજી સાહેબ બહાદુરના સ્વહસ્તે કરવામા આવી હતી

અનાથાશ્રમ ખુલ્લુ મુકવાની ક્રીયા નામદાર શ્રીમાન દરબાર શ્રી વાજસુરવાળા સાહેબના હાથે કરાવવામા આવી હતી અને તે વખતના મેલાવડામા આપના તરફથી ખુદાવીંદ નામદાર સગીર રાણા સાહેબનાં હાથે ગરીબોને મોટી સંખ્યામા કપડા અપાવવામા આવ્યા હતા.

આ તમામ સંસ્થાઓ ખુલ્લી મુકાણી, ચોરાશી થઇ, શ્રીમદ્ ભાગવતની સપ્તાહ થઈ તે તમામની ખુશાલી

માટે આપ તરફથી એક પારટી આપવામાં આવી હતી. તેમાં નામદાર સગીર રાણાસાહેબ, દરબાર શ્રી વાજસુરવાળા સાહેબ, લાઠીનાં નામદાર ઠાકોર સાહેબ, શ્રીમાન બક્ષીજી સાહેબ, તમામ અમલદાર વર્ગ અને શેઠ શાહુકારોએ ભાગ લઈ આનંદ લીધો હતો

આપ અહીંથી મુંબઇ પધારવાના હોવાથી સ્ટેટ તરફથી આપને માટે સલુન ખાસ ધોળા સુધી મુકવા માટે ખાસ ટ્રેનમાં જોડવામાં આવ્યું હતુ આપને સ્ટેશન ઉપર વીદાયગીરીનું માન દેવાને માટે રાતનો વખત હોવા છતાં તમામ અમલદારોએ તથા સદ્‌ગૃહસ્થોએ મોટી સંખ્યામાં હાજરી આપી આપને ઘણું માન આપ્યું હતું. જેથી આપનાં તરફ લોકોની જે ભલી લાગણી છે તે ખુલ્લી જણાઈ આવતી હતી આપ અત્રે લગભગ એક મહિનો રહ્યા ત્યારે સસ્તે ભાવે અનાજ આપવાની ગોઠવણુ કરી હતી ને ત્યાર પછી પણ અત્રેથી રા. રા. રૂપશંકર ઉદયશંકર ઓઝા આપની તરફ મુંબઇ આવતાં આપે તેમજ અત્રેનાં માનવંતા શહેરી શેઠ સાહેબ શેઠ ધરમશી મોરારજી ગોકળદાસે સાથે ફરી લગભગ રૂપીઆ પચાસ હજારની મોટી મદદ-

દુષકાલ ફંડ માટે અત્રેના મુંબઇમાં વસ્તા વતનીઓ-માથી અપાવી હતી તેમજ આપે પોતે તેમજ શેઠજી ધરમશીભાઇએ પણ મોટી રકમ આપી હતી, જેથી આપની, આપના વતનીઓ તેમજ વતન પ્રત્યે કેવી લાગણી છે તે ખુલી જણાઇ આવે છે.

ચાલુ સંવત ૧૯૯૮ ની સાલમા પણ આચાર્ય રત્ન શ્રીમદ્ ગોસ્વામી શ્રી ૬ શ્રી જીવણલાલજી મહારાજનાં લાલજી શ્રી રણછોડલાલજી મહારાજનાં બેટીજીનાં લગન અત્રે શ્રી સુદામા પુરીમા વૈશાખ માસમા હોવાથી આપને મહારાજશ્રી તરફથી આમંત્રણ થવાથી આપના અને તેઓશ્રીનાં ઘાઢા સબંધને લીધે આપનું અત્રે આવવું થયાથી આપના અત્રેના મીત્રોમા ઘણી ખુશાલી ફેલાઇ હતી આ સુભ પ્રસતાવમાં ભાગ લેવા ઊપરાત એ શુભ કામમાં આપે સારો વ્યય કર્યો હતો.

શ્રી ધ્વજા રોહણ મહોત્સવ અને શ્રીમદ્ભાગવત અષ્ટોત્તર શત પારાયણ શમારંભ.

ચાલુ વર્ષમાં આષાડ માશ બે હોવાથી અધીક અષાંડમાં આપનાં તરફથી શ્રી મુંબઇ નગરીમાં શ્રી

નાથજીની ધ્વજા ચડાવવાનો અને શ્રીમદ્ ભાગવત અષ્ટોત્તર શત પારાયણ બેશાડવાનો આપના મનમાં સંકલ્પ થતાં આપે આપના વહીલ પુત્ર ભાઈ વલભદાશને અને આપનાં વડીલ બન્ધુ સ્વર્ગ વાશી શેઠ ભગવાનદાસ ભાઇનાં ધર્મ પત્ની બાઇ માણેકબાઇ, આપનાં પુત્રી બાઈ લાડકીબાઇ અને શેઠ. હંશરાજ હેમરાજને શ્રી નાથદ્વારે શ્રીજીની ધ્વજા પધરાવવા મોકલ્યા અને તેઓ ધ્વજાજીને મુંબઇમા પધરાવી આવ્યા અને તેનો સમારંભ અધીક આષાડ સુદી ૯ થી શરૂ થયો

એ માંગલીક પ્રસંગમા ભાગ લેવાને આપનાં વિનંતી પત્રને અનુસરીને પોરબંદરવાળા આચાર્ય રત્ન શ્રી ૬ શ્રી જીવણલાલજી અને શ્રી રણછોડલાલજી મહારાજ પોતાનાં વઉ બેટીઓ સાથે પોરબ દરથી પધાર્યા હતા તેમજ પોરબંદરનાં સિનીયર એડમીનીસ્ટ્રેટર અને બગશરાનાં રાજ્ય કર્તા દરબારશ્રી. વાજસુરવાળા અને વળી ચાનાં રાજ્ય કર્તા દરબારશ્રી બાવા વાળા સાહેબ પણ આપનાં આમંત્રણને માન આપી મુંબઇ પધાર્યા હતા.

આ પ્રસંગમા આપે એકમીત્ર તરીકે મને પણ આમંત્રણ કરેલું હતું તેથી હું પણ એ પ્રસંગમાં ભાગ લેવાને મુંબઇમાં આવ્યો હતો અને એ મહાયસમા અતી હર્ષિત થઈ ભાગ લીધો હતો

આષાડ સુદ્ધી ૯ ને રવીવારે શ્રી ધ્વજાજી માધવ બાગમાં ધરાવવાનાં હોવાથી ભુલેશ્વર ચકલામાં આવેલ શ્રી બાલકૃષ્ણજીની મોટી હવેલી આગળની શ્રી નાથજીની પહેડી ઉપરથી એક મોટો અને ઠબઠબા ભર્યો વરઘોડો કાઢવામાં આવ્યો હતો વરઘોડામાં પોરબંદર વાળા આચાર્ય રત્ન શ્રી ૬ શ્રી જીવણલાલજી અને શ્રી રણછોડલાલજી મહારાજ ચાર ઘોડાની એક સુંદર ગાડીમાં તેઓ શ્રીનાં સ્વહસ્તમાં ચાંદીની થાળીમાં શ્રી ધ્વવજાજી પધરાવી બીરાજયા હતા

વરઘોડાના આગલના ભાગમાં નોબત, નીશાન, ડંકા, બેન્ડ, જોડીની ગાડીઓ વીગેરેનો ઠાઠમાઠ હોવાથી દેખાવ ઘણોજ દીપાયમાંન થયો હતો, તે પછી શહાજન મહાજન ચાલતું હતું અને તેમાં તે પ્રસંગમાં ભાગ લેવા પધારેલા રાજવંશીઓ, શહેરનાં હીદું આગેવાનો અને બીજા વૈશ્નવોએ ઘણીજ મોટી સંખ્યામાં ભાગ

લીધો હતો જેની શંખ્યા લગભગ પાચ હજાર કે તેથી પણુ મોટી હતી. તેની પાછલ અને ચારઘોડાની ગાડી આગળ વૈશ્નવોની શ્રી કેશરીઆ મંડળી પોતાનાં ધ્વજા, પતાકા અને નીશાન ડંકા સહીત ભજન કરતી ચાલતી હતી અને તે પછી સ્રી વર્ગમા રંગબેરંગી સાડીઓથી શણુગારી પોતાનાં માથા ઉપર ચાંદીના અને ત્રાંબાનાં કલશ લઈ ચાલતી હતી. વરઘોડો શ્રીજીની પહેડી-માથી નીકલી ભુલેશ્વર, મારવાડી બજાર, કાપડબજારો, જુની હનુમાનગલી, કાલબાદેવી, ગટુજી પાઠશાળા આગલ થઇ ભુલેશ્વર, પાંજરાપોળને રસ્તે માધવબા-ગમાં આવ્યો હતો જ્યા વેદવિધીથી શ્રી ધ્વજાજીનુ પુજન કરી તેમને માટે ઉભા કરેલા ખાશ મોટા વી-વીશાળ મંડપ ઉપર પધરાવવામા આવ્યા હતા ત્યાર બાદ શ્રીમદ્ ભાગવતની અષ્ટોત્તરશત પારાયણુનો આરંભ કરવામાં આવ્યો હતો, તે માટે આપનાં તર-ફથી લગભગ ૧૨૦ વ્યાશોને અને ૧૨૦ જાપીઆઓને નિમત્રણુ કરી બેસાડવામાં આવ્યા હતા. અષ્ટોત્તરશત પારાયણુનાં વડા વ્યાસ તરીકે આપે પોતાનાં દેશનું અભીમાન રાખી પોરબંદરના પ્રસિધ વૈદ અને વ્યાશ-ભટ મુળશંકર પુરશોતમને બેસાડયા હતા.

શ્રી નાથજીની ધ્વજાના મહોત્સવ પ્રસંગે આપના તરફથી સુદી ૯ ને રવીવારે ખીચડીખેલ અને સુદી ૧૦ ને સોમવારે મધ્ય ખેલનો મનોરથ કરી મુંબઈ નગરીનાં અને આશપાશના ગામડાઓના સમસ્ત કંઠી બંધ વૈષ્નવોને મહાપ્રસાદ આપવામા આવ્યો હતો અને તે પ્રસાદ હજારો વૈષ્નવોએ લીધો હતો.

આપના તરફથી તે મહાયજ્ઞની ખુશાલીમા મું-બઇમા બીરજતા સરવે ગોસ્વામી મહારાજોને માધવ બાગમા પધરાવી સારી રકમની ભેટ કરી હતી

આપની અષ્ટોત્તરશત પારાયણમા બેઠેલ દરેક વ્યાસને કપડા, લતા, વાશણ રોકડ રકમ વીગેરે મલી લગભગ રૂ ૧૦૦ ની આવક થઈ હતી અને જાપી-યાઓને લગભગ રૂ ૨૫ થી ૩૦ ની આવક થઇ હતી જે રકમો બીજી મુબાઇમાં થતી પારાયણો કરતા ઘણી વધારે હતી.

અષ્ટોતરશત પારાયણની સમાપતીને દીને એટલે અધીક આષાડ સુદી ૧૫ને દીને માધવ બાગમાથી એક મોટો અને દબદબા ભર્યો 'વરઘોડો કાઢવામાં આવ્યો હતો અને ત્રીશથી ઉપર જોડીની બબ્બે ઘોડાની

ગાડીમા ચાર ચાર વ્યાશો અને જાપીઆઓને બેસા-
ડવામાં આવ્યા હતા અને ઇંગ્રેજી બેન્ડ મંગાવી
તેને શહાજન મહાજનની આગળ ચલાવવામાં આવ્યું
હતું શહાજન મહાજનમા આપને ત્યા એ પ્રસંગને
માટે ખાસ પધારેલા રાજવશી પરોણાઓ, શહેરનાં
નામાંકીત હીંદુ આગેવાન શહેરીઓએ અને બીજા
વૈશ્નવોએ ઘણીજ મોટી સંખ્યામાં હાજરી આપી હતી
જે પછી મુખ્ય વ્યાસજીની ગાડી ચાલતી હતી અને
તેની પાછળ કેશરીઆ મ ડલી પોતાના ધજા, પતાકા,
નાશાન ડંકા સાથે ભજન કરતી ચાલતી હતી અને
પાછલ આચાર્ય રત્ન શ્રીમદ્ ગોસ્વામી શ્રી ૬ જીવણુલા-
લજી અને શ્રી રણુછોડલાલજી મહારાજ ચાર ઘોડાની
ગાડીમા પોતાના હસ્તમા શ્રીનાથજીની ધ્વજા પધરાવી
બીરાજ્યા હતા જેમની ઉપર આખે રસ્તે ભાવીક
વૈશ્નવ જનો તરફથી પુષ્પની વ્રષ્ટી કરવામા આવતી
હતી અને તેની પાછલ અને છેવટના ભાગમા શહે-
રના નામાંકીત હીદુ ગ્રહસ્થોની સ્રીઓ રંગબેરંગી
રગના સુંદર પોષાકમા શજ થઈ શ્રીમદ્ ભાગવતના
પુસ્તકો પોતાના મસ્તક ઉપર પધરાવી ચાલતી હતી.
એ દબદબા ભર્યો વરઘોડો માધવ બાગમાંથી સાંજના

સાડા ચાર વાગે નીકળી પાજરાપોળ, શ્રીગટ્ટુજીના પાઠશાળા, કાલબાદેવી, જુની હનુમાનગલી, કાપડ બજારો, મારવાડી બજાર અને ભુલેશ્વર આગળ થઈ શ્રીજીની પેઢી ઉપર આવ્યો હતો જ્યા શ્રી ધ્વજાજીને પધરાવવામા આવ્યા હતા, અને શ્રી બાલકૃષ્ણજીની હવેલીમા આપના તરફથી મોટા વ્યાશને હાથે સારી રકમની ભેટ ધરાવવામા આવી હતી વરઘોડામાં એટલી બધી ગીરદી હતી કે વરઘોડો કાલબાદેવીના રસ્તા ઉપર આવતા પોલીશ તરફથી વીજળીક ટ્રામવેનો વહેવાર કેટલોક વખત સુધી બધ રાખવામા આવ્યો હતો વરઘોડો ફરવાને આખે રસ્તે લોકોની તે વરઘોડો જોવાની ઉલટમા મોટી મેદની મચી હતી.

શ્રીનાથજીની ધ્વજા ચડાવવાને દીવસે એટલે સુદી ૯ ને રવીવારે અને અષ્ટોત્તર શત્ત પારાયણની સમાપ્તી એટલે સુદી ૧૫ ને શનીવાર મલી બને દીવસોએ મુબઈની ચારે કાપડ બજારો, તેમજ હીંદુ વેપારી બજારો આખો દીવશ બધ રાખવામાં આવ્યા હતા અને શરવે વેપારીઓએ પોતપોતાનાં માણસો સહીત બને દીવસોએ મોટી સખ્યામા ઉપલા વરઘોડાઓમા ભાગ લીધો હતો.

મુંબઈના મારા પોતાનાં રહેવાશ દરમ્યાન કેટલાક વૃદ્ધ અને અનુભવી માણુસોને મહોડેથી એવુ સાંભળ્યું હતું કે શ્રી ધ્વજાજીનો મનોરથ અને મહાયજ્ઞ (અષ્ટોત્તર શત્ત પારાયણુ) આ એ વખતે થઇ છે તેવી લગભગ ૨૫ થી ૩૦ વર્ષ સુધીમા થઈ હોય એવુ અમને યાદ નથી અને મને પણુ અનુભવ છે કે આવો પ્રસ્તાવ ૨૫ થી ૩૦ વર્ષમા થયો નથી.

આપની ધર્મ ઉપરની અગાધ પ્રીતિ અને મીલનસારપણું બન્ને એક સરખા હોવાથી તેમ આપની મ્હારા પ્રત્યે એક લઘુભ્રાત તરીકેની પુર્ણ ભાવના અને પ્રેમ હોવાથી હું આ માહરૂ પ્રેમમય પુસ્તક શ્રી સુદામા મહાત્મ્ય સાથે આપનુ પારમાર્થિક જીવન ચરીત્ર લખી કૃતારથ થાઉછુ

સંવત ૧૯૯૮
શ્રી પુરસોતમ માસ.

હું છું આપનો
લઘુભ્રાત.
શાહ.મોતીચંદકપુરચંદગાંધી.

श्री हरिः ॐ श्री हरिः

અથ. શ્રી. સુદામા. ચરિત્ર.

પૂર્વે દ્વાપરયુગના અંતમા આજથી લગભગ ૫૨૦૦ વરષ ઉપરે સૌરાષ્ટ દેશમા પશ્ચિમ ભાગમા સમુદ્રથી સમાગમ થયેલી અસ્માવતિ નદીના રમણ્ય ત્રટ ઉપર આચાર વિચારમા પરિપૂર્ણ વેદ તથા તેમના અંગોને સાગો-પાગ સમજનારા એક યજુર્વેદી તથા કૃષ્ણાત્રગોત્ર અને જેના ત્રણ પ્રવર હતા એવા મહાન પવિત્ર અને કલ્યાણકારી ભૃગુ વંશમા જન્મ પામેલા એક વૃદ્ધ રૂષી આધી ઉપાધીનો ત્યાગ કરી ઉત્તમ આશ્રમમા વિરાજી દિવસ રાત્રિ શ્રી નારાયણના સ્મરણમા તથા યોગમાં સમાધીસ્ત થઈ પોતાનો અમુલ્ય વખત ગાળતા હતા સંસારની અગાધ ઉપાધીમાં લીન થવું અને માયા-

ખિન થવું એ વાત એમને સ્વપ્નામાં પણ જરી ગમતી નહોતી. તેમનાં ઉત્તમ સત્સંગમાં પણ જો સંસાર સંબધી વાત જરા પણ કોઈ ભૂલથી કહી આપે તો પોતે તે વાતમાં સહજ નારાજ થતા અને ઉપદેશમાં ભલામણ કરતાં કે હવે પછી આવી વાતો માટે અમુલ્ય વખતને નિષ્ફલ ન ગાળવો કારણકે ગયેલ તક ફરીથી મલતી નથી. અને સંસાર એજ દુ:ખ અને ઉપાધીનું સ્વરૂપ છે મને પ્રથમથીજ મારા ભવતારક શ્રી સદ્‌ગુરૂએ કલ્યાણાર્થે મને કહ્યુ છે કે

जन्म दुःखं जरा दुःखं, नित्य दुःखं पूनः पूनः ॥
संसार सागरे दुःखं, तस्मात् जाग्रही जाग्रही ॥

આ દુઃખથી ભરેલા સંસાર સાગરમા પ્રાણીઓને અનેક પ્રકારનાંજ જન્મના દુ:ખ તથા વૃધાવસ્થાના દુ:ખ ન સહન થઇ શકે તેવા નિત્ય નવિન નવિન ન ધાર્યાં. દુ:ખોનો વર્ષાદ વરસ્યા કરે છે, માટે જાગૃત થઇ ને જુવો સંસારમાં સુખ કે દુ:ખ શુધ ભાવથી જોઈએ તો આ સંસાર અને તે કેવલ દુ:ખ રૂપજ છે. કારણ કે દરેક પ્રાણીને જન્મ વખત મહાકષ્ટ થાય છે, નથી સેવાતું તેથી વારંવાર કરગરી કરગરી ઉંચા શબ્દે પ્રભુ-

ને નમ્રતાથી સ્તુતિ કરી અને માંડ માંડ દયાનિધી પરમાત્માની દયા દૃષ્ટીથી તે દુઃખથી મુકત થાય છે અર્થાત જન્મ પામે છે કે તુર્તજ માયાનો સમાગમ થવાથી ગર્ભમા દુખની વાત ભૂલી જવાથી મિથ્યા માયાને વશ થઇ પ્રાણી પોતાના અમુલ્ય સુખ એટલે પ્રભુ ભજન તેમને છોડી દુખ રૂપી દરીઆમા પડી ન સેવાતાં દુખને ભોગવે છે એટલુજ નહિ પણ નાહક મારૂં મારૂ કરી સસાર સમુદ્રમાં ડુબે છે આમ કરતા જરાવસ્થા (વૃદ્ધ પણ) મા પરવશ થઇ ચક્ષુરકિત બનિ જો કે સસારમા ડુબેલો માણસ છતી આખે અંધ છે તો પણ જરાવસ્થામાં તે કર્મ ચક્ષુથી રહિત થઈ બીજા અનેક પ્રકારના કસ્ટનો અનુભવ કરે છે. ને છેવટ તે કષ્ટથી મરે છે ને વળી ખરાબ દુ.ખદ વાસનાથી જન્મ મરણની ઘટ માલમા ફરે છે, માટે જાગ્રત થઈ ચેતો કે જે પ્રાણી પોતાની અમુલ્ય તક પ્રભુ ભજન શિવાય ખુવે છે તેને આવાં દુઃખો પોતાના ખરાબ કર્મથી મલે છે આવુ ઉંચુ અને ભવ્ય જ્ઞાન તે મહાત્માને હોવાથી તથા તે પ્રમાણે વર્તવાથી તેમનો ભવતારક ઉપદેશ સત્સંગીઓને પણ ઘણી અસર કરતો હતો, તે રૂષી તથા તેમનાં ધર્મપત્ની બને જ-

ણું પ્રભુની છાપોથી છપાએલા તથા ભજનમાં રંગાઈ ગયાં હતાં તે દંપત્તિ ભજન સિવાય અન્ય આલાપ ન કરતાં, કેવલ આનંદમાંજ રહેતા અને અન્યને ભજનાનંદનુ જ કહેતાં અને તેજ આનંદને સેવતા હતા.

આવા સુખદ તથા અઘહર ભજનના ઉત્તમ પ્રભાવથી તે રૂષીને ત્યાં પિતૃરૂણથી મુકત કરવા માટે પુત્રનો જન્મ થયો કે તુર્તજ રૂષીએ આ મારા પ્રભુની માયા છે આમ ધારી તેમનાં ગ્રહની શાંતી માટે તથા દાન ઈત્યાદિ કર્મ માટે પણ પ્રભુ ભજનમા સર્વસ્વ સમાયેલું છે આમ સમજી પોતે ભજનમાં લીન થયાં. અને પુત્ર પણ પ્રભુના પુર્ણ ભકત બને આમ ઇશ્વર પાસે માગણી કરી કૃતાર્થ થયા પુત્રની ચંદ્ર જેવી ધવલ કાંતિ હોવાથી અને આ પુત્ર પણ ભક્તિ કરી મલ રહિત ધવલ ચંદ્ર જેવો થશે કારણ કે **आकृति गुणान कथयति इति न्यायात्.** આ ન્યાય પરથી તેનું નામ તે રૂષીએ સોમશર્મા ધારણ કર્યું હતું.

યોગ્ય સમયે સોમશર્મા ને યજ્ઞોપવિત તથા ગાયત્રીનો મંત્ર આપી તેમને બ્રહ્મ ચર્યાદિ વૃતો ધારણ કરાવી. વેદ ઉપવેદ તથા તેમનાં અંગોના અભ્યા-

સની શરૂઆત કરાવી પણ મુળથીજ સોમશર્માને પ્રભુ ભજન એજ સર્વથી શ્રેષ્ટ છે. માટે તેમા દિવસ રાત્રિ લીન થવુ આમ કરતાં અભ્યાસ પરિપૂર્ણ થતાં તથા નિયમ પ્રમાણે બ્રહ્મચર્યાદી વૃતો પુર્ણ થતાં તેમના પિતાશ્રીએ ઉત્તમ બ્રહ્મ કન્યા સાથે તેમના લગ્ન કરી પોતે દંપત્તિ અપૂર્વ પ્રભુ ભક્તિના પ્રતાપથી સ્વૈચ્છા પ્રમાણે વૈકુંઠમાં ગયા.

સોમશર્માએ શાસ્ત્ર નિયમ પ્રમાણે તેમની ઉત્તમ રીતીથી ઉત્તર ક્રિયા કરી પીતાની ભલામણ મુજબ દંપતિ પ્રભુ ભજન કરવા લાગ્યા પણ વિચાર્યુ કે ઉત્તમ વંદનિય માતા પિતાનો સુખદ આશ્રય જે હતો તે ગયો. હવે કોના આશ્રયથી રહેવું કારણ કે—

अनरग्यं मपि माणिक्यं, हेमाश्रय मुपाश्रिता
विनाश्रयनशोभंते, पंडिता वनिता लता ॥

છેવટે વિચાર કરતાં પોતે પોતાના પિતાજીનું સ્મરણ કરી મુને આ સૃષ્ટીમાજ જન્મ આપનાર પુજ્ય પ્રભુ તુલ્ય મારા વંદનીય માતાપિતા મેં જો મારા શુદ્ધ અંતકર્ણથી શ્રી સમુદ્ર તથા તિર્થરાજ અસ્માવર્તિની

સાક્ષીથી રમણીય સ્થાનમા આપનું પરમ પુજ્ય ભાવે. શેવન કર્યું હોય તો હે જન્મ આપી કૃતાર્થ કરનાર આપના આશ્રય પછી મારે કોનો આશ્રય લેવો તે વાત ચોકસ મારાં હૃદયમાં સુજાડો આમસવિનય અને અભિવદન સાથ આપની સ્તુતિ કરૂ છું આમ શુધ ભાવથી સ્મરણ કરતાંજ નિશ્ચય થયો કે –

आकाश सूर्यरत्नानि ग्रहरत्नानि बालका ॥
मित्र तुल्यस्त्रिरत्नानि सभारत्नानि पंडिताः ॥

હૃદય રૂપી જે આકાશ જેમાં જ્ઞાનરૂપી સૂર્ય રત્તની માફક શોભે છે. શરીરરૂપી ઘરમાં શતકર્મરૂપી બાલકો રત્નની પેઠે શોભે છે બુધી રૂપી સ્ત્રી મિત્રની પેઠે સારી સલાહકાર તરીકે રત્નની પેઠે શોભે છે મુખારવિંદની અંદર બત્રિસ દતની સભાની અદર પ્રભુ ભજન કરતી પડિતરૂપી જીવ્હા રત્નની પેઠે વિરાજી રહેલી છે, એવું જે રત્ન સમાન સ્થાન તેને પોષણુ દેનાર ત્થા સદ્દવર્તન બતાવનાર જે ઇશ્વર તેનું સ્મરણુ કરવું. એજ ઉત્તમ છે. અને પ્રભુના આશ્રયથી રહેવું તેજ શ્રેષ્ઠ છે. પ્રભુના આશ્રય શિવાયના બધા આશ્રય વ્યર્થ છે.

ઇશ્વર કરે તે થાય, નિશ્ચે ઇશ્વર કરે તે થાય
મનના ધાર્યા મનસુબા તે સર્વે ફોકટ થાય ...નિ

અને નિશ્ચય પરમાત્મા ભક્તાધિન છે આમ સાક્ષાત શ્રુતિ કહે છે એટલુંજ નહિ પણ શ્રીહરીએ સ્વમુખે એક દીવસ નારદજીને કહ્યું કે.

नाहं वसामि वैकुंठे योगिनां हृदयेहवौ.
मद् भक्ता यत्रगायंति तत्रतिष्ठामि नारद

હે નારદ હું વૈકુંઠ તથા યોગીઓના હૃદયમાં રહેતો નથી પણ મારા ભકતો જ્યાં મારૂં ભજન. કરે છે. ત્યાં વૈકુંઠમાંની દીવસ રાત્રી હું રહું છું.

માટે પરત્માનુ ભજન કિર્તન તથા ધ્યાનસમાધી અને પ્રભુ સંબધી વૃતો નિયમો જપ તપ કરવુ તે શ્રેષ્ઠ છે આમ ધારી સમુદ્રમાં મળતી અસ્માવતિના રમણ્ય કિનારે પોતાના પિતાશ્રીની પર્ણકુટીમાં પોતાની સ્રીને પ્રભુ ભજનનો તથા આવેલ અતિથીઓનો યોગ્ય સત્કાર કરવો આમ ઉપદેશ કરી પોતે દીવસે દીવસે અભ્યાસ કરતા, પ્રાણવાયુ ખેંચી સમાધીસ્થ થતાં પુનઃ બે દીવસે સમાધીથી મુકત થઈ અણુસઠ તિર્થો જેમાં વિરાજે છે એવા સમુદ્રમાં તથા

અસ્માવતિમાં સ્નાન કરી, પ્રભુ પૂજન કરી, તેમને નૈવેદ્ય ધરાવી તેમની પ્રસાદીથી અતિથિઓનો સત્કાર કરી બંને દંપતિ ભોજન લેતાં. વળી સ્નાન કરી પોતે સમાધીસ્ત થતાં પેલાં સ્રીને વારંવાર અતિથિઓના સત્કારમાં ખામી ન આવે તેવી ભલામણ કરતાં. કારણ કે ત્યાં અતિથિઓનું આગમન વધારે હતું કારણ કે બદુ-કાચલ તથા રૈવતાચલ પ્રભાસ તથા દ્વારીકા, બદ્રિકા-શ્રમ વિગેરે તિર્થોમાં જવા માટે આ રસ્તો સહેલો છે. એ-ટલુંજ નહિ પણ આ શરીર કેવલ પરોપકાર માટે છે. જયાં-સુધી અતિથીંઓ સ તોષ પામ્યા નથી, ત્યા સુધી પ્રભુ પ્ર-સન્ન થતા નથી. આમ શિખામણ આપી પોતે સમાધીસ્થ થતાં હતાં. હમેશના અભ્યાસથી સોમશર્મા લગભગ છ છ માસ સમાધીસ્થ રેવા લાગ્યા ત્યાં સુધી તેમનાં પત્ની પણ પતિ ભજનમાં આરૂઢ થઇ પતિને સેવતાં હતાં. જેમ **भवानिवभवपति** પાર્વતી શંકરને સેવે તેમ તે સોમશર્મા સેવા કરતાં હતાં. એટલુંજ નહિ પણ જયારે સમાધીથી જાગ્રત થાય ત્યારે તેને સ્નાન કરાવી પૂજન કરી સ્વામીની ભવ્ય પ્રસાદી આરોગતા હતાં. આવા ભજનારૂઢ થયેલાં સોમશર્માને ઘેર પ્રભુ કૃપાથી ઉ-

ત્તમ પૂત્રની પ્રાપ્તી થઈ. તે પૂત્રરત્ન કેવો થયો કે.–

तस्य पुत्रो महान्नासित्सुदामा इति विश्रुतः ॥

તેને સુદામા નામથી પ્રખ્યાત એક ઉત્તમ પૂત્ર થયો. તે પૂત્રને જોઇ અતિ તાપથી તપાઇ ગયેલાને જેમ ચંદ્રમા શાતિ આપે છે, ક્ષુધાતુરને અન્ન મળવાથી જેમ શાતિ થાય છે તથા જલ વિનાના મચ્છને જેમ અમૃત સરીખું જલ શાતિ કરે છે, તેમ આ પૂત્રને જોઈ મહર્ષિ સોમશર્મા દંપતિસહ હર્ષ પામ્યા. કારણ જે પુ નામનું ઉગ્ર નર્ક પૂત્ર વિના તરી શકાતું નથી. આમ હર્ષોદધિમાં લીન થતાં **शुक्लपक्षयथाशशिनी** માફક તે પૂત્ર સુદામો દીવસે દીવસે વૃદ્ધિ પામવા લાગ્યા. માતા પિતાનાં ઉત્તમ આચરણો તથા ભક્તિ જ્ઞાન વૈરાગ્ય જપ તપ દાન અને યજ્ઞાદિકની અને સત્સંગની ભવ્ય છાપો તે બાલકના કોમલ હૃદયમાં છપાવા લાગી. કારણ માતા પિતા અથવા ઘરમા કુટુંબીઓ જે પ્રમાણે વર્તે તે પ્રમાણે બાલક શીખે. કારણ કે વાસ એવો અભ્યાસ અને સંગ એવો રંગ એ લૌકિક સત્ય વાત પ્રમાણે બાલ્યાવસ્થા છતાં શનૈ શનૈ ભક્તિ પંથમાં ભળતાં હતાં.

આમ કરતાં કરતાં પૂત્રની ઉમર જ્યારે લગભગ પાચેક વરસની થઈ ત્યારે તેમના પવિત્ર માતાપિતાએ શુભ મુહૂર્ત જોઈ શુભ સમયે બ્રહ્મર્ષિ તથા દેવર્ષિઓને તથા રાજર્ષિઓને બોલાવી તેમના સમક્ષ યજ્ઞોપવિત ધારણ કરાવી શુભ સાવિત્રીનો ભત્રતારક ઉપદેશ કરાવી અતુલ હર્ષ પામ્યા. પછી વિચાર્યું કે શ્રી સાવિત્રી ઉપદેશ થાય કે તુરતજ વેદ વેદાન્ત તથા તેમના અંગો તથા પાણીનચાદિ શાસ્ત્રો જોવાની જરૂર છે; કારણ કે પુત્રને વિદ્યાહીન રાખવાથી અને ખોટા લાડપાડમા ઉછેરવાથી અનેક પ્રકારના અવગુણો ઉત્પન્ન થાય છે. વળી:—

माता शत्रु पिता वैरी येन बालो न पाठितः ।
न शोभन्ते सभामध्ये हंस मध्ये बको यथा ॥

જેમ હંસની સભામાં બગલું શોભતું નથી તેમ વિદ્યાહીન મનુષ્ય વિદ્વાનોની સભામાં શોભતો નથી. અને જેનાં માતા પિતાએ પુત્રને અધ્યયન કરાવ્યું નથી તે તેમના શત્રુ ગણાય છે. કારણ કે:—

रूप यौवन्न संपन्ना विशाल कुल संभवा ।
विद्याहिना न शोभन्ते, निर्गंधाइव किंशुकाः ॥

ગમે તેવા રૂપથી યુક્ત હોય, યુવાવસ્થાથી ભરપૂર હોય, સારા કુળમાં જન્મ્યો હોય પણ જેમ સુગંધી વિનાના કેશુડા શોભતા નથી તેમ વિદ્યાહીન મનુષ્ય પણ શોભતો નથી. વળી પણ—

किंकुलेन विशालेन विद्याहिनेन देहिनाम् ।
अकुलिनोपि विध्वांस्य देवताभिः स पूज्यते ॥

જે પુરૂષ હીન કુલમા જન્મ્યો હોય પણ જો વિદ્વાન હોય તો દેવતાઓથી પણ માનને પામે છે માટે મોટું છતાં પણ વિદ્યાહીન હોય તો તે કુળ કશા કામનું નથી. વળી વિદ્યા કેવી છે—

कामधेनु गुणाविद्या सदैव फलदायनि ।
प्रवासे सदसि माता विद्यागूप्तं धनं स्मृतं ॥

કામધેનુ પાસે મનુષ્ય જે જે ઇચ્છા કરે તે પુરી પાડે છે તેમ વિદ્યા પણ એવા ગુણવાળી છે કે માનવની ઈચ્છા તે પરિપૂર્ણ કરે છે. એટલુંજ નહિ પણ પ્રવાસ વિગેરેમા માતાની પેઠે રક્ષણ કરે છે માટે વિદ્યા એ ખરેખરૂં ધન છે. અને તે વિદ્યા રૂપી ધન પાસે,—

प्राज्यं समस्त वसुधा वलयस्य राज्यं
स्वाराज्य मप्यनुपमं तृण निर्विशेषम्
मन्वंत इश्वर कृपार्पितहृद्य विद्या
नंदामृतांबु निधिमग्न मनो मराला ॥

ઈશ્વર કૃપાથી પ્રાપ્ત થયેલ મનને સંતોષ આપનાર વિદ્યાના આનંદ રૂપ અમૃતના સમુદ્રમા ડુબ્યા રહેતા મન રૂપી હંસવાળા વિદ્વાન પુરૂષો સમસ્ત પૃથ્વીના પુષ્કળ રાજ્યને કે અનુપમ ચક્રવર્તીપણાને પણ તૃણ સરખું ગણે છે. કારણ કે વિદ્યારૂપી આનંદીની પાસે એવી રાજ્ય સંપત્તિ પણ હિસાબમા નથી. માટે બધા કામ તથા અન્ય ખોટા લોભનો ત્યાગ કરી દરેક મનુષ્યોએ બાલકને બાલ્યાવસ્થાથીજ વિદ્યારૂપી આનંદમાં જોડી દેવા જોઇએ. આમ વિચારી, પૂત્ર સુદામાને કયા ગુરૂ પાસે વિદ્યાધ્યયન માટે મોકલવો, કારણ કે આલોક અને પરલોકના સુખ ભાજન ગુરૂજ છે. ગુરૂથી આલોક તથા પરલોક સુધરે છે. સદ્‌ગુરૂના શરણ શિવાય અને સદ્‌ગુરૂની ખરેખરી કૃપાદૃષ્ટિ શિવાય પરમાત્માના પદની પ્રાપ્તિ થવી દુલભ છે. માટે ગુરૂ પણ એવાજ હોવા જોઇએ કે ચૌદ વિદ્યા,

ચાર વેદ તથા તેમના અંગોથી જ્ઞાતા તથા શિષ્યોનું કલ્યાણ કરવામા પ્રીતિવાળા અને શિષ્યોપર પોતાના બાલક કરતાં અધિક પ્રેમ રાખવા વાળા શાંત, ઉદાર, દયાળુ અને શમ દમ તપથી યુક્ત વળી સંસાર સ્પૃહાનો ત્યાગ કરનારા, દિવસ રાત્રી ઉત્તમ શ્લોકનો ગાન કરનાર એવા કોઈ ગુણીયલ ગુરૂના ચરણ શરણમા સુદામાને અભ્યાસ માટે મોકલાવી તેમને કૃતાર્થ કરવો એ મારો મુખ્ય ધર્મ છે. આમ વારંવાર વિચાર થતાં સુદામાને બોલાવી આજ્ઞા કરી કે પુત્ર હવે તમારી શી ઇચ્છા છે. ત્યારે હાસ્ય વદનથી કૃતાંજલી યુક્ત વિનયવાળા શબ્દોથી સુદામાજી બોલ્યાઃ—

પૂજ્ય પિતાશ્રી આપની ઇચ્છા તેજ મારી ઈચ્છા, આપનો વિચાર તેજ મારો વિચાર. પણ આપને કરગરી પુછુછુ કે, શિશુવસ્થામાં બાલકોએ શી રીતે વર્તવું જોઈએ ને શિશુના ધર્મો શું છે, તે મને કૃપા કરી કહી કૃતાર્થ કરો. એ શિવાય મારા પર આપની ઈચ્છાનો આદેશ કરી ઉપકારી કરો. આવા બાલકના જ્ઞાન યુક્ત શબ્દો સાંભળી પ્રસન્ન વદનથી તુર્તજ સોમશર્મા કેવઃ લાગ્યા કે, વાહ વાહ પ્રભુ તારી

ગતિને ધન્ય છે, કે મારી જે ઈચ્છાનો ભાસ પૂત્રના હૃદયમાં ભાસ્યો અને મારી ઈચ્છા અનુસાર પુત્રે માગણી કરી. અહા કેવી હર્ષની વાત ! આમ સમજી સોમશર્મા બોલ્યા કે પુત્ર બાલકોએ કૌમાર અવસ્થામાં સારા સદ્ગુરૂના શરણમાં જઈ ભવતારક ગુરૂની સેવા કરી આલોક તથા પરલોક સુધારે એવી વિદ્યાનું અધ્યયન કરવું અને આનંદમાં રેવું તેજ બાલકોનો મુખ્યમાં મુખ્ય લાભદાયક ધર્મ છે. માટે તું સદ્ગુરૂના શરણમા જા, એવી મારી ઇચ્છા છે. કારણ કેઃ-

गुरु ब्रह्मा गुरु विष्णुः गुरु देवो महेश्वरः ।
गुरु साक्षात्परि ब्रह्मः तस्मै श्री गुरवे नमः ॥

આ સાંભળી સુદામાજી બોલ્યા કે, એવા ગુરૂ કોણ અને કઈ જગોએ નિવાસે છે તે આપ કહો એટલે તેમના શરણમાં જઈ સેવા કરી કૃતાર્થ થાઉં.

ત્યારે સોમશર્મા પૂર્ણ વિચારોનો વિચાર કરી એવા સદ્ગુરૂ સાંદિપન્ શિવાય અન્ય મારી દૃષ્ટિ પર આવતા નથી આમ ધારી સુદામાને આજ્ઞા કરી કે પૂત્ર ! અવંતિકા નગરીમાં સર્વ વિદ્યાના જ્ઞાતા સ્વધર્મ પાલક પરોપકારી અને ધર્મમૂર્તિ ખાસ મહાત્મા

સાંદિપન્ બિરાજે છે તેમના શરણમાં જા. ત્યાં જવાથી તારૂં કલ્યાણ થશે. આવા માતાપિતાના પ્રેમયુક્ત વાક્યોને સુદામાએ માથે ચઢાવી પિતાની આજ્ઞાથી શુભ મુહુર્તમા માતાપિતાને પ્રણામ તથા પ્રદક્ષિણા કરી તેમની રજા લઈ સુદામાજી વિદાય થયા.

પર્ણ કુટીથી બહારજ નિકળતાં આરંભમાં તુર્તજ જન્મ આપેલ વસ્તયુક્તા કામધેનુ શુકનમાં મળ્યા. પુનઃ જલનું બેડું ભરી બ્રહ્મપત્નીઓ તથા કુમારીકાઓ કુંકુમ અક્ષતનાં પાત્રો લઈ સામી મળી એટલુંજ નહિ પણ આગળ ચાલતાં રાસભ (ગધેડા) ના શબ્દો પણ મંગલ સૂચક ડાબી બાજુએ થવા લાગ્યા. આવા મંગલ સૂચક શુકનોથી પ્રસન્ન થયેલાં સુદામાજી હર્ષ પામી શનૈ શનૈ અવંતિકા તરફ ચાલવા લાગ્યા. માર્ગમાં દક્ષિણ બાહુ તથા કાંધ અને નેત્ર પણ ફરકવા લાગ્યા આથી સુદામાએ વિચાર્યુ કે અહો આ જગતમાં મારા પૂજ્ય પિતાશ્રીની કેવી દયા છે કે મને કૃપા કરી પોતે આ શ્રેષ્ટ માર્ગ બતાવ્યો અને વળી તે બાબતમાં પણ આવા મંગલ સૂચક શુભ શુકનો તથા મંગલ કરનારૂં બાહુ દક્ષિણ

સ્ફુરણ પામે છે અવશ્ય પિતાના આશિરવચનથી અને મગલ સૂચક શુકનોથી કોઈ મોટામાં મોટો દૈવી લાભ થશે એવું આ ચિન્હોથી ભાસે છે. આમ હર્ષ પામતા આ બધી પુજ્ય માતાપિતા તથા સદ્ગુરૂની કૃપાનું ફલ છે, એમ વિચારતા પોતે અવંતિકા નજીક આવ્યા.

શ્રી હરિઃ

ગુરૂકુલ વાસ.

અત્યાનંદ ભરેલા હૃદયથા નગ્રના પૂર્વ દરવાજામાં પ્રવેશ કરતી વખત માંગલિક, કુમારિકાઓ અક્ષત કુંકુમ ચંદનો લઈ અપર્ણાપતિ (મહાદેવ)નું સ્તવન કરવા સિધાવતી દક્ષિણ બાજુએ જોવામા આવી, એટલુંજ નહિ પણ સવત્સા કામધેનુના પાપનાશક મંગલ સૂચક ધારેલા કામને પરિપૂર્ણ કરનારા શુભ શુકનો થવા લાગ્યા. આથી હર્ષોદધિની લહેરીથી ભીંજાઈ ગયેલા સુદામાજી ત્વરાથી પગલાં ભરતા

ગુરૂના પવિત્ર ભુવનને ગોતતા ગોતતા તપરૂપી તેજથી દેદીપ્યમાન અને વેદના નાદથી છવાઈ રહેલાં અગર ધુપની સૌરમથી ચારે તરફ બેહકી રહેલા ભૂવનપતિ પાસે આવી, ધવલ કેશવાળા અને તપરૂપી તેજથી પ્રકાશિત ધવલકાંતિવાળા અને શિષ્યોના સમુદાયના મધ્ય ભાગમા વિરાજેલા નક્ષત્રના મધ્યમા પૂર્ણિમાનો શશિ શોભે તેમ શોભતા હતા, વળી હસ્તવડે અને કંઠવડે સ્વરોના ચિન્હને બતાવતા એવા તેજોમૂર્તિ ગુરૂરાજ સાદીપનને આનંદ ભરેલાં નેત્રોથી નીરખી જેમ લોભીને દ્રવ્ય મળવાથી, કામીને સ્ત્રી મળવાથી, મીનને જલ મળવાથી આનંદ થાય તેથી પણ અધિક આનંદ ભર હૃદયથી સુદામાજી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી ગુરૂના પાસે લોટવા લાગ્યા ને પ્રેમના આસુની ધારા વહેવા લાગી. પણ તે ધારા અમાગલિક સમજી પૂર્ણ જોસથી તેમને બંધ રાખી ગદગદ્ કંઠે તેમની કૃતાંજલિ વડે સ્તુતિ કરવાનો આરંભ કર્યો. પણ હર્ષની લહરીઓ એકદમ ઉભરાઈ જવાથી શું સ્તુતિ કરવી તેનુ તેને પૂર્ણ ભાન રહ્યું નહિ તોપણ ઉભરાઈ ગયેલા હર્ષથી પોતાની અલ્પ મત્યાનુસાર સ્તુતિ કરી પોતે મનથી કૃતાર્થ થયા તેમ માન્યું.

શાર્દૂલ.

જે વિદ્યારસ મગ્ન થઈ, નિશદીને સ્વધર્મમાં વર્તતા;
વિદ્યા વિત સમાજમા, સુવિષયો તત્વો વડે ચર્ચતા.
જે સંતોષ સુધાથી તૃપ્ત થઈને, રહેતા સદા હર્ષથી;
તે સદ્દગુરૂ સદૈવ શાંતિ કરજો, શુભ ચર્ણુના સ્પર્શથી.

આવા શુચી વિનયથી પ્રસન્ન થયેલા ગુરૂએ સત્કાર પૂર્વક સુદામાને આગમ્રન તથા કોના પૂત્ર અને કોણ જ્ઞાતિ વિગેરે હકીકત સર્વજ્ઞ છતાં પુછયું તેથી આનંદીત થયેલા સુદામાએ સર્વ હકીકત ગુરૂ પાસે વિનયથી જાહેર કરી કે તર્તજ ગુરૂએ આશીરવચન સાથ તેમને શિષ્ય થવા અને શિષ્યો સાથે સગ કરવા અધિકાર અર્પણ કર્યો.

ગુરૂભકિત.

અધિકાર મળતા સર્વ શિષ્યો સાથે ગુરૂ સેવા કરવા શને શને સુદામાજી ભાગ લેવા લાગ્યા. એટલુંજ નહિ પણ બ્રાહ્મમૂહૂર્તમાં જાગ્રત થઈ પોતે સ્નાનાદિક શુચીકર્મોથી પરવારી ગુરૂને (મંદિરમાં શયન

કરેલા જોઈ) વ્યંજન લઈ પવન કરતા અથવા ચર્ણ ચાપતા મુખેથી ગુરૂને જાગ્રત થવા માટે ધીમે ધીમે પદો બોલતા, કે તુર્તજ ઉદયાચલથી જ્યમ સૂર્ય-નારાયણ ઉદય પામે તેમ પર્યંકમાંથી જાગ્રત થતા. અઘનાશક ગુરૂના દર્શન કરી તેમની પ્રદિક્ષણા કરી સાષ્ટાંગાદિકથી સ્તુતિ કરી મર્દનાદિક તૈલોથી મર્દન કરી ગુરુને ઉષ્ણ જલથી સ્નાન કરાવી તેમનું પૂજન કરીને ગુરૂએ અર્પણ કરેલા મહા-મંત્રો તેમની પાસે બોલી નવીન મંત્રોનું અધ્યયન કરી પ્રદિક્ષણા ફરી આજ્ઞા લઈ ગામમાં ભિક્ષા મા-ગવા સુદામાજી જતા હતા અને ત્યાંથી શુચી ભિક્ષા મેળવી ગુરૂ પાસે હાજર કરતા. એટલુંજ નહિ પણ ગુરૂપત્નીના કામમાં પણ પ્રથમ ભાગ તનમનથી લેતા એટલે રસોઈ કરવી અને ઘરનાં તમામ કામ પણ પોતે જાતેથી કરતા. એવી દ્રઢ હિંમત ધરી શુ-ચીપણે રસોઈ કરી પવિત્ર-સ્વાદિષ્ટ અમૃત સરીખું ભોજન ગુરૂજી પાસે ધરતા અને જ્યારે ગુરૂરાજ જમવા વિરાજે ત્યારે પણ હસ્તમાં વ્યંજન લઈ પવિત્ર શબ્દોથી ગુરૂની પાસે ઉભા રહી સ્તવન કરતા. આમ

ગુરૂ તથા ગુરૂપત્નીને ભોજન કરાવી બન્નેની આજ્ઞા થતાં ઉત્તમ પ્રસાદ તે પણ લેતા. યદ્યપિ જમવા માટે ગુરૂ આજ્ઞા કરતા ચુકી જાય તો તે દિવસ ઉપવાસ કરતા. તેમના પછી મધ્યાન્હને સમયે ગુરૂજી જ્યારે શયન કરતા ત્યારે પણ ચર્ણ ચાંપવાદિ સેવામાં મસ્ત બની ગુરૂ કૃપા સંપાદન કરવા અને ગુરૂના અમોલ રૂણથી મુકત થવા અતિશયં શ્રમ સાથે સેવા બજાવી પોતે કૃત્ય કૃત્ય થતા. ગુરૂના જાગૃત થયા પછી પ્રણામાદિ ક્રિયાથી પરવારી ગુરૂના મુખ કમલમાંથી ઝરતાં સુધા સરીખા મહા મંત્રોનું પ્રેમ સાથે અધ્યયન શિષ્ય સમુદાયમાં કરતા. એટલુંજ નહિ પણ ગુરૂના મુખ કમલમાંથી સહેજ શબ્દો નીકળતા તેમને પણ મહા મંત્રો ગણી હૃદયમાં સચોટ ધારણ કરી પોતાને પૂર્ણ થયેલ માનતા. વળી સંધ્યા સમય ગુરૂની ઇચ્છા પૂર્વક ભોજન તૈયાર કરી તેમને જમાડી પોતે આજ્ઞા લઈ પ્રસાદી લેતા તે પછી આખી રાત્રી ગુરૂની સેવામાંજ ગાળતા. આમ ઘણા દિવસ સેવા કરી અધ્યયન કરતા હતા ત્યાં વસુદેવ નંદન શ્રીકૃષ્ણ તથા બલભદ્ર પણ મથુરામાં કંસને મારી પોતાના

માતાપિતાને બંધનમાંથી મુકત કરી તેમના રૂણમાંથી મુક્ત થઈ વિદ્યાભ્યાસ કરવાની ઇચ્છા થઈ જેથી માતાપિતાને વિનતી કરી કે હમારે વિદ્યાભ્યાસ કરવા કયાં જવું એને માટે આપની શી આજ્ઞા છે? આમ શ્રીકૃષ્ણે માતાપિતાને પુછયું. જેથી વસુદેવે પણ જે વાત ઠીક છે ગુરૂકુલ વિના સંસાર સાગરનો પાર પામી શકાતું નથી આમ વિચારી ઉજન નગરી (અવંતિકા) ને વિશે જેવાં શાન્ત વૃત્તિનાં અને વેદપારાગત થયેલા સાદીપન નામના ગુરૂનું ગુરૂ કુલ વખણાય છે ત્યાં મોકલવા વસુદેવનો વિચાર થયો અને શ્રીકૃષ્ણ અને બળદેવને ઉજનીય નગરીમાં ગુરૂ સાંદીપનને ત્યાં મોકલવા, એવો નકી વિચાર કરી બન્ને પૂત્રને ગુરૂભકિતમા પ્રેમ રાખી વિદ્યાભ્યાસ કરવા ભલામણ કરી. તે સમયે શ્રી કૃષ્ણ–બલદેવજી પૃથ્વી તુલ્ય જે માતા અને આકાશ તુલ્ય જે પિતા, એમની પ્રદક્ષિણા કરી એમણે એવુ ફલ માગ્યું કે–આખી પૃથ્વી પ્રદક્ષિણા તુલ્ય આ પ્રદક્ષિણાને માનુંછું. આમ ધારી સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી રજા માગી. માતા પિતાએ કુંકુમથી તીલક કરી અક્ષત ચોડી તેમને શુભ આ-

શીર્વચન આપી કહ્યું, જે જાઓ પૂત્ર તમોએ અમારી આજ્ઞા પાળી છે તો તમારૂં જયા જશો ત્યા જગ્યે જગ્યે કલ્યાણુ થશે. અને અમોને ઇશ્વર તુલ્ય માન્યા છે તો સકલ જગત તમોને દેવ તુલ્ય ગણુશે.

જેણે માતા પિતાની આજ્ઞા પાળી છે, તેનો આ લોક અને પરલોકમાં સદૈવ યશ છે. ધુ ધુંકારીએ આજ્ઞા નહીં પાળવાથી મહાન દુઃખી થયો હતો અને પ્રેત-પણાની યોનીને .પામ્યો હતો. અને ગોકરણે આજ્ઞા પાળવાથી તે પુન્યની શક્તિથી માના પિતાના આશીર્વાદ-ના ફળથી એક વખતે ગોકર્ણની વિનંતોથી શ્રી સૂર્યના-રાયણને રથનો વેગ બંધ કરવાની જરૂર પડી હતી. આમ શીખામણ આપી વિદાય કર્યા. શ્રીકૃષ્ણુ બલદેવ ઘરના આંગણામાંથી નીકળતાં શુભ શુકનો થવા લાગ્યા. શ્રીકૃષ્ણુ બળદેવ દીનપ્રતિદીન ગુરૂનું સ્મરણુ કરતા કરતા અવતિકા (ઉજનીય) નગરીની સીમ સુધી આ-વ્યા. ત્યાં વિચાર થયો કે ગુરૂને જઇને નમન કરવું. એ તો હું કરીશ પણ નિશાળમાં વડો વિદ્યાર્થી જે સુદામો છે તેને મારે કેવી રીતે મિત્ર તરીકે ગણુવો. આમ વિચાર કરી ધ્યાનમાં ને ધ્યાનમાં ચાલ્યા જાય

છે, ત્યા સ્ફુરણ થયું જે મિત્રથી નિષ્કપટપણે વર્તે જેથી કલ્યાણ છે. કેમકે કહ્યું છે કે—

મિત્ર મિત્ર શો પ્રીતી કરી
હૃદય આન કછુ આન;
તે નર પામર પાપ મય
નીરખી વીલોકત હાણ.

આમ વિચારી સુદામા સાથે મિત્રભાવથી વર્તવા વિચાર કર્યો, અને ગુરૂના દ્વારમાં જઈ પ્રથમ વિદ્યાભ્યાસ કરવાનું જે સ્થાન તેને નમન કરી અંદર દાખલ થઈ ગુરૂની પાસે જઈ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી ગદગદ કંઠીત થઈ બે હાથ જોડી વિનંતી કરી કે, ગુરૂ અમને વિદ્યાભ્યાસ કરાવો. આ પ્રમાણે કહેતાં ગુરૂ સાંદીપનીએ વાંસો થાબડી કહ્યું, તમારૂં નામ ગામ અને જાતી કહો. શ્રીકૃષ્ણ બળદેવે યથાર્થ નિવેદન કરતાં ગુરૂ સાંદીપનિએ જેષ્ટ વિદ્યાર્થી સુદામાને શ્રીકૃષ્ણ અને બળદેવ સોપ્યા કે આને બરાબર અભ્યાસ કરાવશો. આ વાકયને સુદામાજીએ એવી રીતે માન્યું કે—ગુરૂ આજ્ઞા કહે તે પાળવી, તેથીજ આપણો જય છે. તેઓ ગુરૂમા એવી ભાવના રાખતા કે—

गुरु ब्रह्मा गुरु विष्णु, गुरु देव महेश्वर ।
गुरु शाक्षात परीब्रह्म तस्मैश्री गुरुवे नमः

ગુરૂ એજ સર્વસ્વ છે આમ વિચારી સુદામો શ્રીકૃષ્ણ બળદેવ એક ઢીલથી ગુરૂની સેવા કરવા લાગ્યા અને ગુરૂનું માન અતિ ઉત્તમતાથી જાળવતા. શ્રીકૃષ્ણે ગુરૂકુલવાસ શા માટે પસંદ કર્યો હતો કે માહારી પરંપરાએ બધાયલી ગુરૂની મહતા જાળવે જાય ને ગુરૂ આજ્ઞા કરે તે જો શિષ્ય પાળે તોજ તેમાં તેનો જય છે.નશિષ્યનું કલ્યાણ છે. શ્રીકૃષ્ણ જો કે, ભગવત્ અવતાર હતા, તથાપિ તેમનુ ચરિત્ર લોકશિક્ષા માટે હોય છે. જેમ ભગવદ્ગીતાના ત્રીજા અધ્યાયમા તેઓ પોતે કહે છે કેઃ—

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन ।
नानवाप्तमवाप्तव्यं वर्त्त एव च कर्मणि ॥ २२ ॥
यदि ह्यहं न वर्त्तेयं जातु कर्मण्यतंद्रितः ।
मम वर्त्मानुवर्तंते मनुष्याः पार्थ सर्वशः ॥ २३ ॥

હે પાર્થ ! જો કે મને ત્રણે લોકમાં કાંઈ કર્તવ્ય નથી, તેમ કંઈ ન મળેલું એવું મેળવવાનું

નથી, તથાપિ હું કર્મ કર્યા કરૂં છું. (૨૨). આળસ માત્ર તજીને જેમ હું કર્મમા નિત્ય વર્તું છું, તેમ ન વર્તું, તો મનુષ્યો તરત જ મારે માર્ગે ચાલવા માડે. એટલે આળસુ બની કર્તવ્ય ન કરે અને તેનો દોષભાગી મને બનાવે. માટે જનસમાજને વિદ્યાભ્યાસ કરવા માટે ગુરૂકુલવાસ કરવાનો બોધ દેવા સારૂ પોને ઉજેન ભણુવા ગયા હતા. ત્યા થોડા સમયમાં *ચૌદ વિદ્યા અને ચોસઠ કળા તેઓએ શીખી લીધી હતી. ગુરુકુલમાં રહેનાર વિદ્યાર્થીને ગુરુ કે ગુરૂપત્ની જે કંઈ કામ કહે, તે કરવું પડતુ તે મુજબ એ પ્રમાણે શાદીપની ગુરૂની શ્રીકૃષ્ણ, સુદામો અને બલદેવજી આજ્ઞા માનતા હતા. વળી નિશદિન સુદામાજી સાથે તેઓ સમર્થ છતાં પણ ગુરૂભકિત કેમ કરવી. અને તેથી શું ફળ મળે છે તે પ્રત્યક્ષ બતાવવા માટે પોતે પણ ગુરૂની સેવા કરવા લાગ્યા. તે સેવા કયા સુધી કે એક દિવસ ગુરૂ શાંદીપન યજ્ઞને

* એ ચૌદ વિદ્યા અને ચોસઠ કળા કઈ કઈ હતી, તે પંડિત શ્રીગટુલાલજીએ મુંબઇની જ્ઞાન-પ્રસારક મંડળીમાં ભાષણ આપી સમજાવી હતી.

માટે પાતાલમાં પધાર્યા હતા પછી પાછળથી કાષ્ટ થઈ રહેવાથી ગુરૂપત્નીએ સુદામાને અને શ્રી કૃષ્ણને કાષ્ટ લાવવા આજ્ઞા કરી કે તુર્ત જ પોતે આનંદ પામી જગતના નાથ છતા હસ્તમા કુવાડો ધરી સુદામા સાથે અઘોર નિર્જન ભયાનક જંગલમા પાદુકા રહીત ચર્ણે સિધાવ્યા.

બન્ને બાલકો લાકડા કાપવાને વનમા ચાલ્યા.

વાહરે વા.

આનું નામ ગુરૂભકિત.

(આશાગોડી)

અકલ કળા છે ન્યારી, પ્રભુ તારી અકલ કળા છે
ન્યારી ટેક

સાંદિપ દ્વારે ભણતા સુદામો સાથે છે વનમાળી.
પ્રભુ૦

શગપણ માટે શામળીયોજી ચાલ્યા વનમાં ગિરધારી.
પ્રભુ૦

વિપ્ર સુદામો સાથે ચાલ્યા મહા સુંદર વનઝાડી.
પ્રભુ૦

ગુરૂને માટે સંકટ સેવ્યાં ઘન વરસે મુશળધારો.
પ્રભુ૦

શીતળ વાયુ હેત ઝપેટો ઓધવ ઓથ કટારી—
પ્રભુ૦

એ પ્રમાણે અરણ્યમાં શરપણ એકઠાં કરી ભારા બાંધ્યા, ત્યા ઉપર પ્રમાણે ધોધબંધ, વરસાદ અને પવનના ઝપાટા આવવા લાગ્યા અને અંધકાર થઈ ગયેલો હોવાથી અરસપરસ એક બીજાના મોઢાં ન દેખાય તેવું થઈ પડ્યું. તે સમયે સુદામાએ ગુરૂપત્નીએ આપેલા ચણા એક હાથે ખાવા માંડયા. અને આવા તોફાનમા છુટા ન પડી જવાય તે સારૂં એમ ધારી બીજા હાથે શ્રીકૃષ્ણને પકડી રાખ્યા. તે સમયે શ્રીકૃષ્ણે સુદામાને પૂછ્યુ કે, ભાઈ તમારૂં મોહું કેમ ચાલે છે? સુદામો કહે કે ટાઢ બહુ વાય છે તેથી દાત કકડે છે.

શ્રીકૃષ્ણ કહે નહીં નહીં તેમ નથી તમો કપટથી બોલો છો. ખરી વાત શું છે તે કહો. સુદામાજીએ કહ્યું, ગુરૂપત્નીએ આપણે માટે રસ્તામા ખાવાને ચણા આપ્યા હતા તે મને ક્ષુધા લાગવાથી મેં ખાધા છે. મારી થયેલી ચુકની ક્ષમા કરશો. શ્રીકૃષ્ણજી કહે તમે પંકતી ભેદ કર્યો છે. વિશ્વાસઘાત કરી છે તેનુ ફળ તમોને અવશ્ય પ્રાપ્ત થશે, તે નકી સમજજો. મને તમારે માટે કશો રોશ નથી પણ વિશ્વાસઘાતનું

પાપ મોટું છે ખરૂ. કેમકે સાધારણ કેવું એમ છે કે હું તારૂં કામ કરીશ. તારે માટે મારા સત્યથી કહું છુ કે સારા વિચારો છે. તારૂં કોઈદી અકલ્યાણ થતું હશે તેમા મદદગાર થઈ તારૂં બગાડીશ નહીં આવું કહેનાર ઉલટું કરે તો પાપનો ભાગી છે ત્યારે તમોને તો માતા રૂપ ગુરૂપત્ની તરફથી આજ્ઞા હતી કે તમો બેય મળીને ચણા ખાજો. માટે તમે એથી ઉલટું કર્યું. તે પંકતીભેદનો દોષ લાગશે ખરો— અને હું મિત્ર છું જેથી તે દોષની નીવૃત્તિ તમો મારા પરોણા થશો ત્યારે ટળશે. આમ કહી કાષ્ટની ભારી શીરપર લઈ ચાલવા માડયા. અહીં ગુરૂ યજ્ઞ પૂર્ણ કરાવી ઘેર આવ્યા અને પાઠશાળામાં દૃષ્ટિથી શ્રીકૃષ્ણ સુદામને ન દેખતા ઘરમા ધર્મપત્નીને પુછતાં તેવોએ ઘણીજ નરમાશથી જવાબ વાળ્યો કે તે બાલકોને વનમાં (જંગલમા) લાકડાં લેવા મુકયાછે આ વાત સાંભળતાં ગુરૂ સાંદીપન મનમાં બહુ કોચવાયા ને ધર્મપત્નીને કહ્યું કે તમે ઘણું જ ખોટુ કર્યું. આમ કહીને ગુરૂ પ્રભુની માયાનું ચીંત્વન કરી વિરામ ન પામતા સ્વપત્નીને વળી પણ ઠપકો આપી કહ્યું કે કલ્યાણી તમે ભૂલ કરી. એ કોમલ વચના

બાલકોને તે કામ ન સોપવું. જોઈએ કારણુકે નિર્જન જંગલમાં સિંહાદિક, ભયંકર પ્રાણીઓની બીક લાગે છે વળી તે બાલકો એવો કાષ્ટનો ભાર શી રીતે સહન કરી શકશે. માર્ગ ભૂલી જશે તો શું થશે? કાંટા, ધૂળ કાંકરા ને થુંબડાઓ તેમના પગને અતિ કષ્ટ આપતા હશે. આવું કામ આજ પછે કોઈ શિષ્યને સોંપવું તે બ્યાજબી નથી વળી. તે શિષ્ય કોણુ છે તે તું અજ્ઞાનને લઈ સમજતી નથી એ ક્ષાત્રપુત્ર વસુદેવ નંદન છે તેમ તું સમજ કારણકે એ તો આ પૃથ્વીનો ભાર હરવા ધર્મની વૃદ્ધિ કરવા ગૌ બ્રાહ્મણનું પ્રતિપાલન કરવા સાક્ષાત પરિબ્રહ્મ નારાયણ માનુષ્ય દેહવડે અવતર્યા છે તો તેવા શિષ્યોને કામ સોપવું બહુજ અઘટીત ગણાય. તુર્તજ સવિનય ગુરૂપત્નીવધાં કે નાથ આપનુ કહેવુ સત્ય છે વળી પણુ કહુ છું તમે આ ખોટું કામ કર્યું છે, અને તે નિંદિત કામ હુ માનું છું. કલ્યાણી વળી પણુ ફરીથી કહું છું કે એ બાલકો કોણુ હતા તે તમે જાણો છો. એ પૂર્ણાવતાર શ્રીકૃષ્ણરૂપે અને શેશ રૂપ બલદેવ આ ભૂનો ભાર ઉતારવાને અવતર્યા છે. આમ કહી જેમ પુત્રની ખોળ કરવા–શોધ કરવા ચીંતાતુર થઈ પિતા નીકળે તેમ ગામ બહાર નીકળ્યા.

પેલા જ ગલમાંથી ગરમીમાં ભ્રમિત થઈ પશીંનાથી રે-ખઝેબ થઇ શ્રીકૃષ્ણ અને સુદામાજીએ ચાલવા માડયું. અને વળી કહ્યું જે ભાઈ જલદી ચાલો ગુરૂ રાહ જોતા હશે. આનું નામ ગુરૂભકિત.

(બનજોરા)

એમ કહી ચાલ્યા મોરારી, લઈ શીરપર કાષ્ટની ભારી.
આવ્યા નિજ ગુરૂની પાસે, લઈ શરપણ નાથ હુલાસેરે.
દેખો દીન થયા વનમાળી, લઈ શીરપર કાષ્ટની ભારી.
જેણે કરમાં ગિરિવર ધાર્યો, જેણે ઈંદ્રનો ગર્વ ઉતાર્યો.
થયા ગુરૂ આધીન ગિરધારી, લઈ શીરપર કાષ્ટની ભારી.

એટલામા ગુરૂને સામા આવતા દેખી હોશથી શરપણના ભારા કુહાડી હેઠે મુકી સાષ્ટાંગ દંડવત કરી પગમાં પડચા. ગુરૂજીએ પોતાના સ્વહસ્તે શીષ્યોને ઉઠાડયા. અને ગુરૂજીની આંખમાંથી પ્રેમની અશ્રુધારાઓ ચાલવા લાગી અને છાતી સાથે દાબી કેહેવા લાગ્યા જે અરે પુત્રો આ દેહ જે પ્રાણીયોને બહુજ પ્રિય છે તેનો અનાદર કરીને માહારી સેવા કરવા માટે તમે બહુ દુઃખી થયા. દેહવડે સત્પુરૂષાર્થ સિદ્ધ થાય છે, તે દેહ શુદ્ધભાવથી ગુરૂને અર્પણ કરવો એજ ઉત્તમ શિષ્યોએ ગુરૂ ઉપર ઉપકાર કર-

વાનો છે. હે શિષ્યો ! હું તમારી અનુવૃત્તિથી પ્રસન્ન થયો છુ. તમારા મનોરથો તથા મારી પાસે ભણેલા વેદો પણ આ લોકમા તથા પરલોકમાં સફળ થાઓ. આવા ગુરૂના આશીર્વાદથી એ વિદ્યાર્થીઓ પણ બહુ રાજી થયા. અને વળી પણ શદ્બોધ દેવા ગુરૂને વિનતિ કરી. ગુરૂ વાકય ઉપર પૂર્ણ શ્રદ્ધા છે એ જાણી શ્રીકૃષ્ણને સાદીપની ગુરૂએ કહ્યું જે પ્યારા શ્રીકૃષ્ણ તમો ગુરૂનો મહીમા વધારવા માટેજ હું સમજું છું કે મારી પાસે વિદ્યા ગ્રહણ કરવા આવ્યા છો, બાકી આપ તો સાક્ષાત ઈશ્વિરાવતાર છો. અને સર્વ ગુણ સંપન્ન છો. પણ કલીના મનુષ્યો ગુરૂથી–ગુરૂની ભક્તિથી બહુજ પરાગ મુખ રહેશે, એવી અગમથી જાણી ગુરૂ મહાત્મ્ય ટકાવી રાખવાને આપે આટલો બધો ભગીરથ શ્રમ લીધો છે તેને માટે હું આનંદથી ખુશી થઇ તમોને હજારો હજારવાર ધન્યવાદ આપું છું એમ કહી નીચે પ્રમાણે વાકયો કહ્યાં.

ઉપદેશ તમને શો કરૂં, છો સદા એક રસ રૂપ
વધારવા ગુરૂ મહાત્મ્ય, પુછો ભકત ભાવ ન ભૂપ.

તમો જે ૧૬ કલા સંપન્ન છો તેને હું ઉપદેશ શું કરૂં ? તમો સર્વ વિદ્યા સંપન્ન કરી ચુકયા છો. વળી

શ્રદ્ધા સપન્ન શિષ્યોનો એ ધર્મ છે કે ગુરૂના રૂણમાથી મુકત થવા ગુરૂની પૂર્ણ ભકિત કરવી. તો તમે તો પ્યારા દેહની એક લેશ માત્ર પણ દરકાર નહીં રાખતાં સત્ય સેવા કરી છે માટે હું વારંવાર કહું છું કે તમારી સર્વે ગ્રહણ કરેલી વેદ વિદ્યા સફળ થાઓ, તમારા વિચારો ખરા પડો, તમો જે ધારો તે કરી શકો અને જગ્યે જગ્યે તમારી કીર્તિ છવાઈ રહો એવો મારો પૂર્ણ આશીર્વાદ છે—

આમ કરતાં કરતાં થોડા દિવસમાં ચૌદ વિદ્યા, ત્રિચાર વેદ, ષટશાસ્ત્ર, અઢાર પુરાણ; ચોસઠ કળા વીગેરે ભણી ગુરૂ અને ગુરૂપત્નીને નમન કરી સવીનય વિનંતી કરી કે આપ ગુરૂ દક્ષિણામા જે ઇચ્છા હોએ તે કૃપા કરી માગી લ્યો. ગુરૂસાંદીપને પોતાનાં ધર્મપત્ની તરફ દષ્ટી કરી ત્યારે ગુરૂપત્નીએ વિચાર્યું જે આપણે ધનમોલકતની કશી જરૂર નથી. માત્ર અપેક્ષા છે તે એટલી જ છે કે પુત્ર વિના આ સંસાર સુનો છે. જેમકે:—

પુત્ર વિના સુનો સંસાર,
પુત્ર વિનાનો ધીક અવતાર;

પુત્ર વિનાનુ ધીક ઘર સુત્ર,
ધન્ય ધન્ય જેને પુત્ર રત્ન.

માટે આપણે તો મૃત પુત્રનીજ માગણી કરવી. ને મુને યાદ આવે છે કે એક વખતે મેં ગાય દોહતાં દોણી શ્રીકૃષ્ણ પાસે માગી ત્યારે તેણે લાંબો હાથ કરી દોણી ત્યાંજ બેઠે હાજર કરી હતી માટે એ શ્રી કૃષ્ણ પૂર્ણ બ્રહ્મ છે. એમ જાણી ગુરૂ દક્ષિણામાં ગુરૂપત્નીએ મૃત પુત્ર સજીવન કરી લાવી આપવા શ્રીકૃષ્ણ પ્રત્યે માગણી કરી. ત્યારે તુરતજ સજ થઈ શ્રીકૃષ્ણ રથમાં બેશી સમુદ્ર કીનારે જઈ શખાસુરને મારી ગુરૂ પુત્રને લાવી ગુરૂને સોંપ્યો અને ત્રણે જણે સાષ્ટાગ દંડવત પ્રણામ કરી પ્રદક્ષિણા ફરી ગુરૂનો શુભ આશીર્વાદ લઈ પુનઃ ગુરૂ અને ગુરૂપત્નીને નમસ્કાર કરી પોતાના દેશ ભણી જવા વિનયથી રજા માગી. ગુરૂએ કહ્યુ, પુત્ર તમારૂં કલ્યાણ થાશે. તમો મારા *કૃપા પાત્ર શીષ્ય છો, માટે હું ફરીથી પ્રેમપૂર્વક આશીર્વાદ આપુ છું કે તમો જગતવંદનીય થશો. ખુશીથી તમારા દેશ પ્રત્યે સીધાવો. આમ કહી પીઠ થાબડી રવાના કર્યા. પંથે ચાલતાં

* मोक्षमुलगुरुकृपा.

ચાલતાં એક બીજાને નોખા પડવાનો વખત આવતાં શ્રીકૃષ્ણ-બલદેવ સુદામાજીને પ્રેમથી બાથ ભીડીને મળ્યા પરન્તુ સુદામાજી, શ્રીકૃષ્ણ બલદેવથી નોખા પડવાનો વીરહ સહન ન કરી શકયા જેથી કંઈ બોલી નહી શકતાં આંખમાંથી હર્ષનાં આંસુ પાડવાં લાગ્યાં. ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું મિત્ર તમો દુઃખી ન થાઓ. હું અને તમો એક જ છીએ. માત્ર દૃષ્ટીથીં જુદા પડવું તે જ જુદું જણાય છે. તોપણ આપ ફરીથી મુને એક વખત દર્શન દેશો એવું મારૂ માનવું છે. આમ કહી અરસપરસ મળી જુદા પડયા અને જ્યાં સુધી એક બીજાની દૃષ્ટી પડી ત્યાં સુધી પુનઃ પુનઃ નમસ્કાર કરતા હતા. બાદ શ્રીકૃષ્ણ અને બલદેવજી ગુરૂ સ્મરણ કરતા કરતાં કેટલાએક દિવસે પોતાના પુર પ્રત્યે શ્રી મથુરાપુરીમાં પધાર્યા. અને તુર્તજ પોતાના માતા પિતાને પ્રેમ પૂર્વક સર્વ તીર્થ સમાન ગણી સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી બન્ને ભાઈયો માતા પિતાને કેહેવા લાગ્યા કે—કહો માતાપિતા આપ પ્રસન્ન છો. માતાપિતાએ પ્રેમથી હા કહી શુભ આશીર્વાદ આપી બન્નેને કુશલ પુછયું. બાદ શ્રીકૃષ્ણ અને શ્રીબલદેવજીએ પુનઃ નમસ્કાર કરી કહ્યું જે પરમપુ

જ્યે માતા પિતા અમો બાલ્યાવસ્થામાં કંસરાયના ભયથી શ્રીગોકુલમાં નંદરાય જશોદાના લાડપાડમાં ઉછર્યા. બાલ્યાઅવસ્થા ત્યા પુરી કરી તેથી તમોને બાલપણનું કશું સુખ આપી શક્યા નહી. એટલુંજ નહીં પણ શ્રીકૃષ્ણને હર્ષના આંસુ આખમાંથી ચાલ્યાં જાય છે ને કહે છે કે આપ બન્નેને કારાગ્રહમાં કંસના બંધીખાનામાં રહેવુ પડયું તેનાં કારણ રૂપ પણ હુ છુ. એટલુંજ નહીં પણ આપની સેવા ભકિત જે રીતે કરવી જોઇએ તે પણ નથી કરી શકયો તે રૂણમાંથી હું કયારે મુકત થઈશ. તેનો હુ વિચાર કરૂં છુ તો મને બહુ ચિંતા થાય છે, કેમકે પૃથ્વી રૂપ જે માતા અને આકાશ રૂપ જે પિતા એમની જે પુત્રે સેવા ભકિત નથી કરી તેના જીવનને ધીકાર છે. કેમકે તેની વિદ્યા, તેનુ બળ, તેનું શૌર્ય, તેનુ તેજ, તેનું શીલ, તેનો વૈભવ તેને લોકો ધીકારે છે કે જે માતા પિતાની સેવાથી વિમુખ રહે છે તેને માટે એ કૃતઘ્નીપણાના દોશથી હું બહુ ડરૂં છું કે મારી શી વલે થશે તેની મુને કંઈ ખબર પડતી નથી. કેમકે કહ્યું છે કે;

કૃતઘ્નીપણામાં બધા ધર્મ વિશે લખે શાસ્ત્રમાં
પાપ મોહોટું અતીશે માટે એ દોશથી હું બહુ ડરૂં છું

માટે પ્રથમ તો અમો માગીએ છીએ કે તે દોશ માફ કરો. તેમાં અમો અમારૂં કલ્યાણ માનીએ છીયે. આમ કહી બે હાથ જોડી માતાપિતાને પાયે પડયા. વસુદેવ દેવકીએ હાથ શાહીને તેમને ઉઠાડયા ને કહ્યું વાહાલા પુત્રો તમોને ક્ષમા કરી આશીરવાદ દઈએ છીએ કે તમારી દીનતાથી તમો અમારા રૂણમાંથી મુકત છો. આમ કેતાને શ્રીકૃષ્ણ અને શ્રીબલદેવજી બહુ ખુશી થઈ માતાપિતાની આજ્ઞામાં વર્તી મથુરાપુરીમાં રહેતા હતા. તેવામાં જરાસંધ મથુરા ઉપર સત્તર વખત ત્રેવીસ ત્રેવીશ અક્ષૌહીણી સૈન્ય લઈ આવ્યો પણ શ્રીકૃષ્ણે તેમનો પરાજય કર્યો અને અઢારમી વખત સૈન્ય સાથે આવવાના ખબર સાભળ્યા ત્યા કાલયવને સૈન્ય સાથે મથુરા ઉપર ઘેરો ઘાલ્યો ત્યારે શ્રી કૃષ્ણે પ્રભુએ કાલયવનને પર્વતની ગુફામા મુચકંદથી મરાવી જરાસધથી બીતા હોય તેવું મીશ દેખાડવા ડુંગરપર ચડી ગયા અને વીશ્વકર્માને બો લાવી આજ્ઞા કરી કે સમુદ્રના પશ્ચિમ કીનારે સુવર્ણની (કુસસ્થલી) દ્વારકાપુરી રચવા કહ્યું. પ્રભુ આજ્ઞાથી વીશ્વકર્માએ સોનાની દ્વારકાપુરી બાર યોજનમાં નિરમાણ કરી કે જેનું વર્ણન કરતાં મોટા પંડિતો

પણ થાકી જાય. તેવી રચી તેમા છપનક્રોડ યાદવો ને સરવેને મુકવા હુકમ કર્યો. જાદવોને વીશ્વાકર્માએ પોતાની માયાના બળથી સુવર્ણની પુરીમાં મુકયા. અને પ્રભુ આજ્ઞા પ્રમાણે બળભદ્રજી યાદવોનુ રક્ષણ કરવા રોકાણા શવાર પડતા જાદવો ઉઠે છે ને જયા જુવે છે ત્યાં તેમને આશ્ચર્ય લાગ્યું કે આ મથુરાપુરી ન હોય એમ કહી બેગાકળા બની વીહવલ થઈ કહેવા લાગ્યા કે દુવારકહા, દુવારકહા આ તે શું આપણા ઘરના દુવાર (બારણાં) કહા આમ કહેવા લાગ્યા. ત્યારે સમજુ વૃદ્ધ યાદવોએ સમજ આપી. આ પુરી બીજી છે આમ કહી સમજાવ્યા. જેથી સુવર્ણની પુરીનું નામ દુવારીકા પડયું કેમકે શ્રીકૃષ્ણ બીરાજ્યા જેથી દુવારકાપુરી કહેવાય છે. આમ સમજવાનું છે.

હવે શ્રીકૃષ્ણબલદેવથી, સુદામાજી છુટા પડતી વખતે એક બીજાને અરસપરસ પ્રેમભાવથી ભેટયા. સુદામાજી પ્રભુનું સ્મરણ કરતા પોતાનાપુર પ્રત્યે અસ્માવતીના રમણીય ત્રટપર આવ્યા. પુત્ર રત્નને આવતા દેખી તેમના પિતા શોમશર્મા તથા તેમની માતાજી હર્ષભર સામા જઈ શુભ આશીર્વાદ દેવા લાગ્યાં. સુદામાજી જેમ સુવર્ણનો દંડ પડે તેમ સાષ્ટાંગ દંડવત

પ્રણામ કરી કરકમલ જોડી ઉભા રહ્યા.

માતાપિતાએ કહ્યું, સદૈવ તમારૂ કલ્યાણ થાઓ આમ કહી સર્વે પર્ણ કુટીમા પધાર્યા. સુદામાજી માતા પીતાની પ્રેમ સહીત સેવા કરવા લાગ્યા. યોગ્ય વય થતાં ૧૪ વરસે સુદામાજીના પિતાજીએ પોતાની જ્ઞાતીના એક સાન્ત અને સદગુણી બ્રાહ્મણની પુત્રી વેરે સુદામાજીનો વિવાહ કર્યો. કેટલોક વખત વ્યતીત થાતાં દૈવ ઇચ્છાથી સુદામાજીનાં માતા અને પિતા બન્ને સ્વર્ગે સીધાવ્યા. અહીં સુદામાજીએ માતપિતાની શાસ્ત્રમાં લખી વિધિ પ્રમાણે અચ્છી રીતીથી ઉત્તરક્રિયા કરી જ્ઞાતિ ભોજન કરાવી પિત્રરૂણમાંથી મુકત થયા. જે પુત્ર રૂણમાંથી મુકત ન થાય તો તે મહાન પાપ અને નર્કનો અધીકારી થાય. કેમકે પુત્રનો શું ધર્મ છે કે

गुरुणां चैव सर्वेषां मातापरम को गुरु

સર્વ પુજ્યોમાં માતા પરમ પુજ્ય માતા છે. આવી રીતે માતા પિતાના જીવન સુધી તેઓને માન અને સતોષ આપવો, એ પુત્રનો ધર્મ છે, અને મા બાપના અવશાન પછી પણ તેવોના સ્મરણને મનમાંથી અલગું કરવું નહી પરંતુ સાવધતાથી સજીવન તેઓનાં યશસ્વી કાર્યો સ્મૃતિમાં રાખવાને તેઓની રહી

ગયેલી ઈચ્છા સંપૂર્ણ કરવી. પુત્રનું પુત્રત્વપણું ક્યારે ખરૂં ગણાય છે કે—

जीवतो वाक्य करसात मृताहे भुरिभोजनात्
गया वां पिण्ड दानेनू त्रिभि पुत्रस्य पुत्र क

માબાપ જીવતા હોય ત્યારે તેઓની આજ્ઞાનુસાર વર્તન કરવાથી મરણની ક્રિયાના દીવસોમા બ્રાહ્મણ આદિને ભોજન કરાવવાથી અને શ્રીગયાજીમા પીંડ દાન કરવાથી એ ત્રણ વડે પુત્રની પુત્રતા ગણાય છે. સારાંશ જીવતા તેના વચન પાલનહાર ગુલામ તરીકે વર્તન અને મરણાદિ ક્રિયા કરવી. તેનું નામ પુત્ર એ શાસ્ત્રના વાકય પ્રમાણે સુદામાજીએ કર્યું હતું.

માતાપિતા પરલોક સીધાવ્યા કેડે સુદામાજી જેમ પોતાના પિતા પ્રપિતા ભજનમા કુશલ હતા તેમ પોતે પણ પ્રભુ ભજનમાં અહોનીશ વખત ગાળતા. અને દૈવ ઈચ્છાએ સહજ મળતી વસ્તુઓથી પોતાનો ગૃહસ્થાશ્રમ વેહેવાર ચલાવતા. પ્રારબ્ધના યોગે તેમને સન્તાન પ્રાપ્ત થતા ઘરમાં વેહેવાર ચલાવવામાં સકોચ પડવા લાગી અને અતે ઘણીજ નબળી સ્થિતિ આવી ગઈ. પણ તેમણે પોતાના નિત્ય નિયમ ભજન વીગેરે-નો, જે સમય તે છોડયો નહીં. અહીં બાલકોને અ-

જના વાખા પડવા લાગ્યાં ત્યારે સ્ત્રી બન્ને હાથ જોડી સ્વામીને કહે છે કે નાથ તમો તો પ્રભુ ભજનમાં વખત ગાળો છો પણ ઘરમાં બાલકો અન્ન વિનાનાં તરફડે છે, તેનો કંઇ તમોએ વિચાર કર્યો? કહો કે ઘર સંસારીને કઈ ચીજ વિના ચાલી શકે છે? તમો તો નારાયણના સ્મરણમાં પડયા છો પણ અહીં એક સુકો રોટલો પણ ભીક્ષુક આવે તો આપવાને નથી કે સમ ખાવાને એક વસ્ત્ર પણું રહ્યું નથી તેનું શું કરવું?

ત્યારે સુદામાજી કહે છે કે પ્રભુ ઉપર પ્રેમ અને શ્રદ્ધા રાખો એ મારો નાથ બધું ભલુ કરશે. આપણું ધાર્યું કશુ થાતું નથી મારા નાથનું ધાર્યું થાશે. ત્યારે સ્ત્રી ચુપ ચુપ પ્રભુ ઉપર ભરોંસો રાખી ઈશ્વરનું ચીંતવન કરતી પતિની ભકિતમાં બેશી જાય. પણ સુદામાજી માત્ર ૧ પ્રભુ ભજન સિવાય બીજામાં ધ્યાન નથો આપતા જેથી દીનપ્રતીદીન તેની સ્થિતિ ઘણીજ નબળી અથવા ગરીબ થઈ ગઈ. તે વિશે ભાષાના વિદ્વાન કવિએ કહ્યું છે કે—

(સાખી.)

હાલ પહત તબ ચુવત હુંડી,
બુઝી આગ લગાવે;

જોકા આટા ગીલા કરકર,
નીચે બોદ લગાવે. ૧
જલ ભરનેકા લોટા સોબી,
લકડેકા કછુ લબા;
મુંથ લગાકર ટુકરા જોરે,
જુના પુરાના તુંબા. ૨

આવી હીન સ્થિતિ શ્રી સુદામાજીની હતી; તેમ જ તેની સ્ત્રીને પણ જે કાંઈ થોડુ અનાજ મળતું, તેમાંથી પોતાના પતિનો વિભાગ કાઢી જે બાકી શેષ રહેતું, તેમાંથી પોતાનો નિર્વાહ ચલાવતી. તેથી પોતે પણ પતિની માફક હીન રહેતી. પતિવ્રતા સ્ત્રી નિ-ર્ધનતાને લીધે મુંઝવણમાં આવી ગઇ, તેથી ધ્રુજતી ધ્રુજતી પોતાના પતિની પાસે જઈને નિસ્તેજ મુખે કહેવા લાગી કે,—હે મહારાજ! શ્રીકૃષ્ણ ભગવાન્ કે જે સાક્ષાત્ શ્રીલક્ષ્મીજીના પતિ, ગોબ્રાહ્મણના પ્રતિ-પાળ અને શરણાગતના સહાયક, વળી યાદવોમા ઉ-ત્તમ એવા મહાભાગ્યશાળી, પરિબ્રહ્મ પરમાત્મા છે, તેને તમે શરણે જાઓ, કે જે આપણી હીન દશા ઉપર દૃષ્ટિ કરી, અનેક સંપત્તિ આપી સુખી કરશે. વળી તેજ શ્રીકૃષ્ણ ભગવાન્ હાલમા (દ્વારામર્તી)-દ્વારકા

બિરાજે છે. અને તે પ્રભુ એવા તો દયાળુ છે કે, જેણે ભકતવત્સલ એવું નામ ધારણ કર્યું છે. (એટલે જેમ ગાય વાછરડાંને વહાલ કરી ચાટે, તેમજ પ્રહ્લાદ વિગેરે ભકતને શ્રીનૃસિંહ અવતાર વખતે મોટી જી- ભથી ચાટેલ છે) તો તેવા દયાળુ ઈશ્વરની જે કોઈ ક્ષણ પણ સાચે ભાવે ભકિત કરે છે, તેને તે મોટું પદ આપી દે છે; તેમજ પોતે પણ સ્વાધીન થઈ દ- ર્શન દે છે. માટે હે નાથ ! આપ પણ શ્રી દ્વારકામાં જઈ, શ્રીકૃષ્ણ ભગવાન્‌ને શરણ થાઓ. આવી રીતે સ્રીનાં કોમળ વાકય સાંભળી, સુદામાજી કહે છે કે,- હે સ્રી ! મિત્ર પાસે યાચના કરવી, એના જેવું બીજું નિંદિત કાર્ય કયું ? ત્યારે સુદામાની સ્રી કહે છે:-

(સાખી.)

દેવેંગે ધન અપાર તુમકું,
દેખત હી ગુરૂ બંધુ;
પાંસ દ્વારિકાનાથ બિરાજે;
રતનાકર સિંધૂ.

આવાં વાક્ય સુદામાજીની સ્રીએ કહ્યા છતાં શ્રી સુદામાએ કહ્યું જે હે કલ્યાણી

માગવું મૃત્યુ પ્રમાણ છે પ્રાણીને,

લોભ કીધો તીહાં પ્રીત ત્રુટે.

માટે ઇશ્વરનું આરાધન કરો સતોષ રાખો તે મારો નાથ બધું ભલું કરશે. ત્યારે શ્રીસુદામાજીની સ્ત્રી ઘણી જ ધૈર્યતાથી કહે છે કે હે સ્વામીન્ 'પૈસા વગર સંસાર વ્યવહાર કેમ ચાલે ?' એવુ જ્યારે સુદામાની સ્ત્રી સુશીલાએ પોતાના પતિને કહ્યુ ત્યારે તેણે લોભ-વશ નહિ થવા ઉપદેશ કરી જણાવ્યું કે શ્રી કૃષ્ણ મારા મિત્ર છતા કંઈ નહિ આપે તો ક્રોધ ઉપજશે અને તેથી-

लोभात्क्रोधः प्रभवत्ति क्रोधात्द्रोहप्रवर्तते ॥
द्रोहेण नरकं याति शास्त्रज्ञोऽपिविचक्षणः ॥ १ ॥

ભાવાર્થ—લોભથી ક્રોધ થાય છે, ક્રોધથી દ્રોહ ઉપજે છે અને દ્રોહ કરવાથી વિદ્વાન્ તથા ડાહ્યા માણુસ પણ નરકે જાય છે. એવી ગતિ મ્હારી થશે.

मातरं पितरं पुत्रं जामातरं गुरौ स्तथा ।
लोभाविष्टो [illegible] स्वामिनं वा सहोदरम् ॥२॥

ભાવાર્થ—માતા, પિતા, પુત્ર, જમાઇ, ગુરૂ તથા ધણીનો પણ ધનના લાલચુ લોક પ્રાણઘાત કરે છે. વળી ધનને માટે અન્યાય થાય છે; તો પછી તેવા ધનની આપણને કંઈ જરૂર નથી. ઇશ્વર ઇચ્છાએ જે

મળશે તેમા નિભાવશું. ધનના લોભથી કોઇ મુક્ત થયું નથી કેમકે આશાનો અંતજ નથી.

निस्वाह्येकशतं शतादशशतं लक्षं[illegible]पो ।
लक्षेशःक्षितिपालतां क्षितिपतिश्चक्रे शतांवांछति ॥
चक्रेशः पुनरिंद्रतां सुरपतिर्ब्रह्माऽधिपं वांछति ।
ब्रह्माशैवपदं शिवोहरिपदं आशाऽवधिकोगतः ॥३॥

ભાવાર્થ—પૈસાવગરના નિર્ધન લોકો એકસોની રકમને, એક સોવાળા હજારને, હજારવાળા લાખને, લખાતપતિ રાજપદવીને, રાજા ચક્રવર્તી રાજ્યપદને, ચક્રવર્તી ઈન્દ્રને, ઇન્દ્ર બ્રહ્મપદને, બ્રહ્મા શિવપદને અને શિવ વિષ્ણુપદને ઈચ્છે છે, અર્થાત્ તૃષ્ણાનો પાર કોઈ પામતું નથી.

आपद्गतं हससि किं द्रविणांधमूढ ।
लक्ष्मीःस्थिरा न भवतीति किमत्र चित्रम् ॥४॥

ભાવાર્થ—ધનના ગર્વથી અંધ બનેલા મૂઢ લોકો, ગરીબ નિધનને જોઇ શામાટે હસે છે? કેમકે લક્ષ્મી કોઈ દિવસ સ્થિર નથી. સમુદ્રની પુત્રી લક્ષ્મી એટલે પિતાનો ગુણ તેનામાં હોયજ, અર્થાત્-ભરતી ઓટની પેઠે ધન આવે અને જાય છે, માટે

કોઈએ ધનનો ગર્વ કરવો ઉચિત નથી.

અને લોભ એ જ પાપ છે. માટે મિત્ર પાસે યાચના કરવાને તું મુને નહીં મુક. ને તેમાં માહારી જે મોટાઈ અને માન છે તે ત્રુટવાનો વખત નજદીક આવશે. જ્યારે શ્રી સુદામાજીની સ્ત્રી દીન વચનથી કહે છે કે, નહીં નાથ તેવો વખત તમારે માટે નહીં આવે. શ્રી કૃષ્ણ મિત્રની (પ્રેમની) પીશ્રાન કરનારા છે, જો કે તમારી વાત ખરી છે. પણ એ બધું કળીના જીવને માટે કહો તો ખરૂં. મિત્રો નામનાજ થશે માત્ર અર્થ સર્યો ત્યાં સુધીના મિત્ર. વળી ડોળ ઘાલુ થશે. પણ શ્રીકૃષ્ણ તમોને પોતાથી અધિક ગણશે એ ખાત્રીથી માનજો.

છતાં પણ સુદામાજી કહે છે નહીં નહીં તેમ બનવું મુશ્કીલ છે. કેમકે હું ફરીને પણ કહું છું કે મિત્ર પાસે પોતાનો ભેદ કેહેવો ને મરવુ એ બેઉ એકજ છે. માટે હે સુંદરી એ વાત છોડી દે, કેમકે દે એવું વચન કેવા કરતા હે પ્રભુ મૃત્યુ દે એ સારૂં છે જેને માટે કહ્યુ છે કે:—

श्लोक.

देहितिवचनं श्रुत्वा, हृदीस्थापं च देवता ।
मुखान्निर्ग त्यषु स्नेहा श्री ह्री धि धृति किर्तयः ॥

અર્થ—હૃદયની અંદર બીરાજી રહેલ પાંચ દેવતા શ્રી (લક્ષ્મી), હ્રીં (તેજ). ધી (બુદ્ધિ), ધૃતિ (ધીરજ) તથા કીર્તી દે એવો શબ્દ સાંભળી મુખમાંથી તુર્તજ બહાર નીકલી જાય છે. માટે એક શ્રી હરિ ઉપર આશરો રાખી બેસો કે મારો નાથ બધું ભલું કરશે. આ કહેતાં જેને તુર્તજ સુદામાજી નામસ્મરણમાં બેશી ગયા ત્યારે પતિવ્રતા કહે હે સ્વામીન ભજનમાં ભંગ પાડવું કે જે બ્રહ્મહત્યા બંરાબરનું છે પણ રઝળતા અને રખડતા- અન્નવિના તરફડીયાં મારતા બાલકોને માટે મારે આગ્રહ કરવો પડે છે.

આમ કહેં છે ત્યા બાલકો આવીને કહે છે કેઃ-

બાળકો.

(રાગ સીતાજીના મહીનાનો.)

સુણો તાત અમારી વાત કરમ કેરી કાણીરે
નથો અન્ન આપણા ઘરમાંય મુવાની નિશાનીરે
બાપુ ભુખ્યાં અમો છૈએ બાળ દિવસ દશઆઠનાં
નથી વસ્ત્ર અંગો પર એક માનવીચુંના ઘાટનાં
એક ધોતી બીજો કહે ટોપી ત્રીજો કહે બંડીરે
એમ બાલક કરતા પોકાર નારી માગે હંડીરે
એવું કષ્ટ સુદામાને શીર શામળીયાએ નાંખ્યુંરે

ઘેર ઘંટી ઝોલા ખાય બાકી નવ રાખ્યુ રે

સ્ત્રી.

(માઢની ચાલ)

જાઓ સ્વામી મારા મિત્ર તમારા વસે દ્વારીકાધામ
છે રંકના પાળક દુઃખના ટાળક નોધારાના આધાર
એવા કૃષ્ણ કામી રાધાસ્વામી પુરણ કરશે હામ–જાઓ.
સુરને કારણ શામળીયોજી જાચ્યા શ્રી ભગવાન
એવા વામન ધારી દેવમોરારી બળના બંધીવાન–જાઓ.
છે બાળ સ્નેહી બંધુ તમારા એક ગુરૂના શિષ્ય
એછે અંતરજામી કહુછું સ્વામી વ્હાલો એ જુગદીશ–જા.

ગીતિ.

સુદામા.

સુણ નારી મમ પ્યારી હઠ નહીં કરશો,
માટે જવા દે વાત જવાની તેમાં નહી ઠરશો.

સ્ત્રી

ગીતિ.

હિમત શું હારીને બેઠા નાથ મારા
દિન જાણીને રક્ષણ કરશે કૃષ્ણજી કાળા

સુદામા.

નથી દત્ત આપણું કૃષ્ણ કયાથી મળશે
વાહ ! વાહ ! વેશ બન્યો છે મારો દેખીને ડરશે.

સ્રી.

સ્વામી કહે તે સાચું ઉત્તર શો ભણુવો
પણ ગોમતી પાન થશે તે લાભ એ ગણુવો.

સુદામા.

નથી શક્તિ ચાલ્યાની શીશ પણું ધ્રુજે
લેઇ લાઠી કર લેત લથડીયું આંખે નવ સુજે.

જ્યારે આવા દિન જન જેવા વાચેક સાંભળ્યાં ત્યારે સુદામા કહે છે.

એક પ્રારબ્ધ ઉપર આધાર રાખી ઈશ્વરનું ભજન કર. આપણે દત્ત નથી આપ્યા ત્યારે પ્રભુ આપણુને કયાંથી આપશે? આવું કહેવાથી સ્રીને પતિનાં વચન પરમાત્માનાં વચન તુલ્ય લાગ્યાં, પણ કરે શું? બાલકોને તેમજ પોતાના પતિને પાંચ પાંચ સાત સાત દિવસની લાંઘણો થઈ પડે તે તેમનાથી સહન થતું નહતુ જો કે તેમની પતિવ્રતા સ્રી પતિના વચનનું અનાદર કરતી નહતી. કેમકે તેઓ સુદામાના જેવાજ ગુણુવાળી પતિવ્રતા ભાર્યા હતી, તે પતિને પોતાનું સર્વસ્વ ગણુતી હતી, અને તેમના વચનમાંજ પોતાનું કલ્યાણુ છે એમ માની તેમની આવી રીતે પતિ ઉપર પુજ્ય ભાવના હતી તે કેવી હતી કે,

श्लोक.

५ तंब्रह्मा पतिविष्णु, पतिदेव महेश्वर. ।
पति देव परि ब्रह्म, तस्मै श्री पतिये नमः ॥

આવી તેમની પતિ પ્રત્યે ભાવના હતી તેથી તે પતિના વાક્ય ઉંપર ભરોસો રાખી ગુપચુપ બેશી રહી પણ બહુજ ભુખના દુઃખથી પીડાવા લાગ્યા જેથી નીસ્તેજ મુખે તેણીએ બીજે સમયે પણ તેવીજ રીતે પોતાના કરમાયેલા મુખથી દરિદ્રી અને પરમ દુઃખી છતાં કંપતી કંપતી પતિના સમીપમા આવીને હાથ જોડીને આ પ્રમાણે પ્રાર્થના કરવા લાગી, હે બ્રહ્મન ! આપના સખા સાક્ષાત્ રમાનાથ છે અને તે પરમ બ્રહ્મણ્ય શરણાંગતવત્સલ અને પોતાના ભક્તોના નાથ છે. હે મહાભાગ ! ભક્ત રક્ષક એ શ્યામ સુંદરની સમીપ આપ પધારો તેઓ દીન જનોને બહુ ધન આપે છે. આ વખતે એ કૃપાળુ શ્રી કૃષ્ણચંદ્ર દ્વારિકામાં બીરાજે છે. તે પોતાના ચરણ કમળનું સ્મરણ કરનાર ભાવિક ભક્તોને પોતાનો આત્મા પણ આપવાને અચકાતા નથી તો આપ એમની કને જઇને આપણી વ્યવસ્થા કહેશો તો તે સમસ્ત દુઃખ દૂર કરશે. એ રીતે નિષ્કામ નિસ્પૃહ એ સુદામા બ્રાહ્મણ પોતાની

પતિવ્રતા ગૃહિણીની પ્રાર્થના સાંભળી તે સમયે શ્રી સુદામાજીએ મનમા વિચાર્યું કે મને તો ધનની કંઈ સ્પૃહા નથી, પરંતુ આ નિમિતે જવાથી પોતાના પરમસખા ઉત્તમશ્લોક શ્યામસુંદરના દર્શનનો અપૂર્વ લાભ થશે એમ વિચારી સુદામાજીએ જવાનો નિશ્ચય કર્યો અને પોતાની ધર્મપત્નીને કહ્યુ કે હે સતી દીધા વિના કંઈ મલતું નથી કેમકે કૃષ્ણને કોઈ વાતની અપેક્ષા નથી તે તો નિરંજન નિરાકાર છે એટલે તે કોઇ કાર્યના કર્તા કે ભોક્તા છેજ નહીં, પણ લોકો તેના અર્થે અર્પે છે (આપે છે.) વળી પણ કહ્યું છે કે,

रिक्तपांणिनंपस्येत राजानंदेवतांगुरम् ।

રાજા દેવતા ગુરૂ વીગેરે પાસે કાંઇપણ ભેટ લઈ જવી જોઈએ.

માટે હે કલ્યાણી ! ભગવાનને માટે ભેટ લીધા વિના તેમની પાસે હું કેમ જાઉં એટલા માટે મને કાંઈ ભેટ આણી આપ. એમ કહેતાં સુદામાની સ્ત્રી જ્યારે પોતાના નગરમાં ઘણી જગ્યાએ ફરી ત્યારે એક પાડોશણને દયા આવી અને તેને પુછયું કે તમારી શું ઇચ્છા છે ? તેમણે કહ્યું, અમારા પતિ દ્વારકાંપુરીએ શ્રી જાદવના પતિ પાસે જાચવા જાયછે માટે

તેમને ભેટ આપવી જોશે માટે અમને કાંઈ ઉછીનું આપો અને તમે આપશો તેના કરતા બમણું કરીને અમે તમને આપશુ. ત્યારે પાડોશણને દયા આવી કે આ દુર્બળ યાચવા આવી છે અને વળી તેનો પતિ શ્રીકૃષ્ણ પાસે ભેટ લઈને જશે એવા મારા અહોભાગ્ય કયાથી ? એમ વિચારી તાદુલ આપ્યા તે ઘરમા લાવી બહુજ પ્રેમભાવથી ચોકખા કરી તૈયાર કર્યા. પણ બાધવાને માટે ઘરમાં તપાસે ત્યા એક કટકો પટકુળ પણ જોવામા ન આવ્યો તેથી અફસોસ કરવા લાગી. વાહ ! નશીબ તારી અકળ કળાનો પાર નથી અત્યારે પ્રભુ માટે ભેટ મોકલવી છે ત્યાં ઘરમા તાદુલ બાંધવાને એક પટકુળ પણ નથી એમ વિચારી રખડી રઝળી થોડાક ચીથરાં ભેગા કરી તાદુલ બાધી પતિને આપ્યાં અને કહ્યુ કે.–

ગીતિ.

સ્વામી ભેટ આપુ તે હેતથી દેજો
પ્રીતેથી પ્રણામ અમારા શ્રીકૃષ્ણને કહેજો.

એમ કહી આનંદથી પોટલી સુદામાજીના હાથમા દીધી ને સુદામાજીએ લઈને ચાલવાનું પ્રયાણ કર્યું.

ચોપાઈ.

વિપ્ર ચાલ્યો તેણીવાર મહા કઠીન અરણ્ય મોઝાર
સિંહ વાઘને વાંદર વાડી વાટે કાબા તણી ભય ભારી
મારગ ચાલે સુદામા ચપતા મુખે નામ ગોવિંદનું જપતા
એમ કહેતા દ્વારાપુરી આવ્યા મહાકંચન મહેલ દેખાયા
ઘણેળાટથી ગોમતી ગાજે ગડેડાટથી નોબત વાજે.

શ્રી ગોમતીજીના ત્રટ આગળથી ચાલ્યા જતાં યાત્રાવાશીઓ શ્રી દ્વારકાનાથકી જે એવી ધુમ મચાવી રહ્યા છે એથી સુદામાજીએ જાણ્યું કે શ્રીદ્વારકાપુરી આવી ચુકી. આમ ધારી ચાલતા ચાલતાં દ્વારકાપુરીના દરવાજા પ્રત્યે પધાર્યા તે સમયે શહેરમાં ચાલતા ચાલતા વિચારતા જાય છે કે મને ભગવાનના દર્શન કેમ થશે. મારાં ફાટયા તુટયા વસ્રો જોઈ ને દ્વારપાળ મને મંદીરમા કેમ પેસવા દેશે. એ વિચારોથી વ્યાકુળ ચિતથી સુદામાજી ત્રણ ગુલ્મો (કોટ) પસાર કરી ચાલે છે ત્યાં સમસ્ત મંદીરોમાં ઉત્તમ ભુવનને જોઈ ને જેમ જ્ઞાની, યોગી, ભગવદ્ભક્ત બ્રહ્માનંદમા પ્રવેશ કરે છે તેમ સુદામાજી ભુવનમાં પ્રવેશ કરવા લાગ્યા.

ધન્યાશ્રી.

ચાલ્યા કૃષ્ણને ઘેર સુદામાજી ચાલ્યા કૃષ્ણને ઘેર.–(ટેક)

કંચનનાં જ્યા મહેલ બન્યાછે મણીથી ગોખ જડેલ.–સુ.
ઓધવને અક્રુર ઉભા છે ખુલી દીસે સમશેર–સુ.
આડા અવળા દોટું દેતા જેમ હીંડેરે ચરેલ.–સુ.
નારાયણનું દરસન થાશે એજ નાથની મહેર.–સુદામાજી.

આ પ્રમાણે સુંદર ભુવનોની નજીક આવીને દ્વારપાળને કહ્યું કે, હે ભાઇ કૃપા કરીને મારીવતી શ્રીકૃષ્ણ પરમાત્માને જઈને કહે કે, તમારો બાળ સ્નેહી વિપ્ર સુદામો આપને મળવાને આવે છે. દ્વારપાળે બીજા દ્વારપાળોની સામે જોઈને હાસી કરીને કહ્યું કે, જા જા અહીથી ચાલ્યો જા આવા તે શ્રી કૃષ્ણના મિત્ર હોય. અંગ ઉપર ઓઢવાને એક વસ્ત્ર તો દેખાતું નથી અને કહેછે કે હું શ્રીકૃષ્ણનો મિત્ર છું. જા જા વિજયા પીને આવ્યોછે કે શું ? આ દ્વાર તો દેવતાઓને પણ દુર્લભ છે તે ઠેકાણે શ્રીકૃષ્ણના મિત્રનું નામ ધારણ કરી આવ્યો છે તે શું અહીંયા પોપાબાઇનું રાજ છે, કે તારા જેવા ભિક્ષુકના સમાચાર શ્રીકૃષ્ણ ભગવાનને કહીએ? અહીંઆ તો મહાન સમર્થો અને પંડિતોના પણ પત્તા લાગતા નથી તો તું શું માત્રમાં છે માટે ગુપચુપ ચાલ્યો જા. અમને દયા આવે છે તેથી તને છોડી મુકીયે છીએ, કેમકે

અમારા પ્રભુ શ્રીકૃષ્ણ પરમાત્મા બહુ દયાળુ છે જેથી અમો અનુચરો પણ તું દુર્બળ સ્થિતિનો હોવાથી તારી ઉપર દયા લાવી તને છોડી દઈએ છીએ. ત્યારે સુદામાજીએ કરગરીને બીજા દ્વારપાળને કહ્યું કે અરે ભાઈ, મારી ઉપર કાંઈક તો દયા લાવો. હું ખોટું નથી કહેતો. શ્રીકૃષ્ણ મારા બાળપણાના મિત્ર છે. દ્વારપાળે કહ્યુ કે જા જા જુઠા આવા તે ભગવાનના મિત્રો હોય, જા ચાલ્યો જા નહીંતર છકડ ખાઇશ. ત્યારે સુદામાજીએ ત્રીજા દ્વારપાળને પણ તે પ્રમાણે કહ્યુ, ત્યારે તેણે પણ હાસ્યમાં ને હાસ્યમાં વાત કાઢી નાખી. ત્યારે સુદામાજીએ નિશ્વાસ નાંખી કહ્યું જે હો દૈવ ! આ શો ગજબ કે, મ્હોટાને આગણે આવું અંધેર, મે મારી સ્ત્રીને પ્રથમથીજ કહ્યું હતું કે, માગવુ એ મૃત્યુ તુલ્ય છે. આવાં હિન વાકયો મોઢેથી બોલે છે, તેથી ચોથા દ્વારપાળને કંઈક દયા આવી કેમકે તે વૃદ્ધ અને ઠંડા સ્વભાવનો હતો તેથી તેણે સુદામાજીને કહ્યુ જે, ભાઈ એટલો બધો શું કરવા નિરાશ થાય છે ? આ નિરાશ થવાનું સ્થાન નથી પણ ભગવાનનું ધામ આનંદ લેવાનું સ્થાન છે. જે સાચી હકીકત કહે છે, તેને શ્રીકૃષ્ણ પરમાત્મા

તુરત દર્શન દે છે. માટે તું તારી ખરી હકીકત કહે એટલે હું શ્રી પ્રભુ પાસે જઈ તારો સંદેશો કહું. શ્રીસુદામાજીએ કહ્યું કે અરે ભલા દ્વારપાળ હું લાખુ કંઇ કહેવા ચાહતો નથી પણ શ્રીકૃષ્ણ ભગવાનને કહો કે, તમારા બાળસ્નેહી વિપ્ર સુદામાજી તમને મળવાને આવ્યા છે. દયાળુ દ્વારપાળને દયા આવવાથી તેણે તુર્તજ શ્રીકૃષ્ણ પરમાત્માને ખબર આપ્યા કે, તુર્ત,સુદામા આવું નામ સાભળતાજ શ્રીકૃષ્ણ શીઘ્રતાથી ઉઠયા.

ગીતિ.

ઓચીંતા પ્રભુ ઉઠયા પીછોડી ફેંકી
ભુપર ભુદરનાથ પધાર્યા પલગથી ઠેકી.

શ્રીલક્ષ્મીજી.

ખમા નાથ મમ પ્યારા લક્ષ્મીજી બોલે
કેમ અચાનક ઉઠયા વ્હાલા નથી કોઇ મોલે.

શ્રીકૃષ્ણ

શ્રીકષ્ણ કહે સુણ પ્યારી લજા તો ધરજો
બાળ સ્નેહી આવે સુદામા તેની સેવા કરજો.

આમ કહેતાં અને એકદમ હડી કાઢી સામા આવી આનંદ પૂર્વક સુદામાજીને બાથમા લઇ પો-

તાના સખાના અંગ સગથી લોકાન્તર આનંદને પામ્યા.

(રાગ ધનાશ્રી.)

દેખત શ્યામ હસે,
સુદામાજીકું દેખત શ્યામ હસે. (ટેક)
ફાટીસી ધોતી તુટી પનૈયા,
ચલત પાઉં ઘસે, સુદામાજીકું૦ ૧
હાથમેં લકડી મસ્તક કંપે,
લાળ ઝરે મુખસે, સુદામાજીકું૦ ૨
ભાભીને કછુ ભેટ પઠાઈ,
ચાવલ ચાર પશે, સુદામાજીકુ૦ ૩
સૂરદાસ કહે પ્રભુકી કૃપાસેં,
કંચન મહેલ બસે, સુદામાજીકું૦ ૪

તે એવી રીતે મળ્યા કે,

(સાક)

અડવાણે પાયે કૃષ્ણજી ધાયે મળવાને ઘનશ્યામ
નિરખી સુદામાને દારીદ્ર કાપ્યું ભેટયા શ્રી ભગવાન.
ગોવરધનધારી લીલા તારી સબસેં ન્યારી શ્યામ (અડ.)
ભાવથી ભેટયા મંદીર તેડયા દીન પોતાને મુકામ.
કર હેમની ઝારી માધવે ધારી ચર્ણ પખાળે શ્યામ (અડ.)

શ્રી સુદામાજીની આવી દુર્બલ સ્થિતિ જોતાં શ્રી

કૃષ્ણ મનમા વિચાર કરે છે, અને આખમાથી દડદડ આંસુ પડે છે ને કહે કે અરે મારા બાળમિત્ર પરમસ્નેહીની આ દશા! મેં તેમની આજ દિવસ સુધી ખબર નહીં લીધી તેનું શુ કારણ હશે? એવુ સ્મરણ શ્રી કૃષ્ણને સ્ફુરી આવતા અશ્રુની ધારા પોતાના આખા અગ ઉપર ચાલી આવતા શ્રી કૃષ્ણ કહે છે, હે સુદામાજી હુ ગૃહસ્થાઇના ધર્મમા કેવો ગુંથાઈ ગયો કે તેમા માહારો મિત્રો તરફની શુ શું ફરજો છે તે સઘળી સુખ અને આનંદમા હું ભુલી ગયો અને તેથીજ તમારી સુધ લીધી નહી માટે માફ કરશો. કેમકે કહ્યુ છે કે,

મિત્ર મિત્ર શુ પ્રીતી કરી હૃદય આન મુખ આન
તે નર પામર પાપમય નિરખો વિલોકત હાણ.

૨

જે ન મિત્ર દુઃખે દુખીયારો બળ્યો તેનો સદા જનમારો
મિત્ર દુંખીએ દુખીઓ હોય મિત્ર સુખીયે સુખીયો હોય
મિત્રની પીડા જે જન જોય એવા વીરલા જગતમાં કોય
મિત્રનું દુઃખ સમજે જે જન તેના માત પિતાને ધન્ય.

આમ કહી એકદમ પ્રેમથી આનંદ પૂર્વક બેઉ ભુજાઓથી સુદામાજીને બાથમાં લઈ પોતાના સખાનાં

અંગ સગથી સઘળા લોકાન્તર આનંદને પામ્યા અને હર્ષથી શ્રી સુદામાજીની આસના વાસના કરી પલંગ ઉપર બેસાર્યા અને પછી પટરાણીઓ પાસે સ્નાન કરવાના સુગંધી સાહિત્યો મંગાવી હેમના સિંહાસને શ્રી હસ્તે શ્રી સુદામાજીને બેસાડી સુગંધી તેલથી પ્રભુ મર્દન કરી રહ્યા છે, ને ઉષ્ણ જલથી શ્રી લક્ષ્મીજી આદિ પટરાણીઓ સ્નાન કરાવે છે. પ્રભુએ સુદામાજીના ચર્ણ ધોઇ ચરણોદક લીધુ ને અંગ લુછી સુંદર પીતામ્બર પહેરાવી કનકની પાવડી ચરણ આગળ ધરાવી સુખસજ્યા ઉપર બેસાડ્યા. અને રાજભોગનો સમય થતા કનકના થાળમા બન્ને મિત્રોએ ભાવતાં પકવાનોના ભોજન કરી આચમન લીધુ. પછી શ્રી કૃષ્ણ પરમાત્માએ સુગંધી પાનની બીડી આપી સંતોષ્યા. ને શ્રી કૃષ્ણે શ્રી સુદામાજીને હેમના પર્યંક ઉપર બેસાડી લક્ષ્મીજી વાયુ ઢોળે છે ને શ્રી કૃષ્ણ પરમાત્મા ચરણ ચંપી કરે છે જેથી બીજી પટરાણીઓને શ્રી કૃષ્ણ પરમાત્માનો હુકમ (આજ્ઞા) થયેલ કે મારા મિત્રના મનને કાંઇપણ ઓછું ન આવે આમ કહેવાથી ચમર ઢોળી રહ્યાં છે. આ જોઈ અંતઃપુરની સ્રીઓ તથા દાસીઓ વગેરે મન સાથે

આશ્ચર્ય પામવા લાગી કે અરે આ દરિદ્રી અને ભિક્ષુક બ્રાહ્મણનું એવું તે કયું તપ હશે કે ત્રૈલોકના નાથ પલંગ પરથી ઉઠી એનો એટલો બધો સત્કાર કરવા મંડી ગયા છે. થોડી વારે સ્વસ્થ ચિત્તે બેઠા પછી શ્રી સુદામાજી પ્રત્યે શ્રીકૃષ્ણ પુછે છે કે, કહો મિત્ર કુશળ છોના ? શ્રી ગુરૂને દક્ષિણા આપી તેમનો આશિર્વાદ લીધા પછી તમોએ યોગ્ય સ્ત્રી સાથે વિવાહ કર્યો કે કેમ ? ઇત્યાદિ ખબર મિત્ર સુદામાજીને શ્રી કૃષ્ણ પ્રેમથી પૂછતા હવા. અને વળી શ્રી સુદામાજીની અનન્ય ભક્તિથી શ્રી કૃષ્ણ બહુજ આનંદથી તેમની સેવા કરતા (પગચંપી) કરતાં પુછે છે, કહો મિત્ર, મેં તમારી આવી દુ:ખદ સ્થિતિમાં કાંઈ ભાગ ન લીધો તેને માટે મારૂં હૃદય ફરી ફરીને બહુજ ખેદને પામે છે. માટે મારી તમારા માટે રહેલી બેદરકારી માટે માફી માગુ છું. કહો આપનું ચિત્ત ગ્રહસ્થાશ્રમ સંબંધમા વિરક્ત જણાય છે એમ મારા જાણવામા છે. કેમકે તમો ધનમાં અને સમૃદ્ધિમાં, મદોનમસ્તપણુ ભોગવવું એ વધારે પ્રસન્ન કરતા નથી. તેમજ મિત્ર સુદામાજી ! આપણા ગુરૂ કૂળની સ્થિતિ આપના સ્મરણમાં છે કે કેમ, કારણ કે ગુરૂ

કુળ તેમજ ગુરૂ કૃપાથી દ્વિજ લોકો સંસારનો પાર પામે છે. વળી શ્રી સદ્‌ગુરૂ પાસે આપણે હતા ત્યારે આપણા બન્નેને ગુરૂપત્નીએ લાકડા લાવવા માટે આજ્ઞા કરી હતી એ વિષય તમને સ્મરણમા તો હશે. શ્રી સુદામાજી કહે છે કે કેમ નહીં? જે સમયે જે પ્રભુ ઇચ્છાથી જે અધિકાર મળ્યો હોય તે પ્રમાણે ચાલવું વરતવુ જોઇએ. જેમકે,

॥ आर्या ॥

प्राप्त छलान्नाधिकारान् शत्रुषु मित्रेषु बंधु वर्गेषु ।
नापकृतं नोपकृतं नसत्कृतं किंकृतंतेन ॥

માટે હે પ્રભૂ શ્રી કૃષ્ણ અધિકાર મળ્યા છતાં જે કાંઇ પોતાથી બનતું નીડરપણાથી જે નથી કરતો તેનો જન્મ નિરર્થક છે. જેમ કે (अधिकारंच गर्वंच એ વાકયને અનુસારે છે માટે મનુષ્યે જન્મ ધરીને જીદગીમા કૈં પણ કરી લેવુ જોઇએ.

प्रथमे नारजीता विद्या, द्वितोए नारजीतं धनं;
तृतीये नारजीतं कीर्ति, चतुर्थे किंकरीष्यति.

આ પ્રમાણે શ્રી સુદામાજીએ કહ્યું ત્યારે શ્રી કૃષ્ણ કહે છે કે, કહો મિત્ર આપની શું ઇચ્છા છે? જે માગો

તે આપું. ત્યારે હસીને શ્રી સુદામાજી કહે છે કે,

હે પ્રભુ નાશવત પદાર્થ તેમા મુને લુબ્ધાયમાન નહી કરો. ઈશ્વરની માયાથી રચાયેલી વિષયવાસનાનો ત્યાગ કરનારા કેટલાક પુરૂષો કામનાઓથી મનમા પરાભવ ન પામતા માત્ર લોકમર્યાદાના રક્ષણ માટે કાર્યો કરેછે

શ્રી કૃષ્ણ કહે છે કે, ત્યારે હે મિત્ર એ વાત ખરી છે કે ઘણું કરીને તમારૂં ચિત્ત ગ્રહસ્થાશ્રમમાં નથી. તમારૂ ચિત્ત કામનાઓથી ઉપરત નથી. કોઇ વિદ્વાન કામથી અહત ચિત્ત (નિષ્કામાર્થે) તે કર્મોને કરે છે. જેમ હું લોકસગ્રહ માટે કરૂં છું તેમ તમે કરો છો. કહો મિત્ર આપને એ સમય પણ યાદ છે કે જ્યારે આપણે બે શ્રી ગુરૂપત્ની (ગોરાણી)ની આજ્ઞાથી વનમા શમિધ લેવા ગયા હતા ત્યા ભયકર વરસાદ, ભયંકર વાવાઝેડું અને કઠોર કરા પડયા હતા, શ્રી સૂર્યનારાયણ અસ્ત થયા હતા, દશે દીશા અંધકારમય છવાઈ રઈ હતી, સર્વ સ્થલ જળમય થઈ જવાથી જળ અને સ્થળ જણાતા ન હતા તે વખતે આપણે વર્ષાદ, પવન અને ટાઢથી અત્યંત કાંપતા પરસ્પર હાથ પકડીને દીશાના જ્ઞાન રહીત વનમાં ભટકતા હતા. એ જાણીને પ્રભાતે સૂર્યોદય થતાં

કૃપાળુ શાંદિપનિમુની ગુરૂ આપણને શોધતા શોધતા વનમાં પધાર્યા, અને બોલ્યા કે હે પુત્રો ! પ્રાણી-માત્રને આત્મા પ્રિયતમ છે, પરંતુ તમે મારી સેવામાં તેની પણ રક્ષા ન કરી, એજ સારા શિષ્યોએ ગુરૂઋ-ણથી મુક્ત થવા માટે કરવું યોગ્ય છે. તમારી આ સેવાથી હું અત્યંત પ્રસન્ન છું. તમારા મનોરથ સ-ફળ થાઓ. તમોને સર્વ વેદ સાંગોપાંગ પ્રાપ્ત થાઓ. અને તેનું તમોને સદૈવ સ્મરણ રહો. આ રીતે ગુરૂના પૂર્ણ અનુગ્રહથી પુરૂષ પ્રશાંતિ માટે પાત્ર બને છે.

શ્રી કૃષ્ણ કહે છે, મિત્ર સુદામા તમો જાણો છો કે જેનાથી જન્મ પમાય, તે પિતા જગતમાં પહેલો ગુરૂ છે. દ્વિજ વર્ણને ઉપનયન સંસ્કાર આપી. વેદ ભણાવે તે બીજો ગુરૂ છે. આશ્રમવાળાઓને બ્રહ્મવિદ્યા ભણાવે તે ત્રીજો ગુરૂ છે. આ ત્રણમાં પહેલો પૂજ્ય, બીજો વિશેષ પૂજ્ય અને ત્રીજો તો ભગવદ્રૂપ છે. હે મહારાજ ! આ જન્મમાં વર્ણાશ્રમ ધર્મ પાળ-નારા છે, તે જ્ઞાનદાતા ગુરૂના ઉપદેશથી શ્રમવિના સંસાર સાગરને તરી જાય છે, તેને કુશળ જાણવા.

(આ વગેરે સુદામાચરિત્રની કથા શ્રીભાગવતના દશ-મસ્કંધના અધ્યાય ૮૦-૮૧ મા છે, ત્યાં જોવી.)

સર્વાત્મા ભગવાન્ ગુરુની સેવાથી જેવા સંતુષ્ટ થાય છે, તેવા યજ્ઞ, બ્રહ્મચર્ય, કે સંન્યાસધર્મથી પ્રસન્ન થતા નથી. ઇત્યાદિ ગુરુકુલવાસનો મહિમા કહી, પછી કહ્યુ કે, હે બ્રાહ્મણોત્તમ! તમે મારે માટે શી ભેટ લાવ્યા છો? ભકતજન પ્રેમથી થોડું લાવ્યા હોય તોપણ હું તેને ઘણું કરી માનું છું અને અભકતો ઘણું લાવે છે, તોપણ હું તેથાં પ્રસન્ન થતો નથી. શાંત બુદ્ધિવાળો પુરૂષ ભકિતપૂર્વક મને પત્ર, ફૂલ, ફળ કે જળ જે આપે તે ભકિતથી અર્પણ કરેલું હોવાથી હું સ્વીકારૂંછું.

સુદામાને ચણાની વાત યાદ આવંતા, શરમાઇને નીચું જોયું, અને પોતાની પાસે પૌવા હતા છતાં આપ્યા નહિ. ભગવાન્ તો એના આગમનનું કારણ જાણતાજ હતા. તેથી સમજ્યા કે આ મારો મિત્ર લક્ષ્મીની ઇચ્છાથી મને ભજતો નહતો. હમણાં પણ પોતાની પતિવ્રતા સ્ત્રીને રાજી કરવા માટે, તેના કહેવાથી મારી પાસે આવ્યો છે. માટે દેવતાઓને પણ દુર્લભ એવી સંપત્તિ મારે તેને આપવી. એમ ધારી સુદામાનાં પગહેઠલ પોટલી હતી, તે ખેચીને "આ શું છે?" એમ કહી, તેની ચિંદરડીઓ છોડી પૌવા

લાધા અને "હું આખા વિશ્વનો આત્મા તેને આ પૌવા તૃપ્ત કરો" એમ કહી ખાધા. અને બીજી ભરવા જતા હતા, એટલામાં લક્ષ્મીજીએ હાથ પકડી-ને અટકાવ્યા. અને તે પૌવા બધી પટરા-ણીઓએ માગીને વહેંચી ખાધા. આથી, સુદામાને ખબર ન પડતા, મિત્ર ધર્માનુસાર ભગવાને તે જ્યાં રહેતો હતો, તે ઝુંપડીને ઠેકાણે મોટું દિવ્ય નગર વસાવ્યું. જે વાત યાદ આપતા પંડિત શ્રી ગટુલા-લજીએ કહ્યું છે કેઃ—

તે છે દીનદયાળુ, નગરો જેણે રચી સુદામાની;
શ્રીકૃષ્ણ મૂર્તિ ભજરે, તજરે સંસાર તું સદા માની.

શ્રીબ્રહ્મવૈવર્ત પુરાણના શ્રી કૃષ્ણના જન્મખંડના અધ્યાય ૧૭૩ મા વર્ણવે છે કે,

सद्यो जहार दारिद्र्यं सुदाम्नो ब्राह्मणस्य च ।
समागतस्य स्वगृहाद् द्वारकां शरणार्थिनः ॥

પોતાને ઘેરથી આવેલા શરણાગત સુદામા બ્રા-હ્મણનું દરિદ્ર તરત દૂર કર્યું. અને કહ્યું જે, શ્રી સુ-દામાને હવે વૈભવનો પાર રહ્યો નથી માટે તમારા મિત્રની પ્રસાદી હમને પણ જોઇએ.

એ તંદુલની મહત્તા વિશે ભગવદ્ ભકતો ગાય છે

કે, શબરીકે બોર, સુદામાકે તાન્દુળ, રૂચી રૂચી પ્રેમસે ખાયો; નાથકેસે ગજકો બંધ છોડાયો.

બાદ રાત્રીના શ્રી કૃષ્ણ અને શ્રી સુદામાજીએ ભેગા વિધ વિધ જાતનાં ભોજન લૈ સુગંધી જલ અને પાનબીડી લૈ સુખ શજ્યા ઉપર બેશી બન્ને મિત્રાએ મિત્ર મેળાપથી આનંદ થાય છે તેનો અનુભવ લીધો. ને તે વાત પણ સત્ય છે કે મિત્ર સાથે જે વાત થાય છે તે અન્ય સાથે થતી પણ નથી. જેને માટે એક સ્થળે કહ્યું છે કે જેમ પંચ પ્રકારની અગ્નિ વગર દેવતાથી બાળે છે તેમાં મિત્રના વિયોગની ભાવના પણ ગણી છે.

मूर्खस्य पुत्रो विधवाच कन्या
मित्र प्रदेशे ग्रह दुष्ट भार्याः
वृद्धश्च काळे दरीद्रताच
पंच प्रकाराग्नि दहन्ती काचः

માટે મિત્ર મેળાપમા શું આનદ છે તે આનંદ શ્રી કૃષ્ણ અને સુદામાજી લેવા લાગ્યા. તેમ કરતાં છેવટે શ્રીકૃષ્ણ સુદામાની પગચપી કરી બાદ બન્ને પોઢયા. પ્રભાત થાતા દંતધાવન આદિ કરી ઉષ્ણ જલથી સુગધી તેલથી મરદન કરી સુદામાજીને

સ્નાન કરાવ્યું. જ્યારે સુદામાજીએ ઘર ભણી જવા પ્રણામ કરી શીખ માગી. ત્યારે શ્રી કૃષ્ણ પરમાત્માએ કહ્યું જે સુખેથી પધારો. જો કે શ્રી કૃષ્ણે તેમની અસખ્યાત આગતા સ્વાગતા કરી પરન્તુ પ્રત્યક્ષ દ્રવ્ય આપ્યું નહી. સત્વ ગુણ પ્રધાન સુદામાજીએ પણ ધનની યાચના કર્યા સિવાય મિત્રની રજા લે પોતાના પુર ભણી રવાના થવા ચાલવા માંડયું. શ્રી કૃષ્ણ પણ તેમને દરવાજા બાહેર ગામની શીમ સુધી વળાવી અરસપરસ નમન કરી છુટા પડયા. રસ્તે ચાલતાં સુદામાજી વિચાર કરે છે કે વાહ! પ્રભુજી તારી પ્રભુતાઇ કે હું જે નિર્ધન રંક ભીક્ષુક બ્રાહ્મણ તેનુ આવું સન્માન કર્યું. હું તદ્દન ગરીબડો દુબળો હાડકાનો મોટલો સુદામા કહાં અને ત્રૈલોકના નાથ કમળાપતિ કહા તોપણ પોતે ઈશ્વરે માહારો હાથ પકડયો. *હું દુબળ મિત્ર મેલો ઘેલો છતાં હાથ

* ટીપણ સુધરેલા લોકો ગરીબ મિત્ર સાથે વાત કરતા શરમાય છે, તો પછી હાથ શાહી પીખડી પકડી મદદ કરતા કાં ન શરમાય? પણ શ્રી કૃષ્ણે તેમ ન કર્યું.

પકડતા શરમાયો નહી. વાહ! મિત્ર તમારી મિત્રતાની મહત્તા વિશે હું શું વર્ણન કરૂં! વળી શ્રી કમલાજીને યોગ્ય જે પલંગ તેમા મુને બેસાડયો. વળી હુ બહુ દૂરથી આવેલોછું અને થાકી ગયો હેશ એવી માહરી સ્થિતિ જાણું, શ્રી લક્ષ્મીજીએ પોતાના કોમળ હસ્તથી મને પંખો કર્યો અને શ્રી કૃષ્ણે પોતે માહારા પગ ચાપી અનન્ય સેવા બજાવી; કે જે ભગવાનના ચરણુની પૂજા કરવાથી ભકતો મૃત્યુલોકમાં નવીન પ્રકારના લક્ષ્મીસહિત સુખ ભોગવે છે અને શરીર છુટયા પછી કૈવલ્ય (મોક્ષ) પદની પ્રાપ્તિને પામે છે. વળી તે દયાળુ પ્રભુએ મને કઇપણ દ્રવ્ય ન આપ્યું, તેનુ કારણ એજ હશે કે,–' દ્રવ્ય મળયા પછી મહારી ભકિત ભૂલી જશે, તેમજ બ્રાહ્મણ હોવાથી મદોન્મત્ત પણ બની જાય, માટે કઇપણ ન આપવું.' પણ હશે, જે તેમના વિચારમા આવ્યું હોય તે ખરૂં. એમ વિચાર કરતા પોતાની નગરી સમીપ આવ્યા અને નગરીમાં પ્રવેશ કર્યા પછી, ગૃહની નજદીકમાં જતા સૂર્યની કાંતિ સરખાં દેદિપ્યમાન ઝળહળાટ કરતાં વિમાનો, તથા વિવિધ તરેહનાં વૃક્ષોથી અને પુષ્પોથી શોભતા બગીચાઓ

અને મહેલની સુંદર રચના જોઈ ભાન ભૂલાઈ ગયું અને વિસ્મય પામી પાછા હઠયા. એ વિષે એક ભાષાના કવિએ કહ્યું છે કે,—

(પદ ધનાશ્રી.)

મંદિર દેખ ડરે સુદામા,
મંદિર દેખ ડરે. (ટેક)
આગેથી મેરી ઘાસ છાપરિયાં,
કંચન મહેલ વસે. સુદામા૦ ૧
ઘરકે આગે તુલસીકા કયારા
સુંદર વૃક્ષ ખરે. સુદામા૦ ૨
તુટી પુટી દ્વારપે કુરિયા.
સોવરન કુંડ ભરે. સુદામા૦ ૩
હરિહર પત્ની નિરખ ભુલાયો,
ભગવત ચોંજ્ય કરે. સુદામા૦ ૪

એવી રીતે સુંદર ઘર તથા વિવિધ વૈભવવાળાં લોકો જોવામાં આવ્યાં ત્યારે વિચાર્યું કે, આ સ્થાનકો કોનાં હશે ? એમ તેને વિસ્મયતા થવા લાગી.

પછી સુદામાજીને દેખી, પુરનાં લોકો તેને માન આપવા માટે વિવિધ પ્રકારની ભેટ સાથે લઈ ત્યાં આવ્યાં. તે પુરૂષો તથા સ્ત્રીઓની કાંતિ સ્વર્ગના સુશોભિત દેવતા સરખી દેખાતી હતી. આવી ધામધૂમ

મચી રહી છે, તેટલામા સુદામાજીની સ્ત્રી પોતાના પતિ ઘેર આવવાની ખબર સાંભળી, અતિ હર્ષથી શૃંગાર સજી વિવિધ વસ્ત્રો ધારણ કરી પતિની સામે આવી, અને પતિના દર્શનનો લાભ મળતા આનંદનાં અશ્રુ તેની આખમા આવી ગયા; જેથી આખો મીચી જઈ મન અને બુદ્ધિથી પતિને આલિંગન કીધું. સુદામાજી તે સમયે પોતાની સ્ત્રીને સાહેલી સહિત જોઈ અને આટલી બધી સમૃદ્ધિ પ્રાપ્ત થઈ, એવું જોતા બહુજ અચંબો પામ્યા. પછી પોતે અતિ પ્રસન્ન થઈ સ્ત્રીસાથે ગૃહમા પ્રવેશ કર્યો. ત્યારે મણી રત્નો વગેરેના સ્થભો તથા દેવતાઓના જેવી ગૃહમા સમૃદ્ધિ જોવાથી તેને વિચાર થયો કે, આ બધું શી રીતે પ્રાપ્ત થયું ? પરંતુ પછી મનમા નિશ્ચય કર્યો કે, આ સર્વ શ્રીકૃષ્ણ ભગવાનનોજ પ્રતાપ છે. એમની એટલી બધી કૃપાનો પાત્ર હું કયા યોગે બન્યો હઈશ ? ખરે, તેમના પ્રસંગથી આ અગણિત દ્રવ્યનો હું અધિકારી થયો. એમ વિચારતો કહેવા લાગ્યો કે, હે પ્રભુ ! હું મૂઢ અજ્ઞાનતાવડે તમારી શક્તિને નાહ સમજી શકયો.

હે ભક્તવત્સલ ! દીનદયાળ ! કૃપાના સાગર !

મ્હારા અપરાધ ક્ષમા કરશો. હું શું વિનવુ ? શ્રી શેષ પોતાનાં સહસ્ર મુખેથી પણ આપનું ગુણગાન સંપૂર્ણ વર્ણવવા શક્તિમાન નથી, તો પછી મહારૂં પામરનું શું ગજુ ? હે પ્રભુ ! મહારા હજારો અપરાધ ક્ષમા કરો અને ભવોભવ આપના ચરણકમલમાં અનુરક્ત રહું એવી મને બુદ્ધિ આપો અને તમારો કરી માનો.

પતિવ્રતા પ્રતાપ.

શ્રીસુદામાને જે વૈભવ પ્રાપ્ત થયો, તે માટે તેને તો બીલકુલ ઇચ્છા ન હતી. પરંતુ તેમનાં જે ધર્મપત્ની હતાં, તે પતિવ્રતા હતાં. તેમણે અત્યંત દરિદ્ર અવસ્થામાં દીન ગાળવા છતા, પોતાનો જે પતિ પ્રત્યેનો ધર્મ તે જરા પણ છોડયો ન હતો. આવી પતિવ્રતાને તેના પાતિવ્રત્ય ધર્મના પ્રભાવથી મનોરથ કરતાં પણ અધિક વૈભવ પરિણામે પ્રાપ્ત થાય છે. આવુ પાતિવ્રત્ય ધર્મનું જે શિક્ષણ તથા વર્તન પૂર્વે આ દેશમાં હતું અને હાલ પણ દુઃખમા સુખ માની કેટલાંક કુટુંબો પોતાનો જેમ તેમ નિભાવ કરે છે, તે પણ એજ પાતિવ્રત્ય ધર્મના અંશનો પ્રતાપ છે. જેનામાં ધર્મનો અંશ હોય, તેનામાં ધૃતિ—ધારણા

શક્તિ હોય છે, તે શક્તિથી તે ગમે તેવા સંકટમાં પણ પોતાનું શિયલ સાચવી શકે છે. શ્રીમદ્ ભાગવતના સુદામાચરિત્રના બે અધ્યાયનું તાત્પર્યદર્શક, જે પરમાત્માનું નામ શ્રીમદ્વલ્લભાચાર્યજીએ "શ્રી પુરૂષોત્તમ સહસ્ર" નામમા ગોઠવ્યું છે તે શ્લોકાર્ધ નીચે પ્રમાણે શ્રીસુદામાજીની રંકભાર્યાને માટે, સ્વર્ગમાંથી ઇંદ્રનો વૈભવ ભૂતળપર લાવનાર

સુદામારંકભાર્યાર્થભૂમ્યાનીતેંદ્રવૈભવઃ ॥

એવા પરમાત્મા છે. માટે આ શ્રીસુદામાજીને આ લોકમાં અદ્વિતીય સુખ પ્રાપ્ત થવામા કારણ તેમના ધર્મપત્નીનો પાતિવ્રત્ય ધર્મ એજ મુખ્ય કારણ છે.

પ્રેમલક્ષણાભક્તિ.

સ્ત્રીપુરૂષમાં જે દાંપત્યધર્મ છે, તે પ્રેમનું શિક્ષણ લેવા માટેજ છે. એથી નવધા સાધન ભક્તિ સિદ્ધ થઇ, દશમી પ્રેમલક્ષણા ફલિભુત થાય છે. અને તે પ્રેમલક્ષણા ભક્તિ બીજા દૈવત વિષયક હોય, તે કરતા પરમાત્મા શ્રીકૃષ્ણપ્રતિ હોય તેજ સર્વોત્તમ છે. અન્યદેવની ભક્તિ જન્માંતરોથી મુકિતદાતા થાય છે અને પરમાત્માની પ્રેમલક્ષણા ભક્તિથી આ એક જન્મમાંજ મુક્તિ મેળવી શકાય છે. માટે એવા સહજ મુક્ત ભગવદ્ભક્તોએ ગાયું છે કે,

(૫૬).

प्रीततो श्री नंदनंदनसों कीजे ।
संपत बिपत पडे प्रतिपाले, कृपा करे तो जोजे प्रित.॥१॥
परम उदार चतुर चिन्तामणी, सेवा समरन माने ।
हस्तकमलकी छाया राखे, अंतरगतकी जाने प्रित ॥२॥
वेदपुराण श्रीभागवत गायो, भयो भक्त मनभायो ।
परमानंद इन्द्रसो वैभव, विप्र सुदामा पायो प्रित. ॥३॥

શ્રીસુદામાજીના જીવન વિશેથી એ સમજ લેવાની છે કે, સુદામાજી જેવા ગરીબ અને અતિ દરિદ્રી મનુષ્યને પણ શ્રી કૃષ્ણ પરમાત્મા પરની અપૂર્વ સખા ભક્તિના યોગે રિદ્ધીસિદ્ધી મળી અને તેને અતે શ્રી પરમપદને પામ્યા તે પ્રમાણે આ અસાર સંસારમા પરમાત્મા પ્રભુની પ્રીતિ ભક્તિને જે સાર મેળવશે તે અંતે કૈવલ્ય પદને પામશે, અને સર્વ પ્રકારના કર્મના બંધનમાથી છુટી જશે. માટે ભક્તિ ને કેવો પ્રભાવ અપૂર્વ છે. તે આ સુદામા ચરિત્રથી સીધ થાય છે.

इतिश्री सुदामा चरित्र समाप्त.



શ્રી કૃષ્ણ સુદામાજી.

॥ શ્રી હરિઃ ॥

જન જુઓ પ્રતિમા વિષે મિત્ર અનુરાગી,
ગુરૂ એક તણે રહી ઘેર બન્યા બડ ભાગી. ૧
શ્રીકૃષ્ણ દ્વારિકાં રાજ્ય બન્યુ બળવાળુ,
નજદીક સુદામા વસે ગામ એક સારૂં. ૨
નહીં યાચક એ વિદ્વાન જ્ઞાન ગુણ ધારી,
દારીદ્રપણે સ્ત્રિબાળ સહિત દુઃખ ભારી. ૩
પ્રભુ આપ મિંત્ર મહારાજ વનિતા વણી,
આક્રુંદ બાળ વિણ અને ચક્ષુએ પાણી. ૪
અણગમ્યું માગવું આપ ગયો પ્રેરાયો,
મળતાજ મિત્રનો નેહ અતિ ઉભરાયો. ૫
વણ માગ્યે કીધો ન્યાલ સંપત્તિ ઝાઝી,
સુખ પામી રહ્યાં નરનાર વિપત્તિ ભાંજી. ૬
છે વાત જગ્ત વિખ્યાત વર્ણવી થોડી,
આ પ્રિય દર્શનને મલે નહીં જોડી. ૭

આવા પરમ ભગવદી શ્રીસુદામાજીને શ્રીકૃષ્ણ ભગવાન તરફથી અણીમાદી અષ્ટમા સિદ્ધ નવનીધિ પ્રાપ્ત થયા છતા પણ તેમને ત્રણવત માની ધર્મને ધનરૂપ માની શ્રીહરિ હરમા ભેદ ન રાખતાં નૈષ્ઠિક બુદ્ધિથી વૃધાવસ્થા પ્રાપ્ત થયા છતા પણ શિતકાલમા મહર્ષિઓના વૃંદમા મળી મહા માસમા મહા શિવ-રાત્રીના મહોત્સવ માટે પ્રતિ વર્ષ હિમાલય ઉપર શ્રીકેદારનાથના કલ્યાણકારી દર્શને જતાં ને ત્યાં અનન્ય ભાવથી શીવાપતિનુ સેવન કરતા કારણ કે તેમનામાં દ્વૈતપણુ સ્વપને પણ ન હતું. વળી પોતે સમજતાં હતાં કે શ્રીભગવાને પણ દક્ષ યજ્ઞમાં દક્ષને ઉપદેશી* કહ્યુ હતું માટે તેનુ મનન પણ મહા-મંત્ર રૂપે સુદામાજી સદૈવ કરતાં હતાં.

*माधवो माधवाविशौ सर्व सिद्धि विधायिनौ ॥
वंदे परस्परात्मानौ परस्पर नुति प्रियौ ॥

તેથીજ તેમનુ મહાત્મ્ય શ્રીકેદારેશ્વર મહાત્મ્યની સાથે શ્રીસ્કંદ પુરાણમાં પ્રહલ્લાદોક્ત સંહિતામાં નીચે પ્રમાણે વર્ણવ્યું છે.

॥ श्री हरिः ॥

अथ

श्री सुदाम्माहात्म्यं ॥

शौनक उवाच

सूत सूत महाभाग वद नो वदतां वर ॥
कथयस्व प्रसादेन अश्मावत्याश्च यत्फलम् ॥ १ ॥

શૌનક પુછેછે કે, હે સૂત ! હે સૂત ! હે મહાભાગ્યશાળી ! હે વક્તાઓમા ઉત્તમ ! અશ્માવતી નામની નદીમાં ન્હાવાનું જે ફલ હોય, તે કૃપા કરીને મને કહો ॥ ૧ ॥

केदारकुंडस्य तथा माहात्म्यं वद विस्तरात् ॥
श्रोतुमिच्छामि केदारं पवित्रं परमेश्वम् ॥ २ ॥

તેમજ તમે મને વિસ્તારથી કેદારકુંડનુ માહાત્મ્ય કહો; કારણ કે હું પવિત્ર એવા કેદારભગવાનના ગુણાનુવાદ સાભળવાની ઈચ્છા રાખુંછું ॥ ૨ ॥

शृणु शौनक वक्ष्यामि तव संतोषकारणात् ॥
केदारकुण्डस्योत्पत्तिमश्मावत्यास्तथैव च ॥ ३ ॥

સૂત બોલ્યાઃ-હે શૌનક ! હું તમારા સંતોષને માટે તમને કેદારકુંડની ઉત્પત્તિ તેમજ અશ્માવતી નદીની ઉત્પત્તિ કહી બતાવીશ ॥ ૩ ॥

शृणु तीर्थफलं पुण्यं सर्वाभीष्टफलप्रदम् ॥
अश्मावत्यां नरः स्नात्वा सर्वपापैः प्रमुच्यते ॥ ४ ॥

સર્વ વાંચ્છિત ફલ આપનારૂં તીર્થનું પવિત્ર ફલ સાંભળોઃ- મનુષ્ય અશ્માવતી નદીમાં નહાવાથી સર્વ પાપમાંથી છૂટે છે ॥ ૪ ॥

अश्मावत्यां नरो नित्यं प्रातःस्नानं करोति यः ॥
ब्रह्महत्यादिभिः पापैर्मुच्यते नात्र संशयः ॥ ५ ॥

જે મનુષ્ય હમેશા અશ્માવતી નદીમા સવારે સ્નાન કરે છે, તે મનુષ્ય બ્રહ્મહત્યા વગેરે મહાપાપો-માથી મુકત થાય છે, તેમાં સંદેહ નથી.

अश्मावत्यां महानद्यां संगतायां च सिंधुना ॥
कार्तिके मासि ये स्नाता नरा नार्यश्चतुर्भुजाः ॥ ६ ॥

સમુદ્ર સાથે સમાગમ કરતી અશ્માવતી નામની નદીમાં જે સ્ત્રી પુરૂષો કારતક મહિનામાં સ્નાન કરે છે, તેઓ ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરનારા થાય છે ॥ ૬ ॥

यो नरः कुरुते स्नानमश्मावत्यब्धिसंगमे ॥

माघमासे विशेषेण मुक्तिस्तस्य करे स्थिता ॥ ७ ॥

જે મનુષ્ય અશ્માવતી અને મહાસાગરના સંગમ આગળ માઘ માસમા વિશેષે કરીને સ્નાન કરે છે, તેના હાથમાં મુક્તિ રહેલી છે ॥ ૭ ॥

वैशाखे च विशेषेण चाषाढे स्नानमाचरेत् ॥
चतुर्वर्गफलावाप्तिः स नरो मुक्तिभाग्भवेत् ॥ ८ ॥

વૈશાખ મહિનામાં અથવા આષાઢ મહિનામાં જે મનુષ્ય વિશેષે સ્નાન કરે છે, તેને ધર્મ અર્થ, કામ અને મોક્ષ એ સર્વે મળે છે; તથા નિર્વાણપદ ભોગવે છે ॥ ૮ ॥

पूर्णिमायाममायां च पितृयज्ञं करोति यः ॥
तृप्ता वरं प्रयच्छन्ति पितृणां चाक्षया गतिः ॥ ९ ॥

જે મનુષ્ય પૂનમે અને અમાવાસ્યાએ તે નદીના તીર ઉપર પિતૃયજ્ઞ (શ્રાદ્ધ) કરે છે, તેના પિતૃઓ તૃપ્ત થઇને તેને વરદાન આપે છે; અને પિતૃઓની ગતિ અક્ષય લોકમાં થાય છે ॥ ૯ ॥

एकादश्यां विशेषेण चाश्मावत्यब्धिसंगमे ॥
स्नात्वा विष्णुं समभ्यर्च्य न भूयः स्तनपो भवेत् ॥१०॥

જે મનુષ્ય એકાદશીને દિવસે અશ્માવતી અને સાગરના સંગમ આગળ વિશેષે કરીને વિષ્ણુનું પૂજન કરે છે, તે ફરીને સ્તનપાન કરનારો થતો નથી; અર્થાત્ ફરીને તેને જન્મ રહેતો નથી ॥ ૧૦ ॥

भृगुवंशे समुत्पन्नः सोमशर्मेति विश्रुतः ॥
कृष्णात्रिकं यस्य गोत्रं त्रीण्यथो प्रवराणि च ॥११॥

સોમશર્મા નામનો એક બ્રાહ્મણ હતો, તે ભૃગુવંશમાં જન્મ્યો હતો. તેનું ગોત્ર કૃષ્ણાત્રિ હતું ને ત્રણ પ્રવર હતા ॥ ૧૧ ॥

अश्मावत्यास्तटे रम्ये तपस्तेपे सुनिश्चलम् ॥
यजुर्वेदी सदाचारी हरिभक्तिपरायणः ॥ १२ ॥

તે બ્રાહ્મણ યજુર્વેદી સદાચારવાળો અને શ્રીહરિની ભક્તિમાં તત્પર રહેતો હતો. તેણે અશ્માવતી નદીના રમણીય તીર ઉપર તપશ્ચર્યા કરવા માંડી ॥૧૨॥

तस्य पुत्रो महानासीत्सुदामा इति विश्रुतः ॥
स्वाचारनिपुणः शुद्धो विष्णुसेवनतत्परः ॥ १३ ॥

તેને સુદામ નામથી પ્રખ્યાત એક ઉત્તમ પુત્ર હતો, તે પોતાના બ્રાહ્મણના આચારમાં કુશલ, શુદ્ધ અંતઃકરણનો અને વિષ્ણુની સેવામાં પરાયણ હતો ॥૧૩॥

प्रतिवर्षं जगामासौ केदारं पार्वतीपतिम् ॥
माघे वै कृष्णपक्षे तु चतुर्दश्यां द्विजोत्तमः ॥ १४ ॥
अर्हणार्थं जगामासौ द्विजसंघैः समावृतः ॥
तुहिनाचलभूमिस्थे कुण्डे स्नात्वा विशेषतः ॥ १५ ॥

આ ઉત્તમ બ્રાહ્મણ પ્રત્યેક વર્ષે પાર્વતીના પતિ શ્રી કેદારનાથની પૂજા કરવા માટે બ્રાહ્મણોના સંઘની સાથે માહ મહિનાના કૃષ્ણ પક્ષમા ચતુર્દશી ઉપર, હીમાચલ ઉપર આવેલા કેદારનાથના ક્ષેત્રમા જતો હતો. ત્યાં આગળ આવેલા કેદાર કુંડમા આગ્રહપુર્વક સ્નાન કરીને-॥ ૧૪ ॥ ૧૫ ॥

कैलासशिखरासीनमुमाकान्तमपूजयेत् ॥
पंचामृतेन संस्नाप्य विधिवत्समपूजयत् ॥ १६ ॥

કૈલાસ શિખર ઉપર બિરાજેલા શ્રી પાર્વતીના પતિ શંકરને પંચામૃતવડે સ્નાન કરાવીને શાસ્ત્રમાં કહ્યાપ્રમાણે તેનું પુજન કર્યું ॥ ૧૬ ॥

रात्रौ जागरणं कृत्वा प्रातः पूजां समाचरेत् ॥
व्रतं समाप्य तत्रैव दण्डवत्पतितो भुवि ॥ १७ ॥

રાત્રે જાગરણ કર્યું અને બીજે દહાડે પ્રભાતમાં

પુજન કર્યું. આ પ્રમાણે સુદામાએ શંકરનું પૂજન કરીને ત્યાંજ વ્રત સંપૂર્ણ કર્યું, અને પૃથ્વી ઉપર પડીને શંકરને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા ॥ ૧૭ ॥

ततः प्रसन्नो भगवान् शंकरो लोकशंकरः ॥
वरं वृणुष्व विप्रेंद्र यस्ते मनसि वर्तते ॥ १८ ॥

તે ઉપર ભગવાન્ શંકર જે જગતનું કલ્યાણ કરનારા છે, તે પ્રસન્ન થયા અને બોલ્યા કે,—હે ઉત્તમ બ્રાહ્મણ! તારા મનમાં જે ઈચ્છા હોય તેનું વરદાન માગી લે ॥ ૧૮ ॥

हरवाक्यमिदं श्रुत्वा सुदामा प्रीतमानसः ॥
अथावनतो प्रभूत्वा इदं वचनमब्रवीत् ॥ १९ ॥

શ્રી કેદારનાથનું વચન સાભળીને સુદામાજી મનમા પ્રસન્ન થયા અને તેણે નમ્રતાપૂર્વક આ પ્રમાણે વિનયભરેલાં વચનો કહ્યાં ॥ ૧૯ ॥

सुदामा उवाच ।

यदि तुष्टोऽसि भगवन् यदि देयं वरं मम ॥
आगच्छ मत्पुरे नाथ कृपां कुरु ममोपरि ॥ २० ॥

સુદામા બોલ્યા:—હે ભગવાન્ શંકર! જો તમે મારા ઉપર પ્રસન્ન થયા હો અને જો તમારે મને

વરદાન આપવું હોય તો હે નાથ ! મારા ઉપર કૃપા કરીને તમે મારા નગરમાં પધારો ॥ ૨૦ ॥

उमया गजयुक्तेन कुमारस्वामिना सह ॥
नंदिभृंगिसमायुक्तः प्रमथादिगणैः सह ॥ २१ ॥

હે મહારાજ ! તમે પાર્વતી, હાથી, કાર્તિકેસ્વામી, નંદી, ભૃંગી અને પ્રમથ આદિક ગણોની સાથે મારા નગરમાં પધારો ॥ ૨૧ ॥

सर्वतीर्थवरं कुण्डं केदारं कल्मषापहम् ॥
मत्पुरीं नवमः स्वामिन् सर्वपापापनुत्तये ॥ २२ ॥

વળી હે મહારાજ ! તમે સર્વે તીર્થોમાં ઉત્તમ અને પાપનો નાશ કરનાર કેદાર નામનો કુંડ, સર્વ પાપોનો સંહાર કરવા માટે મારા નગરમાં લાવો॥૨૨॥

द्विजवाक्यमिदं श्रुत्वा सगणः सपरिग्रहः ॥
उच्चाचाल द्रुतं शंभुः सुदाम्ना पालितां पुरीम् ॥२३॥

બ્રાહ્મણનું આ વાક્ય સાંભળીને શંકર પોતાના ગણો અને પરિવારોની સાથે, ત્યાંથી તરત સુદામાએ રક્ષા કરાતી સુદામાપુરી પ્રત્યે ચાલ્યા ॥ ૨૩ ॥

उदधेः कूलमासाद्य अश्मावत्यास्तटे शुभे ॥
सुदामानं पुरस्कृत्य आजगाम शिवापतिः ॥ २४ ॥

સમુદ્રના તીર પાંસે આવી અશ્માવતીના ઉત્તમ કિનારા ઉપર, શંકર સુદામાને આગળ કરીને પધાર્યા ॥ ૨૪ ॥

शंभुं समागतं श्रुत्वा जना हर्षसमन्विताः ॥
दीपोपहारैर्बलिभिर्भूतराजाय मीढुषे ॥ २५ ॥

શંકરને આવ્યા સાભળીને મનુષ્યો હર્ષમા આવી ગયાં અને તેઓએ ભનપતિ સદાશિવની, દીપપુજાની સામગ્રીઓથી તથા બલીદાનોથી પુજા કરી ॥ ૨૫ ॥

नैवेद्यैर्विविधै रम्यैः श्रीफलाक्षतचन्दनैः ॥
वस्त्रैराभरणैः पुष्पैर्गन्धधूपैश्च दीपकैः ॥ २६ ॥
सकर्पूरैश्च ताम्बूलैर्नानाभक्ष्यसमन्वितैः ॥
गीतनादविनोदैश्च तोषयामास वै मृडम् ॥ २७ ॥

સુદામાએ ભાતભાતના મનોહર નૈવેદ્યોથી, શ્રીફલથી, અક્ષતથી, ચદનથી, વસ્ત્રોથી, આભરણોથી, પુષ્પોથી, ધૂપોથી, દીપમાલાથી, ગીતથી અને વાદિત્રોથી શ્રીશકરને પ્રસન્ન કર્યા ॥ ૨૬ ॥ ૨૭ ॥

पंचरात्रमुषित्वा तु जगाम गिरिशो गिरिम् ॥
कुंडं केदारकं कृत्वा स्थापयित्वा महेश्वरम् ॥ २८ ॥

શ્રી કેદાર ભગવાન્ શ્રી સુદામાપુરીમાં પાંચ રાત રહ્યા અને ત્યા આગળ કેદાર ભગવાન્‌ની મૂર્તિને અને કેદારકુંડને સ્થાપન કરીને પાછા હિમાચલ પ્રત્યે ગયા ॥ ૨૮ ॥

नगरात्पूर्वदिग्भागे केदाराख्यो महेश्वरः ॥
तन्नाम्ना कुण्डमेकं च दर्शनात्पापनाशनम् ॥ २९ ॥

નગરની પૂર્વ દિશા તરફ કેદાર નામના શંકર બિરાજેછે અને ત્યા આગળ કેદાર નામનો એક કુંડ પણ છે; જેના દર્શન કરવાથી પાપનો નાશ થાયછે॥ ૨૯ ॥

ईश्वर उवाच ।

ये नराः कुर्वते स्नानं कुण्डे केदारसंज्ञके ॥
सर्वपापैर्विनिर्मुक्ता विष्णुलोकं व्रजन्ति ते ॥ ३० ॥

જે મનુષ્યો કેદાર નામના કુંડમાં સ્નાન કરે છે, તેઓ સર્વ પાપોથી મુકત થઈને વિષ્ણુલોકમાં જાય છે ॥ ૩૦ ॥

यः पुमान् कुरुते भक्त्या पितृश्राद्धं च तर्पणम् ॥
कुंडे केदारमध्ये च गयाश्राद्धफलं लभेत् ॥ ३१ ॥

જે પુરૂષ ભકિતવડે કુંડ ઉપર પિતૃનું શ્રાદ્ધ અને

તર્પણ કરે છે, તે પુરૂષ ગયાના શ્રાદ્ધનું ફલ મેળવે છે ॥ ૩૧ ॥

नित्यस्नानो नरो भक्त्या कुंडे केदारसंज्ञके ॥
सर्वतीर्थेन यत्पुण्यं सर्वयज्ञे प्रतिष्ठितम् ॥ ३२ ॥

જે મનુષ્ય ભકિતપૂર્વક કેદાર નામના કુડમા નિત્ય સ્નાન કરે છે, તેને સર્વ તીર્થમા સ્નાન કર્યાનુ પુણ્ય મળે છે, અને સર્વ યજ્ઞમા જે ફલ છે તે ફલ પણ તે મેળવે છે ॥ ૩૨ ॥

सर्वधर्मेषु यत्पुण्यं पुराणे परिकीर्तितम् ॥
तत्सर्वं स्नानमात्रेण केदारो प्राप्यते भुवि ॥ ३३ ॥

સર્વ ધર્માચરણ કરવાથી જે પુણ્ય થવાનુ પુરાણમાં કહ્યું છે, તે સર્વ પુણ્ય, કેદારકુડમા એક વાર સ્નાન કર્યાથી પૃથ્વીમા મનુષ્યને મળે છે. ॥ ૩૩ ॥

अष्टम्यां च चतुर्दश्यामेकादश्यां विशेषतः ॥
रविवारे च संक्रान्तौ व्यतीपाते च वैधृतौ ॥ ३४ ॥
केदारे चाश्मवत्यां च नरा नार्यस्तथैव च ॥
स्नात्वा यत्फलमायान्ति न तत्क्रतुशतैरपि ॥ ३५ ॥

જે સ્ત્રીઓ તથા પુરૂષો આઠમને દિવસે, ચૌદસને દિવસે, એકાદશીને દિવસે રવિવારે સંક્રાંતિમાં,

વ્યતિપાતમાં તથા વૈધૃતમા કેદારકુંડમાં અને અ-શ્માવતી નદીમાં સ્નાન કરીને ફલ પામે છે, તે ફલ સો યજ્ઞો કરવાથી પણ મળતું નથી ॥ ૩૪ ॥ ૩૫ ॥

अपुत्रेण दरिद्रेण व्याधिग्रस्तकलेवरैः ॥
स्नातव्यं सर्वदा भक्त्या पूजाराधानतत्परैः ॥ ३६ ॥

જેને પુત્ર ન હોય, જે દરિદ્ર હોય અને જેનુ શરીર રોગથી ઘેરાઈ ગયું હોય તેવા પુરૂષોએ હમેશાં આ કુંડમા સ્નાન કરવુ, અને શ્રી કેદારનાથની પૂજામાં અને આરાધનામા તત્પર રહેવું. ॥ ૩૬ ॥

ईप्सितं फलमाप्नोति स्नानाराधनतो नरः ॥
गोदानं भूमिदानं च ह्यश्वदानं तथैव च ॥ ३७ ॥
सुवर्ण राजतं ताम्रं दत्वा स्वर्गे महीयते ॥
केदारकुंडमध्ये तु यो ददाति च मोदकान् ॥ ३८ ॥

કેદાર કુંડમાં સ્નાન કરવાથી અને કેદારનાથ ભગવાનના પૂજનથી પુરૂષ ઈચ્છિત ફલ પામે છે; વળી કેદારકુંડ પાસે સોનું, રૂપું અને ત્રાંબું દાનમાં દેનાર મનુષ્ય સ્વર્ગમાં પૂજાય છે. અને જે પૂરૂષ કેદારકું-ડમાં લાડુઓનું દાન આપે છે, ॥ ૩૭ ॥ ૩૮ ॥

अश्मावत्यां विशेषेण दानं दत्वा तु यो नरः ॥
अन्नं वस्त्रं सुवर्णं च तस्य पुण्यमनंतकम् ॥ ३९ ॥

વળી અશ્માવતી નદીના તીર ઉપર જે મનુષ્ય અન્ન વસ્ત્ર અને સુવર્ણ દાનમા આપે છે, તથા વિશેષે કરીને દાન કરે છે, તેને અનંત પુણ્ય થાય છે ॥ ૩૯ ॥

अश्वमेधसहस्राणि तिलधेनुशतानि च ॥
मेरुभारसहस्रेण दत्वा यत्फलमाप्यते ॥ ४० ॥
तत्फलादधिकं प्रोक्तं केदारस्य तु पूजने ॥
कोटिजन्मकृतं पापं पलायेत्तस्य दर्शनात् ॥ ४१ ॥

આ જગત્‌મા હજારો અશ્વમેધ યજ્ઞો કરવામાં આવે, સેંકડો તલધેનુનુ* દાન કરવામા આવે, મેરૂ પર્વતના ભારોભાર હજારો સુવર્ણોના દાનો આપવામા આવે અને એ સર્વેનું જે ફલ મળે છે, તે સર્વ ફલના કરતાં પણ કેદારનાથની પૂજા કરવાથી અધિક ફળ મળે છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે. વળી શ્રીકેદારનાથનાં દર્શન કરવાથી કરોડો જન્મોમા કરેલાં પાપો નાશ પામે છે ॥ ૪૦ ॥ ૪૧ ॥

*તલધેનું કેમ થાય છે તેનો વિધિ "દાનચંદ્રિકા" માં જોવો.

सुदामपुरसौभाग्यं केदाराख्यो महेश्वरः ॥
तस्य दर्शनमात्रेण चेप्सितं प्राप्यते ध्रुवम् ॥ ४२ ॥

શ્રી સુદામાનગરીમાં શ્રી કેદારેશ્વર નામના શંકર જે છે તે એ નગરીનું સૌભાગ્ય છે. તેનાં દર્શન કરવાથી મનુષ્ય અવશ્ય ઇચ્છિત મનોરથોને પામે છે. ॥ ४२ ॥

लवणोदधिवेलायां सुदाम्नः पुरपूर्वतः ॥
अश्मावत्यास्तटस्थं तं केदारं योऽर्चयेन्नरः ॥ ४३ ॥

સુદામાપુરીની પૂર્વ દિશામાં સમુદ્રના તટપર અશ્માવતી નદી આવેલી છે. તેના તીર ઉપર બિરાજમાન થયેલા એવા શ્રી કેદારનાથની મુખ્ય જે પૂજા કરે છે, ॥ ४३ ॥

षण्मासात्प्राप्यते सिद्धिर्नात्र कार्या विचारणा ॥
तस्मात्सर्वप्रयत्नेन पूजनीयो महेश्वरः ॥ ४४ ॥

તે મનુષ્યને છ મહિનામાં ઇચ્છિત સિદ્ધિ મળે છે, તેમાં કાંઈ સંદેહ નથી; માટે સર્વ પ્રયત્નોથી શ્રી કેદારનાથની પૂજા કરવી. ॥ ४४ ॥

सुदामा उवाच ।

हरौ विष्णौ विभेदं यः करोत्यज्ञानतः पुमान् ॥
स याति नरकं घोरं तस्माद्भेदं न कारयेत् ॥ ४५ ॥

જે પુરૂષ અજ્ઞાનતાને લીધે શ્રીહરિમા અને શં-
કરમા ભેદ માને છે, તે મનુષ્ય ભયંકર નરકમા જાય
છે, માટે શિવ વિષ્ણુમા ભેદ સમજવો નહીં ॥ ૪૫ ॥

इति श्रीस्कंदपुराणे प्रह्लादोक्तसंहितायां सुदामपुरमाहा-
त्म्ये केदारकुंडमाहात्म्यं अश्मावतीमहिमा च समाप्तः ॥

॥ इति शिवम् ॥

॥ श्री हरिः ॥



प्रेमलक्षणा.

रोमाञ्चेनचमत्कृतातनुरियं भक्त्यामनो नन्दिमम्
प्रेमाश्रू णिविभूषयन्तिवदनं कण्ठं गिरोगद्गद्गाः ॥
नास्माकंक्षणमात्रमप्यवसरः कृष्णार्चनंकुर्वताम्
मुक्ति श्चात्र चतुर्विधापि किमियंदास्याय लोलायते ॥१॥

श्री हरिःशरणं.

શ્રીનાથજી સર્વેનુ સારૂં કરે છે. શ્રીનાથજી.
દર્શન આપી, પાપને કાપી, સંકષ્ટ સરવે હરે છે.
શ્રીનાથજી સર્વેનુ સારૂં કરે છે.

श्री गणेश स्तवनम्

गजाननं भूतगणादि सेवितम्
कपित्थ जम्बु फलचारु भक्षणम्
उमासुतं शोक विनाश कारकं
नमामि विघ्नेश्वर पाद पंकजम्

કેવલ મોક્ષના દાતા કળીના જીવનો ઉદ્ધાર કરનારા શ્રીમદ્ ભાગવત રૂપી અમૃત રસનું પાન કરનારા

અને સમગ્ર વૈષ્ણવ જનને શ્રીમદ્ ભાગવતરૂપી અમૃત રસનું પાન કરવાનો માર્ગ દેખાડનારા તેમજ સત્સંગ અને વૈષ્ણવ જનની મહત્તાને વધારનારા, વળી પ્રસાદનો મહીમા વધારવા યુધિષ્ઠિરના યજ્ઞ દ્વારમા શુક રૂપે પધારી ફેંકી દીધેલા એઠા પત્રાવલામાંથી માત્ર પ્રસાદી રૂપે ચંચુમાં માત્ર કણિકા લઈ આખા ત્રૈલોકમાં પ્રસાદનુ માહાત્મ્ય વધારનારા અને ઘણા .ઘણા યજ્ઞો અનેક વિધિએ પરીપૂર્ણ થાય ત્યારે સ્વર્ગમાં માત્ર ૬ ક વખત ઘંટ વાગે તેને સ્થળે આપનાં ચંચુમાં માત્ર એક કણિકા આપે આરોગી તેના પ્રતાપથી એટલે પૂન્યથી સ્વર્ગમાં ઘણોજ સમય ઘંટનાદ થઇ રહ્યો છે, તેના કારણરૂપ શ્રી શુકદેવજીને હું પ્રેમથી પ્રણામ કરૂંછું.

વળી આખા ત્રીભુવનમાં જેનો સુયશ છવાઈ રહ્યો છે, એવા અને રાજા પરીક્ષીતને મોક્ષ દેવાને માટે જેમણે શ્રીમદ્‌ભાગવતની સપ્તાહનો આદર કરેલો છે, ને તેજ સમયે સ્વર્ગ લોકમાંથી બ્રહ્મા આદિ દેવો અમૃતનો કૂપ (ઘડો) લઈ જેમણે સભામાં આવી નમન કરી કહ્યું છે કે હે પ્રભો ! આ અમૃ-

તનો કૂપ અમો સ્વર્ગમાંથી લાવ્યા છીયે તે પીને અમૃતના પ્રભાવથી ભલે રાજા પરીક્ષીત અમર થાય. અને તેના બદલામા અમોને શ્રીમદ્ ભાગવતરૂપી અમૃત આપો તે પીઇને અમે આનદ માનીશું. તે સાંભળી જેઓએ દેવોની હાસી કરી છે કે, શ્રીમદ્ ભાગવદ કયાં અને કાચરૂપી અમૃત કયા ? ખરેખર દેવોને સારાસારની અર્થાત્ તુલના કરવાની ખબર નથી. એમ કહી હસી રહ્યા છે, એવા શ્રી શુકદેવજીને હુ નમસ્કાર કરૂછું.

વળી અજ એવા બ્રહ્માએ પણ. સર્વ સાધનો કરતા શ્રીમદ્ ભાગવતની કથાનુ પ્રમાણુ વધારે કહ્યું છે. અને તેથી સર્વે રૂષિગણો આશ્ચર્ય પામી એવા નિશ્ચય ઉપર આવ્યા કે, પૃથ્વીમાં શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર શ્રી કૃષ્ણ ભગવાનનું સ્વરૂપ છે. વળી એકાગ્ર ચિત્તથી સાત દીવસ સુધી સાભળવાથીજ અને પ્રેમ સહીત મનન કરવાથી અવશ્ય મુક્તિ આપે છે. આ શ્રીમદ્ભાગવત પૂર્વે દયાળુ એવા સનકાદિકોએ નારદ મુનીને કહ્યું હતું. ને દેવરૂષી નારદજીએ શ્રીમદ્-ભાગવત જો કે બ્રહ્માજી પાસેથી પ્રથમજ સાંભળ્યું

હતું તોપણ શ્રીમદ્ભાગવતની સપતાહ સાભળવાનો વિધિ અને તેની ફલશ્રુતી શ્રીસનકાદિક કુમારો પાસેથી સાંભળી હતી પરમ ગુપ્ત છાનામાં છાનું એવું એ જ્ઞાન દેવામાં છે. પ્રેમ જેનો એવા આદિ નારાયણ તથા બ્રહ્મા તેમજ શનત કુમારો તથા નારદ અને ભગવાન વેદવ્યાસ અને રાજા પરીક્ષીતને મોક્ષ દેવામાં છે. પરિપૂર્ણ કુશળતા જેની એવા શ્રી શુકદેવજીએ, સરવેને હું વારંવાર આનદથી સાષ્ટાંગ દડવત્ પ્રણામ કરી મેં કરેલા અસંખ્યાદિ પાપની ખુલ્લા દીલથી માફી માગી હજારોવાર નમસ્કાર કરીને કહુ છુ કે-હે પ્રભુ આ અલ્પ બુદ્ધિના જીવે ૧૮૦૦૦ દિવસ સુધીનો સગાં સહોદર, સ્ત્રી પુત્ર, વધૂ, કુટંબ કબીલો, ઇસ્ટ મિત્રો તેમજ તમામ સ્નેહીના સહવાસમાં આવી બહુ બહુ અનુભવ લીધો. તેમજ અમાત્ય વર્ગો અગર તેથી ઉંચા દરજજા ધરાવનાર રાજા મહારાજા રાણી જાયા વીગેરે બહુ જોયા ને તેમનો સહવાસ બહુ બહુ કર્યો પણ માત્ર સ્વાર્થમાંજ શૂરા ને પોતાની કીર્તિ ગવરાવવામાં પુરા જોવાથી હે અનાથના નાથ, દીનના નાથ, દીન દયાલુ, દીન બન્ધુ, ભક્ત વત્સલ, માહાબલવત, અશરણશરણ, પ્રાણપતી,

પ્રાણુાધાર આ જગતમાં તમારા શિવાય કોઇનું શરણુ સાચું નથી. એમ અનુભવ કરી હે પ્રભુ! જેમ સાધુ પ્રેમદાસે નારદજી દ્વારાએ શ્રી વૈકુંઠવાસી પ્રભુને પૂછાવ્યું હતું કે મારો ઉદ્ધાર કયારે થશે. અને પ્રભુએ નારદજીને કહ્યું હતું કે, પ્રેમદાસનું જ્યાં આસન છે અને તેના માથે આંબલીનું વૃક્ષ છે તેનાં જેટલાં પાંદડા છે તેટલા બધા જન્મો થશે ત્યારપછી તે મારા મોક્ષ ધામમા આવશે. આ સમાચાર નારદજીએ પ્રેમદાસને આપ્યા છે; ને જેનો આનંદ ઉછળી રહ્યો છે કે વાહ પ્રભુ આપની દયાનો પાર નથી કે જેમણે મારી ઉપર કૃપા કરી ખુલ્લી વાત કરી મને અનંત સુખ કયારે મળશે તે ખુલાસો બતાવ્યો તેને માટે પ્રેમથી પ્રણામ કરૂંછુ. આમ કહી નારદજી ઉભા છે ત્યાંજ જેમણે પોતાની વીણા લઇ પ્રેમ ભાવથી પ્રભુના જશ ગાયા છે. ને જયા ખરો પ્રેમ જામી રહ્યો છે, ને આંખમાં આનદના અશ્રુ પ્રેમદાસને ચાલ્યા જાય છે, ને કહેતો જાય છે, કે વાહ! મારા નાથ વાહ! એમ કહી પદ ગાય છે. ત્યાં વૈકુઠમાંથી પ્રભુ તુરત પધાર્યા. નારદ કહે માહારાજ આ શું! આંબલીના પાનની સંખ્યા પ્રમાણેના જન્મો એટલી વારમાં ખ-

લાસ થયા. (પુરા થયા) કે શું ? આ તે તમારૂં વચન કે આતે શું ? હવેથી મારા બોલવાનો વિશ્વાસ કોણ રાખશે. પ્રભુ કહે કે હુ ભકતને વશ છું. પ્રેમદાસે ઉત્કૃષ્ટ ભાવથી ભજન કરતાં તેના પ્રેમ ભજનમાં બધાં જન્મોનાં પાપ બળી ભસ્મ થયાં. માટે મારે તેને લેવાને અહીં આવવું પડયું તેમાં હે નારદ મેં ખોટું શું કર્યું ? આમ કહી દીન એવો જે પ્રેમદાસ તેને પોતાનો જે લોક ત્યાં લઈ ગયા. એવા દીનના પાલક પ્રભુનું શરણુ સાચું છે. એમ ધારી હે પ્રભુ તમારી ભક્તિ કરી પાર ઉતરવું એજ આશ્રય ખરો છે. બાકી દુનિયામાં કોઇ આશ્રયદાતા છેજ નહીં. માટે હે પ્રભુ! મેં નિશ્ચય કર્યો, કે મેં મથી મથીને બહુ જનોનો સમાગમ કર્યો પણ કયાંય કોઇ વાતનો સાર દીઠો નહીં માટે છેવટ

હે પ્રભુ હું

તમારો તમારો તમારો તમારો
કદી કોઇ કાલે તમારો થનારો;
કદી લાજથી દાઝથી કે કૃપાથી,
પ્રભુ એક કાલે અમારાજ સાથી.

આમ માની આપનો આશ્રય લઈ મારી તમામ ઇચ્છાઓ આપને અર્પણ કરૂંછું.

अथ

चतुःश्लोकिभागवतं ॥

श्री हरिःशरणं ।

આ ચતુઃ શ્લોકિ ભાગવતનો પાઠ કરવાથી નિત્ય પ્રત્યે શ્રીમદ્‌ભાગવતના ૧૮૦૦૦) શ્લોકનો પાઠ કરવાની ફ્લશ્રુતી મળે છે (આદિ નારાયણ ક્ષીરશાગરવાશી ભગવાને પોતાનુ છાનામાં છાનુ જે જ્ઞાન તે બ્રહ્માને ચતુઃ શ્લોકમા કહ્યુ હતુ અને તેજ ચતુઃ શ્લોકી બ્રહ્માજીએ નારદજીને કહ્યુ હતુ.ને તેમણે ભગવાન વેદ વ્યાસજીને કહ્યું જેમણે પોતાની અગાધ શક્તિથી તેનુ ૧૮૦૦૦) શ્લોકમાં વર્ણન કરી શ્રી ભગવાનનાં યશ ગાઈ પોતાના મનનેજ શાન્તિમાં મુકયું હતું અને તેજ ભાગવતની સપ્તાહ શ્રવણથી જ્ઞાન અને વૈરાગ્યને આનદ થયો હતો તેજ મૂળ ચતુઃ શ્લોકી ભાગવત.

श्रीगणेशायनमः ॥ श्री भगवानुवाच ॥ ज्ञानंपरमगुह्यंमे यद्विज्ञानसमन्वितम् ॥ सरहस्यंतदंगंचगृहाणगदितंमया ॥ १ ॥ यावानहंयथाभावो यद्रूपगुणकर्मकः॥

तथैवतत्त्वविज्ञानमस्तुतेमदनुग्रहात् ॥ २ ॥ अहमेवासमेवाग्रे नान्यद्यत्सदसत्परं ॥ पश्चादहंयदेतच्च योऽवशिष्येतसोऽस्म्यहम् ॥ ३ ॥ ऋतेर्थंयत्प्रतीयेत नप्रतीयेतचात्मनि ॥ तद्विद्यादात्मनोमायांयथाभासोयथातमः॥४॥ यथामहांतिभूतानि भूतेषूच्चावचेष्वनु ॥ प्रविष्टान्यप्रविष्टानि तथातेषुन तेष्वहम् ॥ ५ ॥ एतावदेव जिज्ञास्यं तत्त्वजिज्ञासुना ऽऽत्मनः ॥ अन्वयव्यतिरेकाभ्यां यः स्यात्सर्वत्रसर्वदा ॥ ६ ॥ एतन्मतंसमातिष्ठ परमेणसमाधिना ॥ भवान्कल्पविकल्पेषु न विमुह्यतिकर्हिचित् ॥७॥

इति श्रीमद्भागवते महापुराणेऽष्टादशसाहस्र्यांसंहितायांवैयासिक्यांद्वितीयस्कंधेभगवद्ब्रह्मसंवादे चतुःश्लोकीभागवतं समाप्तम् ॥ श्रीकृष्णार्पणमस्तु ॥ श्रीरस्तु ॥

इति चतुःश्लोकीभागवतं समाप्तम्

अथ सप्तश्लोकिगीताप्रारंभः ॥

श्रीगणेशायनमः

श्रीगणेशायनमः ॥ ओमित्येकाक्षरंब्रह्म व्याहरन् मामनुस्मरन् ॥ यःप्रयातित्यजन्देहं सयातिपरमांगति ॥ १ ॥ स्थानेहृषीकेशतवप्रकीर्त्या जगत्प्रहृष्यत्यनुरज्यतेच ॥ रक्षांसिभीतानिदिशो द्रवंति सर्वे नमस्यंतिचसिद्धसंघाः ॥ २ ॥ सर्वतः पाणिपादंतत्सर्वतो ऽक्षिशिरोमुखं ॥ सर्वतःश्रुतिमल्लोके सर्वमावृत्यतिष्ठति ॥ ३ ॥ कविंपुराणमनुशासितारमणोरणीयांसमनुस्मरेद्यः ॥ सर्वस्यधातारमचिंत्यरूपमादित्यवर्णं तमसः परस्तात् ॥ ४ ॥ ऊर्ध्व मूलमधः शाखमश्वत्थं प्राहुरव्ययम् ॥ छंदांसियस्य पर्णानि यस्तंवेदसवेदवित् ॥ ५ ॥ सर्वस्यचाहंहृदिसंनिविष्टोमत्तः स्मृतिर्ज्ञानमपोहनंच ॥ वेदैश्चसर्वैरहमेववेद्योवेदांतकृद्वेदविदेव चाहम् ॥ ६ ॥ मन्मनाभवमद्भक्तो मद्याजीमांनमस्कुरु ॥ मामेवैष्यसियुक्त्वैवमात्मानं मत्परायणः ॥ ७ ॥ ॥ ॥ ॥ ॥

इति श्रीभगद्गीतासूपनिषत्सुब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे सप्तश्लोकी गीतासंपूर्णा ॥ श्रीकृष्णार्पणमस्तु ॥ ॥ ॥ ॥ ॥

ધન્ય જેણે હરિગુણ ગાયા શણુશારીયામાં

બાકી શહુ જાણજો ભવાયા શણુશારીયામાં

હાથી ઘોડા બેઠે શું થીયુ શું થયું મેલવી

માયા શણુશારીયામાં........ધન્ય૦

इति

चतुःश्लोकि भागवतं

सप्त श्लोकीगीता च

समाप्ता.

શ્રી હરિ

શિવ સ્તુતિ.

[લાવણી]

બરડેમે' બીરાજે શભુ જોગેશ્વર બંકા,
તેરા ભીલનાથ હે નામ દેશમેં ડંકા. (ટેક).
તેરી શોભાકો નહિ પાર, ફુલનકા હાર, ચંદન બહુ મ્હેકે,
બિલ પત્ર બિરાજે શિશ પીશ, (બરડેમે)
તોરે અગ લગીહે વિભુત, આસન મ્રગ છાલા,
લોચન હે લાલ ગુલાલ, રૂદ્રકી માળા. બરડેમેં. ૧.
શુભ ગલે નાગકો હાર, એસા શનગાર, શભકું છાજે;
અર્ધાગે ઉમિયા ગૌરી પાસ બિરાજે.
ભૂપ રાણા જામ સાહેબકા અખડ હે દીવા.
લગિ એસી રૂડી જોત, કરત સબ સેવા. બરડેમેં. ૨.
રૂદ્રિયું ચઢત હે અપાર, મહીમા ભારી,
તેરી સેવા કરત હે વિપ્ર, ભકિત ઉર ધારી.
વહે ત્રિવેણી ગગા નીર, નામ બિલ ગગા.
ત્યા ઘાટ બન્યા હદ બેશ, કરણુકા વંકા. બરડેમેં. ૩.

અભિપ્રાય.

॥ श्रीनवनीतप्रियो जयति ॥

॥ श्रीमन्मथ मोहनो विजयते ॥

॥ सदा श्रीकृष्णः सेव्य स्मर्तव्यश्च ॥

स्वति श्रीमत्कृष्ण द्वैपायन श्रीविष्णु स्वामिमतानुवर्ति श्रीमद्वल्लभाचार्य वंशावतंस वैष्णवाचार्य श्रीमद्गोस्वामिश्री जीवनाचार्य शर्मणां स्वकीयेषु हरि गुरु सेवा परायणांतःकरणेषु परम वैष्णश्री.

શેઠ મોતીચંદ કપૂરચંદ ગાંધીને આશીર્વાદ. અપરંચ સમાચાર ૪ છે જે, તમારો પત્ર તા. ૨૫-૧૧-૧૨ ની મીતીનો લખેલો આવ્યો તેમાં અમારા માટે ધર્મ સંવાદનું પુસ્તક પંડયા પ્રેમજી કહાનજી સાથે મોકલાવ્યાનું લખ્યું તે અમને પુસ્તક પોંચ્યું છે. ચોથી આવૃત્તિ છપાય તેમાં અમારી સન્મતિ છે.

તમે ધર્મના કામમાં શ્રદ્ધા રાખીને પ્રેમથી ભક્તિ કરો છો તે જોઇ અમો ઘણા પ્રસન્ન છીએ. કે હમેશાં ધર્મ સમંધી કામમાં પ્રવર્ત રહેવું ને શ્રીકૃષ્ણની ભક્તિ ચુકવી નહિ એ મનુષ્યનું કર્ત-વ્ય છે. સંવત્ ૧૯૬૯ ના કારતિક વદ ૫ શુકવાર મુ. ધોરાજી દા. લખમીશંકર ત્રિભોવનના ભગ-વદ્ સ્મરણ વાંચશો.

શ્રીહરિ

અમારાં આરંભેલાં કાર્યોમાં

સાહાભૂત થનારા સજ્જનોને

આશીર્વચન.

॥ श्री कृष्ण कुशलं करोति भवताम्. धाता प-जानां सुखं निर्विघ्नं [illegible] प्रतिदिनं. भानू मता-दयं लक्ष्मि ते धनधान्य किरती रतुलं दूर्गारिनाशं मुदा गंगाते. खलु पापहानि निलये लक्ष्मि सदा तुष्टतुः ॥

